MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । રવિવાર । તા. ૧૬-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૮ + ૨

3 જીએસટી કાઉન્સિલની આગામી બેઠક ૧૪ માર્ચે યોજાશેઃ ટેક્સ દરમાં રાહતની શક્યતા

5 શિકાગોમાં આજે લેબ્રોન-જિયાનીઝ વચ્ચે મેચ રમાશે, ૨૦૦ દેશમાં પ્રસારણ

6 લગ્ન પ્રસંગમાં વર-કન્યા સહિત ૧૦૧ લોકોએ દેહદાન અને વ્યસન મુક્તિના સંકલ્પ લીધા

8 રાજપીપળામાં બેન્કોની લાપરવાહીના કારણે હજારો ગ્રાહકોને તકલીફ : એટીએમ સહિત નાણાં ઉપાડવા કે જમા કરાવવા મુશ્કેલ

MARKET4U (OPC) PVT. LTD.ની તમામ જિલ્લા- શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જેજે ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD
ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં
CONNECTINDIANS
પ્લાન માટે
માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો
MARUTI ALTO




HONDA ACTIVA


BRANDED MIXER

ફ્રે ૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)
(શરતો લાગુ રહેશે)

9978406257

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે
★ ડાયરેક્ટરઃ જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ
★ સિલ્વર ડાયરેક્ટરઃ જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી
★ ગોલ્ડ ડાયરેક્ટરઃ જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પાછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.
★ પ્લેટિનમ ડાયરેક્ટરઃ જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે
CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in
MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત
MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

ભેસ્તાન સુંદર નગરમાં બંધ ફ્લેટમાં ૧૩ કિલો ચાંદીની લગડીઓની ચોરી

દિકરીના લગ્નમાં દહેજમાં આપવા ચાંદી ખરીદવામાં આવી હતી

સુરત

પાંડેસરા- ભેસ્તાન વિસ્તારમાં આવેલા સુંદર નગરના બંધ ફ્લેટને તસ્કરોએ નીશાન બનાવ્યો હતો. તસ્કરોએ ફ્લેટમાંથી ૧૩ કિલો ચાંદીની લગડીઓ અને બે કિલો ચાંદીના સિક્કાની ચોરી કરી હતી. આ અંગે મકાનમાલિકે જણાવ્યું હતું કે દીકરીના લગ્નમાં દહેજ આપવા માટે આ ચાંદી એકઠું કર્યું હતું. હાલ પોલીસે ચોરીની ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

પાંડેસરા ભેસ્તાન સુંદર નગર ફ્લેટ નંબર ઈ-૧૦૫માં રહેતા પ્રમોદસીંગ રામઆજ્ઞાસીંગ રાજપૂત (ઉ.વ. આ.૪૪) મૂળ ગામ ઈસરોલી, જિલ્લો દેવરીયા ઉત્તરપ્રદેશના મકાનમાં ગત તારીખ પેલી ફેબ્રુારીથી ૧૦ ફેબ્રુઆરી દરમિયાન અજાણ્યા તસ્કરોએ મકાનની લોખંડની ગ્રીલને મારેલું તાળું તથા દરવાજાને મારેલું તાળું નકુચા સાથે તોડી નાખી મકાનમાં પ્રવેશ કરી મકાનના કબાટના દરવાજા તથા લોકર તોડી સોના ચાંદીના દાગીના તથા ચાંદીની અલગ અલગ લગડીઓ વજન આશરે ૧૩ કિલો અને બે કિલો ચાંદીના સિક્કાની ચોરી કરી હતી.

ઈન્સ્યોરન્સના કામ સાથે સંકળાયેલા પ્રમોદસીંગએ જણાવ્યું હતું કે, તેઓ પેલી ફેબ્રુઆરીના રોજ પરિવાર સાથે વતન જવા નીકળ્યાં હતાં. વતનમાં ભત્રિજીના લગ્ન હતાં ૧૬મી ફેબ્રુઆરીએ ભત્રિજીના લગ્ન હતા જો કે, સુરતના ઘરે ચોરી થઈ હોવાની જાણ તેમને નવમી તારીખે થતાં તેઓ વતનથી સુરત દોડી આવ્યાં હતાં.બાદમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પ્રમોદસીંગના બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરોએ ગેસ કટરથી તિજોરી કાપી હોવાનું સામે આવી રહ્યું છે. તસ્કરો કોઈ જાણભેદુ હોય તે રીતે શાંતિથી ચોરી કરી હતી. એક સીસીટીવીમાં રિક્ષા અને બાઈક પર તસ્કરો આવતાં હોય તેવી આશંકા છે. જેઓએ રાત્રિના સમયે ચોરી કરી હતી. ચોરી કરીને ઘરનો સામાન પણ વેરવિખેર કરીને નાસી ગયાં હતાં.

પ્રમોદસીંગે જણાવ્યું હતું કે, આવતાં વર્ષે દીકરીના લગ્ન નિર્ધાર્યા છે. સમાજની પરંપરા પ્રમાણે દીકરીને દહેજ આપવા માટે ૧૩ કિલો ચાંદી દાગીના અને બે કિલોના ચાંદીના સિક્કા એકઠાં કર્યા હતાં. જેમ જેમ સગવડતા થતી જતી તે રીતે ચાંદી ખરીદતા હતાં. વર્ષ ૨૦૧૨થી તેઓ ચાંદી ખરીદતા હતા અને એક વર્ષની વાર હતી દીકરીના લગ્ન અગાઉ ત્યાં જ ચોરી થઈ એટલે દીકરીના લગ્ન પણ પોસ્ટપોન્ડ કરવા પડે તેવી સ્થિતી સર્જાઈ છે.

કતારગામ ઝોને વેડ રોડ ટુંકીમાં અનામત પ્લોટનો કબજો લીધો

સુરત

તા. ૧૩/૦૨/૨૦૨૦ નાં રોજ નોર્થ(કતારગામ) ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વેડરોડને લાગુ પ્રિલીમનરી ટી.પી.સ્કીમ નં. ૨૪(ટુંકી), ફા.પ્લોટ નં.૨૯ ખાતે અનામત પ્લોટનો પ્રત્યક્ષ કબ્બો મેળવવાની કામગીરી હાથ ધરાયેલ છે. જે અંતર્ગત ૫૯૮.૦૦ ચો.મી. જમીનમાંથી કાચા પાકા કોમર્શીયલ તથા રહેણાંક દબાણો દુર કરી રીઝર્વેશન પ્લોટનો કન્જો મેળવવામાં આવેલ છે.વધુમાં ગત તા.૧૧/૦૨/૨૦૨૦નાં વેડ રોડ ઉપર આવેલ ટી.પી.સ્કીમ નં. ૧૮(કતારગામ) ખાતે કેશવપાર્ક, મંગલગૃપ સોસાયટી વિગેરે સોસાયટીમાંથી પસાર થતાં ટી.પી. રસ્તા પરની આડશો દુર કરેલ જેથી સદર ટી.પી. રસ્તા પૂર્ણ રીતે ખુલ્લો થતાં ટ્રાફિકઅવર જવર ઉપરાંત ફાયર કે અન્ય દુર્ઘટના વખતે મશીનરી કે વાહનો સરળતાથી જઈ શકશે.



ઉધના ઝોન કચેરી પાસેની જીવન જ્યોત ખાડીમાં કચરાનો ઢગલો ખડકાય ગયો છે. મોટી માત્રામાં ખાડીમાં કચરો નાંખવામાં આવતા ખાડીમાં વહેતુ પાણી પણ અવરોધાય રહ્યું છે. કચરાથી ભરાય ગયેલી ખાડીની આ તસ્વીર છે.

કોસાડમાં કેટરર્સ પર ચપ્પુથી હુમલો કરાયો

સુરત

કોસાડ આવાસ ખાતે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી ત્રણ આરોપીઓએ કેટરિંગનો ધંધો કરતા એક વ્યક્તિ પર ચાકુ વડે હુમલો કરી ફરાર થઈ ગયા હોવાનો બનાવ અમરોલી પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલમાં અમરોલી કોસાડ આવાસ ખાતે રહેતાં આરીફ અકબર શેખ કેટરિંગનું કામ કરે છે. આરોપી આરીફ રાવ, આરીફ શેખ તથા રફીક રાવે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી ચાકુ જેવા હથિયાર વડે હુમલો કરી જમણા અને ડાબા હાથના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. અમરોલી પોલીસ મથકમાં ફરિયાદી અને ઈજાગ્રસ્ત આરીફ શેખે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

હોસ્પિટલમાં તરછોડી દેવાયેલી ૧૧ દિવસની બાળકીનું મરણ

બાળકીને તરછોડી દેનાર દંપતિ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

સુરત

૧૧ દિવસની બાળકીને નવી સિવિલ હોસ્પિટલના એનઆઈસીયુ વોર્ડમાં તરછોડી નાસી જનાર માતા-પિતા સામે ખટોદરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી. આ બાળકીનું સારવાર દરમિયાન મૃત્યું થયું હતું.

ખટોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ દમણ ભીમપુર ગામના દંપતિ રજનદેવી અને બ્રિજેશ યાદવે પોતાની ૧૧ દિવસની માસુમ બાળકીને નવી સિવિલ હોસ્પિટલના એનઆઈસીયુ વોર્ડમાં દાખલ કરી હતી. આરોપી દંપતિ આ માસુમ બાળકીને અરક્ષિત હાલતમાં છોડીને ભાગી ગયા હતા. સારવાર દરમિયાન બાળકીનું મૃત્યું થયું હતું.

ખટોદરા પોલીસે દંપતિ વિરૂદ્ધ ઈપીકો કલમ ૩૧૭, ૩૧૮, ૧૧૪ મુજબનો ગુનો દર્જ કર્યો હતો.

કતારગામમાં રી-સર્વેની કામગીરી સંદર્ભે વાંધા-સૂચનો રજૂ કરી દેવા

તા. ૧મી માર્ચ સુધી વાંધા નોંધાવી શકાશે

સુરત

સૂરતના નાયબ નિયામક જમીન દફ્તરશ્રી બી.વી.બિલવાલની યાદીમાં જણાવ્યાનુસાર ચોર્યાસી તાલુકાના કતારગામ વિસ્તારના જમીન મહેસુલ અધિનિયમ મુંજબ સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ નં.૧ સુરત માપણી શીટ નં.૨,૩,૪, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૮, ૨૨, ૨૩, ૨૪,૩૩, ૩૭, ૩૯, ૪૦, ૪૩, ૪૫ , ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૮૯, ૯૦, ૯૧, ૧૦૬, ૧૦૭, ૧૦૮નું રેકર્ડ તૈયાર કરીને તા.૧૬/૦૩/૨૦૨૦ના રોજ નિયમોનુંસાર તૈયાર કરીને પ્રમાણિત કરવામાં આવનાર છે. તૈયાર કરેલ રેકર્ડ પ્રમોલગેશન માટે તૈયાર કરવામાં આવ્યું હોય, સીટી સરવે સુપ્રિટેન્ડન્ટ જમીન નં.૧, સુરતની કચેરી, એ-બ્લોક, સાતમો માળ, બહુમાળી મકાન ,નાનપુરા કચેરી ખાતે ખુલ્લુ રાખવામાં આવેલ છે.

આ નવીન તૈયાર થયેલ પ્રમોલગેશનના થયેલ રેકર્ડ, પ્રોપર્ટી કાર્ડ, નકશા અને અન્ય રેકર્ડ સામે જો કોઈને વાંધો હોય તો તેમણે તા. ૧૬/૩/૨૦૨૦ સુધીમાં કચેરીમાં વાંધા- સૂચનો સાથે અથવા આ તારીખે કચેરીમાં રૂબરૂ વાંધા રજુ કરવા હાજર રહેવા જણાવાયું છે.

કિસાન ક્રેડિટકાર્ડ યોજના અંગે જિલ્લા કક્ષાની બેન્કર્સ બેઠક યોજાઈ

વલસાડ: કિસાન મિત્રોદ્વારા પાક માટે ખાનગી ક્ષેત્રથી ધિરાણ/કર લેવામાં આવે છે. જેનું વ્યાપજદર ઊંચું હોવાના કારણે તેઓને નફા કરતા વધારે નુકશાન થતું હોય છે. ખેડૂત મિત્રોને ખાનગી ક્ષેત્રેથી ધિરાણ ન લેવું પડે તથા સરકારી યોજનાઓ થકી સરળ રીતે ધિરાણ મળી રહે તે અર્થે ભારત સરકાર દ્વારા તમામ પીએમ-કિસાન લાભાર્થીઓ માટે રાહતવાળી સંસ્થાલકીય ધિરાણની સાર્વત્રિક પ્રવેશની સુવિધા માટે એક ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશના ભાગરૂપે વલસાડ જિલ્લામાં સુયોગ્ય આયોજન કરવા માટે જિલ્લા કક્ષાની બેન્ક ના અધિકારીઓ સાથે જિલ્લા કલેકટર સી.આર. ખરસાણની અધ્ય ક્ષતામાં બેઠક યોજવામાં આવી હતી.

બેન્કના અધિકારીઓ દ્વારા કેસીસી અંગે જાગૃતિ કેમ્પક તથા ખાસ ગ્રામસભા યોજવામાં આવનાર છે. આ કેમ્પા તથા ગ્રામસભામાં ખેડૂતોના તમામ પ્રશ્નોનું નિરાકરણ લાવવાનો પ્રયાસ હાથ ધરાશે. તથા સરળ અને ઝડપથી કેસીસીનો લાભ આપવામાં આવશે. આ માટે ખેડૂત, પશુપાલન અને મત્સોલદ્યોગના કિસાનોને આ યોજનાનો લાભ ઓછામાં ઓછા રૂપિયા ૧૦ હજારથી શરૂ કરી ૩ લાખ સુધી લઇ શકશે. તથા આ અંગે ખેડૂતોને ઉદભવતા પ્રશ્નોના નિરાકણ માટે બેન્કન મેનેજર તથા તમમા કર્મચારીઓને સેવાનિષ્ઠઆ બની તેઓની મદદ કરવા તથા ખંતથી કામ કરવા જિલ્લા કલેકટર સી.આર.ખરસાણ દ્વારા જણાવાયું છે.

આ બેઠકમાં લીડ બેન્કજ મેનેજર અમિત મિશ્રા, ડીડીએમ નાબાર્ડના ગૌરવ કુમાર, ડીઆરએમ બેન્કી ઓફ બરોડાના ડી.એન. ગાંધી, આરએમ બીજીજીબીના એલ.કે. સીપાની, એસબીઆઈના પ્રતિનિધિ અલ્કેશ શાહ તથા ખેતી વાડી નિયામક, અન્યડ અધિકારી કર્મચારીગણ તથા તમામ બેન્કીના પ્રતિનિધિ હાજર રહયા હતા.

મુંબઈના વેપારીઓ દ્વારા સુરતના વેપારી સાથે ૧૫.૬૬ લાખની ઠગાઈ

વેપારીઓએ સમય મર્યાદામાં પેમેન્ટ નહીં ચૂકવતા મામલો પોલીસમાં

સુરત

મુંબઈના ત્રણ વેપારી અને દલાલ સામે સુરતના કાપડ વેપારીએ રૂપિયા ૧૫.૬૬ લાખની ઠગાઈ કર્યાની ફરિયાદ સલાબતપુરા પોલીસ સ્ટેશને નોંધાઈ હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ યુનિવર્સલ ટેક્સટાઈલ્સ માર્કેટમાં દિવ્યા ઈમ્પેક્ષના નામથી કાપડનો વેપાર કરતાં વિજેન્દ્ર છીતરમણ અગ્રવાલે આરોપી રાજેશ નાગર (વી.કે. મલ્ટી ટ્રેડિંગ કંપની, કાંદીવલી મુંબઈ), વરૂણ રાજેશ (વી.કે. મલ્ટી ટ્રેડિંગ કંપની, કાંદીવલી, મુંબઈ), લાલસિંગ યાદવ (અંકીત ટ્રેડિંગ, મલાડ મુંબઈ) તથા દલાલ રાકેશ પુષાલાલ હેડા (ભાયંદર, મુંબઈ), વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદીનો વિશ્વાસ કેળવી રૂપિયા ૧૫,૬૬,૮૦૬ની કિંમતનો કાપડનો જથ્થો ખરીદી કર્યો હતો. આરોપીઓએ સમય મર્યાદામાં પેમેન્ટ નહીં ચૂકવી ફરિયાદી વેપારી સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સચીન પોલીસે કુખ્યાત બુટલેગર ઈશ્વર વાંસફોડીયાનો દારૂ પકડાયો

બે ખેપીયાઓ પાસેથી દારૂની ૧૧૨ બોટલો મળી આવી

સુરત

સુરત શહેરના સચીન પોલીસે દારૂની ખેપ મારનારની ધરપકડ કરી રૂપિયા ૨૬,૯૨૫ની કિંમત ૧૧૨ નંગ દારૂની બોટલો કબજે કરી હતી.

સુરત શહેરના સચીન પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કનકપુરમાંથી આરોપી કાશીનાથ સુરેન્દ્ર શાહુની ધરપકડ કરી રૂપિયા ૨૬,૯૨૫ની કિંમતનો દારૂનો જથ્થો અને એક મોબાઈલ ફોન કબજે કર્યો હતો. સચીન પોલીસે દારૂનો જથ્થો આપનાર કડોદરા અંત્રોલી ગામના બુટલેગર ઈશ્વર રમેશ વાંસફોડીયાને વોન્ટેડ જાહેર કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઈશ્વર વાંસફોડીયા કુખ્યાત બુટલેગર છે.

સુરતમાં ઈશ્વર વાંસફોડીયા વિરૂદ્ધ પ્રોહિબીશન અંગેના સંખ્યાબંધ ગુનાઓ નોંધાયેલા છે અને પોલીસ કુખ્યાત બુટલેગર ઈશ્વર વાંસફોડીયાને અનેક ગુનાના કામે શોધી રહી છે અને વોન્ટેડ બુટલેગર ઈશ્વર વાંસફોડીયા ભૂગર્ભમાં રહીને સમગ્ર દક્ષિણ ગુજરાતમાં દારૂના ધંધાનું મોટુ નેટવર્ક ચલાવી રહ્યો છે. સંખ્યાબંધ પોલીસ મથકનો ભાગેડુ આરોપીને ઈશ્વર વાંસફોડીયાને પકડવામાં પોલીસ નિષ્ફળ ગઈ છે.

સોનાના દાગીના બનાવતી કંપનીમાંથી કર્મચારીએ ૧ કરોડના પાવડરની ચોરી કરી

સુરત

હીરાબાગ વિસ્તારમાં સોનાના દાગીના બનાવતી કંપનીમાંથી કર્મચારી દ્વારા રૂપિયા ૧ કરોડથી વધુના સોનાના ભુક્કાની ચોરી કરી હોવાનું સામે આવ્યું હતું. કંપનીના કર્તાહર્તાને ચોરી અંગે જાણ થતાં જ પોલીસ કાફલો બોલાવવામાં આવ્યો હતો. પોલીસે હાલ સીસીટીવીના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

વરાછા રોડ પર હીરા બાગ નજીક આવેલી લક્ષ્મી હોટલની પાછળ આવેલી ઝેઝલ જવેલ્સ નામની કંપનીમાં સોનાના દાગીના બનાવવાનું કામકાજ કરવામાં આવે છે. ગત રાત્રિના એક વાગ્યા આસપાસ એક કર્મચારી દ્વારા દાગીના બનાવતી વખતે નીકળતાં સોનાના પાવડરની ચોરી કરવામાં આવી હતી. અંદાજે એકાદ કરોડથી વધુના સોનાના પાવડરની કર્મચારી દ્વારા ચોરી થઈ હોવાની જાણ સવારે થતાં પોલીસને જાણ કરવામાં આવી હતી.

ઝેઝલ નામની સોનાના દાગીના બનાવતી કંપનીમાંથી ચોરી થયાની જાણ પોલીસને કરવામાં આવતાં પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યાં હતાં. પોલીસના અધિકારીઓએ સીસીટીવી સહિતના ફૂટેજ ચેક કરીને આરોપીને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. હાલ તો અન્ય કર્મચારીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે.

અખંડ આનંદ કોલેજ દ્વારા બાળ કેન્સર દિન નિમિત્તે રેલી યોજાઈ

રેલી દ્વારા બાળકોમાં થતા કેન્સરના રોગની સારવાર અંગે જન જાગૃતિના પ્રયાસો

સુરત

રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ) અને એનસીસી ના ઉપક્રમે તા. ૧૪.૨.૨૦૨૦ના રોજ બાળ કેન્સર દિન નિમિત્તે કેન્સર જન જાગૃતિ અંગે કેનકિડ્સ , કિડ્સકેન અને રિલીફ ફોમ કેન્સર સંસ્થાના સહયોગથી તેમના સ્ટાફ દ્વારા કોલેજના ૩૦૦ જેટલા વિદ્યાર્થીભાઈ બહેનોએ આ રેલીમાં ઉત્સાહ પૂર્ણ ભાગ લીધો હતો. કેન્સર અંગેના સૂત્રોચાર કરી સચિત્ર બેનરો પોસ્ટરોનું પ્રદર્શન કરી આ રેલી કોલેજ કેમ્પસથી નિકળી હરિઓમ ડાઈંગ મિલની સામેથી પ્રગતિશાળા, ઉદયનગર, ગાયત્રી શાળા થઈ ચીકૂવાડી રોડથી ધનમોરા ચોક થી સિંગણપોર ચોક થઈ અખંડ આનંદ કોલેજ સુધી સવારે ૮ થી ૧૦ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું

આ રેલીનો ઉદ્દેશ્ય બાળકોના કેન્સરની સારવામાં જાગૃતિનો અભાવ, પ્રારંભિક તપાસ, ગુણવત્તાવાળી દવાઓ, દર્દી માટે જરૂરી સહાય અને સવલતની સુવિધાની વધુ જરૂરત છે. ઉપરોક્ત રેલી કોલેજના આચાર્ય ડો રુપાલી. એ. શાહ ઉપાચાર્ય શ્રી શઅરી ડો. કે.એમ. કાતરીયા, એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર પ્રા. હંશાબેન જી બધવાર, ડૉ. અશોક કુમાર એલ પટેલ. તથા એનસીસી, સીટીઓ પ્રા. ઉર્વશીબેન આઈ દવે, પ્રા. શ્રી પંકજભાઈ પરમારના માર્ગદર્શન અનુસાર યોજાઈ . આ રેલીમાં કોલેજ પરિવાર પણ રેલીમાં જોડ્યો હતો.



અડાજણના એલ.પી. સવાણી રોડ પર પરફોર્મિંગ આર્ટસ સેન્ટર ખાતે 'આર્થિક પડકારોનો સામનો કરવા માટે સીએમએની ભૂમિકા' શીર્ષક હેઠળ ઈન્સ્ટિટ્યૂટ કોસ્ટ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) દ્વારા બે દિવસીય સેમિનારનું આયોજન કરાયું છે.

બાપા સીતારામ ટ્રસ્ટ સંચાલિત મીઠીબા વિદ્યાલયની માન્યતા રદ

વિદ્યાર્થીઓએ ૨૦૨૦-૨૧ના વર્ષમાં અન્ય શાળામાં પ્રવેશ મેળવી લેવો

સુરત

સૂરત શહેરના નાના વરાછા વિસ્તારની શિવા કોમ્પલેક્ષ ખાતે આવેલી પરસાણા એજ્યુકેશન ટ્રસ્ટશ સંચાલિત મીઠીબા વિદ્યાલય(ગુ.મા.)શાળા અને બાપા સિતારામ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત મીઠીબા વિદ્યાલય(હિ.મા.)શિવા કોમ્પલેક્ષ, નાના વરાછા, સુરત ખાતે આવેલ પ્રાથમિક શાળાની માન્યતા ગાંધીનગરની નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના તા.૧૯/૧૨/૨૦૧૯ના હુકમથી શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧થી રદ કરવામાં આવી છે. સંબંધિત વાલીશ્રીઓએ ઉક્ત શાળાઓમાં પ્રવેશ ન લેવા તથા અભ્યાસ કરતાં વિધાર્થીઓએ એલ.સી. કઢાવી અન્યત્ર શાળામાં પ્રવેશ મેળવી લેવા જણાવવામાં આવે છે. જો કોઈ વિદ્યાર્થી આગામી સત્રમાં ઉક્ત શાળાઓમાં પ્રવેશ મેળવશે અને કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સંપૂર્ણ જવાબદારી વાલીશ્રી/વિધાર્થીની રહેશે. તેમ સુરત જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા જણાવાયું છે.

શ્રી Design
A Complete Printing Solution
Our Services
• Graphic Design • Book Work
• I Card (School & Commercial) • Brochure
• Pamphlet
• Stationary Printing • Calendar
All Type of Designing & Printing Work @ One Junction
93774 65170 • 70160 46096

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । રવિવાર । તા. ૧૬-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।

નાગરિકતા કાયદા મુદ્દે વિરોધ કરનારાઓ માટે બોમ્બે હાઈકોર્ટથી રાહત

શાંતિપૂર્ણ રીતે વિરોધ કરનારા લોકો ગદ્દાર કે દેશદ્રોહી નથી: હાઈકોર્ટ

બહુમતીના નામે મનમાની કરનારા શાસકો માટે બોધપાઠ સમાન ચુકાદો: એક કાયદાનો વિરોધ કરે એટલે દેશદ્રોહી નથી બની જતાં, ભારતને આઝાદી અહિંસક આંદોલનોથી મળી છે, આપણે ભાગ્યશાળી છીએ કે હજુ પણ અહિંસામાં ભરોસો રાખીએ છીએ

મુંબઈ

દિલ્હી સહિત સમગ્ર દેશમાં કેન્દ્રના સંશોધિત નાગરિકતા કાયદો-સીએએ સામે વિરોધ વંટોળ ચાલી રહ્યો છે અને વિરોધ કરનારાઓની સામે ગંભીર ગુનાઓ લગાવવના કિસ્સા બની રહ્યાં છે ત્યારે શાંતપૂર્ણ રીતે વિરોધ કરનારાઓને રાહત સમાન એક કેસમાં બોમ્બે હાઈકોર્ટે ઠરાવ્યું કે આ કાયદોનો વિરોધ કરનારાઓ દેશના ગદ્દાર કે દેશદ્રોહી નથી.કોઈપણ કાયદા સામે શાંતિપૂર્ણ વિરોધ કરનારઓને ગદ્દાર અથવા "દેશદ્રોહી" ન કહી શકાય. નાગરિકત્વ કાયદાનો વિરોધ એ માત્ર સરકાર સામેનો વિરોધ છે. બહુમતિના નામે મનમાની કરનારા શાસકો માટે બોધપાઠ સમાન એવા આ ચુકાદામાં પોલીસ-વહીવટી તંત્ર અને સરકારની ટીકા કરીને કોર્ટે એમ પણ અવલોકન કરતાં કોર્ટે એમ પણ કહ્યું હતું કે ભારતના બંધારણમાં બહુમતીનો નિયમ નથી પરંતુ કાયદાનું શાસન આપવામાં આવ્યું છે. નોંધનીય છે કે સરકાર દ્વારા આ કાયદાનો વિરોધ કરનારાઓને ગદ્દાર કે દેશદ્રોહી જેવી ઘાતક કહી શકાય તેવી કલમો લગાડીને પકડવામાં આવી રહ્યાં છે તેવા સમયે કોર્ટનું આ અવલોકન સૂચક હોવાનું મનાઈ રહ્યું છે. ગઈકાલે જ સુપ્રિમ કોર્ટની એક બેંચ દ્વારા એજીઆર ટેલિકોમ કેસમાં કેન્દ્ર સરકારની ભારોભાર ઝાટકણી કાઢીને દેશમાં કાયદા જેવું છે કે કેમ, તો કોર્ટને તાળા મારી દો અને આ દેશમાં રહેવા જે ખરૂ...એવી ગંભીર ટીપ્પણીઓ કરીને સરકારને

અનુ. પાના નં. ૪ પર

સવારે ૧૦ વાગે રામલીલા મેદાનમાં કેજરીવાલ હેટ્રિક નોંધાવશે

આજે કેજરીવાલ ત્રીજીવાર મુખ્યમંત્રી પદના શપથગ્રહણ કરશે



મુખ્યમંત્રીની સાથે-સાથે ૬ મંત્રીઓની પણ શપથવિધિ યોજાશે, દિલ્હીમાં ફરી એકવાર આપ સરકાર બિરાજશે

ન્યુ દિલ્હી

દિલ્હી રાજ્યને પૂર્ણ કદનો દરજ્જો મળ્યો ન હોવાથી રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે આમ આદમી પાર્ટી(આપ)ના નેતા અરવિંદ કેજરીવાલની દિલ્હીના નવા મુખ્યમંત્રી તરીકેની મંજૂરી આપતાં કેજરીવાલ તેમના ૬ ધારાસભ્યો સાથે આવતીકાલ ૧૬ ફેબ્રુઆરીના રોજ દિલ્હીના રામલીલી મેદાન પર આયોજિત ભવ્ય સમારોહમાં સીએમપદના હોદ્દો અને ગુપ્તતાના શપથ ગ્રહણ કરશે. આ પ્રસંગે વિપક્ષી એકતા માટે બિનભાજપી નેતાઓ શપથવિધિ સમારોહમાં હાજર રહે તેમ છે.

દિલ્હી વિધાનસભાની પ્રતિષ્ઠાના જંગ સમાન ૭૦ બેઠકો માટેની સામાન્ય ચૂંટણીઓમાં આપ પાર્ટીને સતત બીજી વખત પ્રચંડ બહુમતિ મળી હતી. આપ પાર્ટીએ ૭૦માંથી ૬૨ બેઠકો જીતી છે. જે બહુમતિ માટે ૩૬ બેઠકો કરતા વધારે છે. સરકારના જાહેરનામા મુજબ રાષ્ટ્રપતિએ છ ધારાસભ્યોની પણ

અનુ. પાના નં. ૪ પર

રાજ્યસભામાં ભાજપના હાલ ૮૨ સાંસદ, ૧૩ બેઠકો મળવાની સંભાવના

ભાજપ અને કોંગ્રેસના ૫૧ સાંસદ એપ્રિલમાં રાજ્યસભામાંથી નિવૃત્ત થશે

ટીએમસી અને વાઈએસઆર કોંગ્રેસને વધુ બેઠક મળવાની શક્યતા, રિટાયર થનારાઓમાં ઉપસભાપતિ હરિવંશ અને એનસીપી નેતા શરદ પવાર સામેલ

ન્યુ દિલ્હી

રાજ્યસભામાંથી ભાજપ અને કોંગ્રેસના ૫૧ સાંસદ એપ્રિલમાં સેવાનિવૃત્ત થઈ રહ્યા છે. આ સાથે જ એપ્રિલમાં યોજાનારી ચૂંટમીમાં આ બન્ને પક્ષો સાથે સાથે તૃણમૂલ કોંગ્રેસ અને વાઈએસઆર કોંગ્રેસ પાર્ટીને વધારે બેઠક મળવાની સંભાવના છે. ભાજપ માટે આ એટલા માટે મહત્વનું છે કારણ કે રાજ્યસભામાં તેને હાલ પણ બહુમતી મળી નથી. રાજ્યસભામાં ભાજપના ૮૨ સાંસદ છે. પાર્ટીને આશા છે કે એપ્રિલમાં યોજાનારી ચૂંટણીમાં તેને ૧૩ બેઠક મળી શકે છે. રાજ્યસભામાં હાલ ૨૪૫ સાંસદ છે.

આ ૨સામાં રાજ્યસભાની ત્રણ બેઠકોમાંથી બીજુ જનતા દળને બે અને ભાજપને એક બેઠક જ્યારે આંધ્રપ્રદેશની તમામ ૪ બેઠકો વાયએસઆર કોંગ્રેસને મળવાની આશા છે. ભાજપને હિમાચલ અને હરિયાણાથી એક એક બેઠક મળવાની આશા છે. રાજ્યસભામાં કોંગ્રેસના ૪૬ સાંસદ છે અને તેને ૧૦ બેઠક મળવાની શક્યતા છે. કોંગ્રેસના ૧૧ સભ્ય એપ્રિલમાં રિટાયર થશે.

ભાજપના વરિષ્ઠ નેતઓના જણાવ્યા પ્રમાણે, મહારાષ્ટ્રમાં સરકાર બનાવવામાં નિષ્ફળ નિવડ્યાં છતા રાજ્યમાંથી ૨ સભ્ય રાજ્યસભામાં જશે. સાથે જ સત્તારૂઢ શિવસેનાનો એક, એનસીપીના ૨ અને કોંગ્રેસનો એક સાંસદ રાજ્યસભામાં પહોંચી શકે છે. કેન્દ્રીય મંત્રી રામદાસ અઠાવલેની પાર્ટી રિપબ્લિકન પાર્ટી ઓફ

અનુ. પાના નં. ૪ પર

આરબીઆઈનું નાણાંકીય વર્ષ બદલાય તેવી શક્યતા: ગવર્નરે આપ્યા સંકેત

આગામી નાણાકીય વર્ષમાં જીડીપી ગ્રોથ રેટ ૬% રહેવાનુ અનુમાન

મુંબઈ

ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે શનિવારે સંકેત આપ્યાં કે કેન્દ્રીય બેંકના નાણાકીય વર્ષમાં બદલાવ વિશે ટૂંક સમયમાં ઘોષણા કરી શકે છે.

આરબીઆઈનું નાણાકીય વર્ષ ૦૧ જુલાઈથી આગામી વર્ષે ૩૦ જૂન સુધી થઈ શકે છે. જ્યારે કેન્દ્ર સરકાર નાણાકીય વર્ષ ૦૧ એપ્રિલથી આગામી વર્ષે ૩૧ માર્ચ સુધી હોય છે. વિમલ જાલાન સમિતિએ આરબીઆઈનું નાણાકીય વર્ષ સરકારના નાણાકીય વર્ષ સમાન કરવાની ભલામણ કરી હતી. દાસે દિલ્હીમાં નાણા મંત્રી નિર્મલા સીતારમણની હાજરીમાં પ્રશ્નના જવાબમાં કહ્યું કે, હજુ આ અંગે વિચાર કરવામાં આવી રહ્યો છે. તમને ટૂંક સમયમાં આ વિશે જણાવવામાં આવશે.

ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ)ની બોર્ડ બેઠક બાદ ગવર્નર શક્તિકાંત દાસે કહ્યુ કે આવનારા દિવસોમાં રેપો રેટમાં ઘટાડો થઈ શકે છે. આનો વધુમાં વધુ લાભ લોન લેતા લોકોને થઈ શકે છે. આ ઉપરાંત ગવર્નરે આગામી નાણાકીય વર્ષમાં જીડીપી ગ્રોથ રેટ ૬% રહેવાનુ અનુમાન

અનુ. પાના નં. ૪ પર

આ ફાયદો માત્ર કર્મચારી રાજ્ય વીમા નિગમની લાભાર્થી મહિલાઓને મળશે

ગર્ભવતી મહિલાઓને ચૂકવાતા પ્રસૂતિ ખર્ચને વધારી ૭,૫૦૦ રૂ.કરાયો

ન્યુ દિલ્હી

નરેન્દ્ર મોદીની કેન્દ્ર સરકારે કર્મચારી રાજ્ય વીમા નિગમ (ઈએસઆઈસી)ની લાભાર્થી ગર્ભવતી મહિલાઓને એક મોટી ભેટ આપી છે. આ અંતર્ગત હવે સરકારની ઈ.એસ.આઈ.સી. નેટવર્કની બહારની હોસ્પિટલોમાં સારવાર લઈ રહેલી લાભાર્થી મહિલાઓને ૫૦% વધુ ચૂકવશે.

હકીકતમાં સરકારે સગર્ભા સ્ત્રીઓને આપવામાં આવતા પ્રસૂતિ ખર્ચમાં રૂ .૭,૫૦૦નો વધારો કરવાનો નિર્ણય કર્યો છે. હમણાં આ લાભ ૫૦૦૦ રૂપિયા છે. જો કે, ફક્ત મહિલાઓ કે જેઓ કર્મચારી રાજ્ય વીમા નિગમના લાભાર્થી છે તેમને તેનો લાભ મળશે. શ્રમ મંત્રી સંતોષ ગંગવારની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. આપને જણાવી દઈએ કે દિવસેને દિવસે મોંઘવારી વધી રહી છે જેને કારણે ગર્ભવતી મહિલાઓને આપવામાં આવતી સારવાર પેઠે ૫,૦૦૦ રૂપિયાની કિંમત ખુબજ મામુલી લાગે છે.

અનુ. પાના નં. ૪ પર

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

પૂર્વ આઈએએસ શાહ ફૈઝલ સામે પીએસએ હેઠળ કેસ કરાયો



શ્રીનગર

જમ્મુ-કાશ્મીર તંત્રએ પૂર્વે મુખ્યમંત્રીઓ ઉમર અબ્દુલ્લા અને મહેબૂબા મુફ્તી બાદ પૂર્વ આઈએએસ શાહ ફૈઝલ પર પબ્લિક સિક્યોરિટી એક્ટ (પીએસએ) લાગુ કર્યો છે. શાહ ફૈઝલ સામે તંત્રએ પીએસએ હેઠળ કેસ દાખલ કર્યો છે. આઈએએસની નોકરી છોડીને રાજકારણમાં ઝંપલાવનાર શાહ ફૈઝલ જમ્મુ અને કાશ્મીર પીપલ્સ મૂવમેન્ટ (જેકેપીએમ)ના અધ્યક્ષ છે.

જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરાયા બાદ શાહ ફૈઝલની ગત વર્ષે ૧૪ ઓગસ્ટના સીઆરપીસીની કલમ ૧૦૭ અંતર્ગત ધરપકડ કરાઈ હતી. ત્યારબાદ તેને કસ્ટડીમાં લઈને એમએલએ હોસ્ટેલમાં રાખવામાં આવ્યા હતા. હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે ફૈઝલને તેમના ઘરે શિફ્ટ કરાયા છે કે પછી એમએલએ હોસ્ટેલમાં જ રખાયા છે.

સ્થાનિક તંત્રએ પૂર્વ મુખ્યમંત્રીઓ ફારુક અબ્દુલ્હા, ઉમર અને પીડીપીના નેતા તેમજ પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તી સામે પણ પીએસએ લાગુ કર્યો

અનુ. પાના નં. ૪ પર

મહારાષ્ટ્રમાં કોંગ્રેસ-એનસીપી-શિવસેના ગઠબંધનમાં ફરીથી મતભેદ..!

મહારાષ્ટ્રમાં ૧ મેથી લાગુ થશે એનપીઆર: ઉદ્ધવ ઠાકરે

મુંબઈ

મહારાષ્ટ્રની ઉદ્ધવ ઠાકરે સરકારે રાજ્યમાં એનપીઆર લાગુ કરવાને પોતાની મંજૂરી આપી દીધી છે. મહારાષ્ટ્રમાં ૧ મેથી એનપીઆરની પ્રક્રિયા શરૂ થઈ જશે. મહત્વપૂર્ણ છે કે કેન્દ્રીય ગૃહમંત્રાલયે ૧ મેથી લઈને ૧૫ જૂન સુધી એનપીઆર લાગુ કરવાની અધિસૂચના જાહેર કરી છે.જોકે, આ મામલે ઉદ્ધવ સરકારમાં સહયોગી દળો વચ્ચે નારાજગી જોવા મળી રહી છે.

કોંગ્રેસ સ્પષ્ટ કરી ચુકી છે કે તે કેન્દ્ર સરકારના આ કાયદાનું સમર્થન નહી કરે. રાજ્ય કોંગ્રેસ પ્રવક્તા સચિન સાવંતે કહ્યુ કે એનપીઆરની જોગવાઈને લઈને કોંગ્રેસ શરૂથી જ વિરોધ કરી રહી છે, તેમણે કહ્યુ કે તેને લઈને કોંગ્રેસના મંત્રી સરકાર સાથે વાત કરશે. બીજી તરફ શિવસેનાના સાંસદ અનિલ દેસાઈ પણ સ્પષ્ટ કરી ચુક્યા છે કે ઉદ્ધવ ઠાકરેએ કહ્યુ હતું કે એનપીઆર જનગણના જેવી છે. એમ પણ જનગણના દર ૧૦ વર્ષમાં થશે જ તો તેમાં કોઈને શું આપત્તિ હોય. બન્ને દળોમાં આ મુદ્દાને લઈને ખેચતાણ જોવા મળી રહીછે. જલ્દી મહારાષ્ટ્રમાં એનપીઆરને લઈને અધિસૂચના જાહેર કરવામાં આવશે.

મ હ ા ર ા ષ્ ટ્ ર ા માં એનપીઆરને લાગુ કરવો ઉદ્ધવ ઠાકરે સરકાર માટે આસાન નહી હોય. મહારાષ્ટ્રમાં શિવસેના, કોંગ્રેસ અને એનસીપીની મહાઅઘાડી ગઠબંધનની સરકાર છે. કોંગ્રેસ શરૂઆતથી જ સીએએ,એનઆરસી અને એનપીઆરનો ખુલીને વિરોધ કરી રહી છે. એનસીપીએ હજુ આ મામલે પોતાનું વલણ

અનુ. પાના નં. ૪ પર

તંત્રી સ્થાનેથી...

મોંઘવારી પર બ્રેક જરૂરી

મોંઘવારીને કાબુમાં લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. આજે સારી આવક ધરાવનાર વ્યક્તિ પણ મોંઘવારીના કારણે પરેશાન છે. કારણ કે દરેક જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચી ગયા છે. લોકસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતિ સાથે સતત બીજી વખત સત્તામાં આવેલી મોદી સરકાર હજુ મોંઘવારીના મોરચા પર ફ્લોપ સાબિત થઈ રહી છે. જરૂરી વસ્તુઓની કિંમત વારંવાર રેકોર્ડ ઉંચી સપાટી પર પહોંચી જાય છે. સાથે સાથે વારંવાર પગલા સ્થિતીને સામાન્ય બનાવવા માટે લેવામાં આવે છે. આ બાબત યોગ્ય નથી. ભાવ નિયંત્રણ જુદા જુદા સ્તર પર રહે તે જરૂરી છે. આવી જ રીતે રોજગારીને વધારવામાં આવી રહી હોવાના દાવા વર્ષોથી થઈ રહ્યા છે પરંતુ કેટલા લોકોને નોકરી મળી રહી છે તે અંગે કોઈ નક્કર માહિતી જાહેર કરવામાં આવી રહી નથી. મોદી સરકારની બે મોરચા પર વ્યાપક ટિકા થઈ રહી છે જેમાં મોંઘવારી અને રોજગારીને લઈને છે. આ બંને મુદ્દાને હવે જો ગંભીરતાથી હાથ ધરવામામ નહીં આવે તો ભારતીય જનતા પાર્ટીને ચોક્કસપણે નુકસાનનો સામનો કરવાનો રહેશે. દિલ્હીમાં કારમી હાર થયા બાદ હવે આગામી વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીને પૂર્ણ મહેનત લગાવવાની સાથે સાથે મોંઘવારી પર દેખાય તે રીતે બ્રેક મુકવાની રહેશે. મોદી શાસનમાં દરેક ચીજો મોંઘી થઈ રહી છે તેમ તમામ લોકો કહી રહ્યા છે. આવી સ્થિતીમાં હવે લોકોને જે રીતે દિલ્હીમાં સસ્તી ચીજ વસ્તુઓના વચન સાથે આકર્ષિત કરવામાં કેજરીવાલ સફળ રહ્યા છે તેવી જ રીતે અન્ય પક્ષો આવી યોજના જાહેર કરીને ભાજપની મુશ્કેલી વધારી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી છેલ્લા છ વર્ષથી વધુ સમયથી સતત સક્રિય રહીને જુદા જુદા મોરચે લોકોને રાહત આપવાના પ્રયાસ કરી રહ્યા છે છતાં હજુ કેટલાક એવા મોરચા છે જે મોરચે અસરકારક કામગીરી થઈ શકી નથી. જેથી તેમની સામે પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે. મોદી શાસનમાં યુવાનો વધુ પ્રમાણમાં નોકરીની અપેક્ષા રાખી રહ્યા હતા. જો કે હજુસુધી અપેક્ષા મુજબ કામ નોકરીના ક્ષેત્રમાં થઈ શક્યુ નથી. સરકારના કામ પર ધ્યાન આપવામાં આવે તો પ્રદર્શનના એક ભાગમાં ચોક્કસપણે ઉજાસ દેખાય છે પરંતુ બીજા ભાગમાં હજુ અંધકાર દેખાય છે. ટુંકમાં કેટલાક મોરચે વધારે સારી રીતે કામ કરવાની જરૂર દેખાઈ રહી છે.જન ધન યોજનાના કારણે ચોક્કસપણે મોટા પાયે લોકો નાણાંકીય રીતે ભાગીદારીમાં સામેલ થયા છે. પરંતુ નિરાશાજનક બાબત એ પણછે જે જન ધન યોજના હેઠળ નિષ્ક્રિય ખાતાની સંખ્યા દુનિયામાં સૌથી વધારે છે. આવી જ રીતે ઉજ્જવલા ગેસ કનેક્શનની સંખ્યા તો ચોક્કસપણે વધારી દેવામાં આવી છે પરંતુ ગેસ ઉપભોગના આંકડામાં સંખ્યા મુજબ વધારો થયો નથી. આવી જ રીતે સ્વચ્છ ભારત અભિયાન મહત્વકાંક્ષી પહેલ તરીકે છે. ગ્રામીણ સડક યોજનામાં પણ પ્રગતિ તો દેખાય છે પરંતુ આ પ્રગતિને પ્રભાવશાળી ગણવા માટે વધારે લોકો તૈયાર નથી. જ્યાં સુધી કોશલ્ય વિકાસ યોજનાનો પ્રશ્ન છે તેની નિષ્ફળતા દેખાઈ આવે છે. અન્ય યોજના પર સરકાર નિષ્ફળ રહી છે પરંતુ પહેલા કરતા કામ થઈ રહ્યુ છે તે બાબત યોગ્ય છે. મોદી સરકાર અસરકારક રીતે કામ કરી રહી છે તે દર્શાવવા માટે સરકારની યોજનાને હવે રજૂ કરવામાં આવી રહી છે. જો કે રોજગારી અનો મોંઘવારીના મોરચે તરત જ સરકારને પગલા લેવા પડશે.

રોજગારી -મોંઘવારીને હવે મોદી સર્વોચ્ચ પ્રાથમિકતા આપે તેવી બધા લોકોની ઈચ્છા

ઓઆરએસમાં ખાંડ અયોગ્ય


બદલાતી સિઝનમાં પેટની કેટલીક તકલીફ થઈ શકે છે. એક સમય દુનિયામાં ડિહાઈડ્રેશન મોતનુ મુખ્ય કારણ બની ગયુ હતુ પરંતુ સમયની સાથે નવી નવી દવા અને ટેકનોલોજીના કારણે આ બિમારી હવે જોખમી રહી નથી. હાલના સમયમાં ઓઆરએસ ઘોળ આપવાના કારણે ડિહાઈડ્રેશનના કારણે થતા મોતનો ગ્રાફ ઝડપથી નીચે ગયો છે. અલબત્ત હજુ સુધી આનાથી સંપૂર્ણ મુક્તિ મળી નથી પરંતુ ડિહાઈડ્રેશનની તકલીફ અને પિડાનો અંત લાવવા

જ્યુસ, સુપ, સોફ્ટ ડ્રિક્સમાં ઓઆરએસ અયોગ્ય

માટે કેટલાક સ્તર પર કામ થઈ રહ્યુ છે. ઓરલ રિહાઈડ્રેશન સોલ્ટ્સ છે, ડબલ્યુએચઓ દ્વારા ૧૯૭૮માં આની શરૂઆત કરવામાં આવી હતી. બે વર્ષથી ઓછી વયના બાળકોનેને વધારે ઝાડા થવાની સ્થિતીમાં ૭૫થી ૧૨૫ મીમી ઘોળ આપવામાં આવે તેવુ સુચન નિષ્ણાંત તબીબો દ્વારા કરવામાં આવે છે. બે વર્ષથી ઉપરના બાળકોને ૧૨૫થી ૨૫૦ મીમી સુધી ઘોળ આપવામાં આવે તે જરૂરી છે. બાળકને ત્રણ વખતથી વધારે વખત ઝાડા થાય તો સપ્તાહ સુધી ઓઆરએસ ઘોળ આપી શકાય છે. જાણકાર નિષ્ણાંતો અને તબીબો કહે છે કે સ્વચ્છ વાસણમાં પુરતા પ્રમાણમાં સ્વચ્છ પાણીમાં ઓઆરએસ ઘોળ બનાવવાની જરૂર હોય છે. પાણીનુ યોગ્ય પ્રમાણ ન લેવાથી ડાયરિંગનુ પ્રભાવ વધી શકે છે. ઓઆરએસ ઘોળને દુધ, ફળ, અને રસની સાથે બનાવવાની બાબત યોગ્ય નથી. સોફ્ટ ડ્રિક્સની સાથે પણ તેને પિવાની સલાહ નિષ્ણાંતો આપતા નથી. તેમાં વધારે પ્રમાણમાં ખાંડ પણ ભેળવી જોઈએ નહીં. એક લીટર પણીમાં ઓઆરએસના પેકેટ નાંખી દેવા જોઈએ. એક વર્ષના બાળકને ૨૪ કલાક આપવા જોઈએ. એક વર્ષથી મોટા બાળકને આઠથી ૨૪ કલાક આપવા જોઈએ. જાણકાર નેફ્રોલોજિસ્ટ કહે છે કે આ સંબંધમાં સાવધાની રાખવાની બાબત ખુબ જરૂરી બને છે.

મહાકાય કંપનીઓની પાસે મર્યાદિત વિકલ્પ હવે રહી ગયા છે...

વોડા-આઈડિયા ઉપર બંધ થવાનુ સંકટ



પોતાની હિસ્સેદારી વેચવા અથવા તો દેવાળુ ફુંકી દેવા સહિતના બે વિકલ્પ રહ્યા છે : નાણાંકીય સંકટના કારણે હાલત કફોડી બની

ભારે ભરખમ દેવુ અને સતત નુકસાનના કારણે ઘોર નાણાંકીય સંકટનો સામનો કરી રહેલી ટેલિકોમની મહાકાય કંપનીઓ વોડાફોન-આઈડિયા પર હવે બંધ થવાનુ સંકટ તોળાઈ રહ્યુ છે. પૈસાની કટોકટીનો સામનો કરી રહેલી કંપનીની પાસે હવે ગણતરીના વિકલ્પ રહ્યા છે. જે વિકલ્પો રહ્યા છે તે પૈકી એક વિકલ્પ એ છે કે તેના પ્રમોટર કંપનીમાં પોતાની હિસ્સેદારી વેચી મારે અથવા તો દેવાળુ ફુંકી દેવાની જાહેરાત કરે. નિણાંતો દ્વારા આ મુજબની વાત હવે થઈ રહી છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ તેમની તકલીફ વધી ગઈ છે. તેમને ૫૩૦૦૦ કરોડ રૂપિયાની ચુકવણી કરવા માટે કહેવામાં આવ્યુ છે. એક વરિષ્ઠ સરકારી અધિકારી તો આશા વ્યક્ત કરી ચુક્યા છે કે કંપની બાકી રકમની ચુકવણી કરી દેશે. જો કે નિષ્ણાંતો કંપનીના ભાવિને લઈને શંકામાં છે.ય ક્રેડિટ રેટિંગ એજન્સી ફિન્ચના નિર્દેશક નિતિન સોનીએ કહ્યુ છે કે જો પ્રમોટર્સ તરફથી નવા ઈક્વિટી રોકાણ કરવામાં નહીં આવે તો કંપનીને ડુબી જતા કોઇ બચાવી શકશે નહીં. કારણ કે સુપ્રીમ કોર્ટ ટેલિકોમ કંપનીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી ફેરવિચારણા અરજીને ફગાવી દીધી છે. જેથી તેને સરકાર તરફથી કોઇ રાહત મળવાની આશા દેખાઇ રહી નથી. વોડાફોન-આઈડિયા પર ૫૩૦૦૦ કરોડ રૂપિયાના એજીઆર બાકી છે. ગુરૂવારના દિવસે કંપનીના ત્રિમાસિક ગાળાના પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં તેને ૬૪૩૯ કરોડ રૂપિયાનુ નુકસાન થયુ હતુ. આ સતત છઠ્ઠી ત્રિમાસિક અવધિ છે. જ્યારે કંપનીને નુકસાન થયુ છે. શુક્રવારના દિવસે બીએસઇ પર કંપનીના શેરમાં ૨૩ ટકા સુધીનો ઘટાડો થયો હતો. જેથી તેના શેરની કિમત ૩.૪૪ રૂપિયા પર બંધ રહી હતી. વોડાફોન અને આઇડિયા પર જંગી રકમ ચુકવવાની બાકી છે. એસબીઆઇ કેપ સિક્યુરિટીના રિસર્ચ હેડ રાજીવ શર્માએ કહ્યુ હતુ કે વોડાફોન આઇડિયાની પાસે પૈસા નથી. જેથી તે રાષ્ટ્રીય કંપની વિધિ ન્યાયાધિકરણમાં જઇ શકે છે. ૧૭મી માર્ચ સુધી તેમને પૈસા ચુકવવાની રહેનાર છે. સુપ્રીમ કોર્ટના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યુ છે કે વોડાફોન આઇડિયા એનસીએલટીમાં જઇ શકે છે. જો તે મામલાને સ્વીકાર કરી લે છે તો બેંકરપ્ટસી લો હેટળ બાકી રકમ ચુકવવા પર પ્રતિબંધ આવી જશે. જેથી કંપનીને નાણાંની ચુકવણી કરવાની જરૂર રહેશે નહીં. જાણકાર લોકો કહી રહ્યા છે કે કંપની ફરી એકવાર કોર્ટમાં જઇ શકે છે. એનસીએલટી ૧૬મી ફેબ્રુઆરીના દિવસ સુધી મામલાને સ્વીકાર કરી શકે છે અને નહીં પણ કરી શકે છે. જો અપીલ સ્વીકાર કરે છે તો પણ તે સુપ્રીમ કોર્ટના વોડાફોન આઇડિયાની નાણાંકીય સ્થિતીને ધ્યાનમાં લઇને નિર્ણય કરી શકે છે. સુપ્રીમ કોર્ટે શુક્રવારના દિવસે એજીઆર ચુકવવા માટેનો આદેશ કર્યો હતો. સાથે સાથે કહ્યુ હતુ કે જો પૂર્ણ રકમ ચુકવાતી નથી તો એક મોટી રકમ જમા કરવાની તો ચોક્કસ પણે જરૂર છે. ઓ આદેશ ઓક્ટોબર ૨૦૧૯ના આદેશમાં પણ આપવામાં આવ્યો હતો. વોડાફોન આઇડિયા દ્વારા પહેલાથી જ કહેવામાં આવ્યુ છે કે જો એજીઆરના મામલે સરકાર તરફથી કોઇ રાહત મળશે નહીં તો કંપની બંધ થઇ શકે છે. જાણકાર લોકો કહે છે કે જો વોડાફોન આઇડિયા કારોબાર બંધ કરે છે તો સરકારને એજીઆર ઉપરાંત સ્પેક્ટ્રમની બાકી રકમ હાંસલ કરવામાં પણ ખુબ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. કારણ કે કંપનીના ચેરમેન કુમારમંગલમ બિરલાએ કહ્યુ છે કે ન્યાયપાલિકા અથવા તો સરકાર તરફથી રાહત મળી રહી નથી.વોડાફોન આઈડિયાને ૫૦૦૦૦ કરોડ રૂપિયા ચુકવવાના છે જ્યારે ભારતી એરટેલને ૩૫૫૦૦ કરોડ રૂપિયા ચુકવવાના છે જ્યારે એરટેલને પોતાના મોબાઇલ સર્વિસ બિઝનેસને વેચી દેનાર તાતા ટેલિસર્વિસને ૧૪૦૦૦ કરોડ ચુકવવાની જરૂર છે. એકમાત્ર રિલાયન્સ જીઓ દ્વારા ૧૦ કરોડ રૂપિયાની રકમ ચુકવવામાં આવી હતી.

આ રકમ અન્યો કરતા ખુબ ઓછી છે કારણ કે, કંપનીએ ૨૦૧૬માં તેના ઓપરેશનની શરૂઆત કરી હતી. સુપ્રીમ કોર્ટના આદેશને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સુપ્રીમ કોર્ટે ૧૭મી માર્ચ સુધી એજીઆર ચુકવી દેવા માટે ટેલિકોમ કંપનીઓને સ્પષ્ટ આદેશ કર્યો છે. સાથે સાથે તિરસ્કાર કાર્યવાહી કરવાની ધમકી આપી છે. સુપ્રીમે કહ્યું છે કે, કંપનીઓ અને ફેડરલ ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન તિરસ્કારની કાર્યવાહી માટે પાત્ર રહેશે. વોડાફોન-આઇડિયા અને ભારતી એરટેલ સહિત કંપનીઓને ૯૨૦ અબજ રૂપિયાથી વધુની રકમ ચુકવવાની જરૂર દેખાઈ રહી છે

કંપનીઓ પાસેથી યુસેઝ-લાયસેંસિંગ ફી લેવાય છે

જટિલ એજીઆર શુ હોય છે

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ આદેશ આપીને વોડા-આઈડિયાને જંગી રકમ ચુકી દેવાનો આદેશ કર્યો છે. એજીઆરની ચર્ચા સુપ્રીમ કોર્ટના આદેશ બાદ સાંભળવા મળી રહી છે. એડજસ્ટેડ ગ્રાસ રેવેન્યુ સંચાર મંત્રાલયના દુરસંચાર વિભાગ દ્વારા ટેલિકોમ કંપનીઓની પાસેથી લેવામાં આવતી યુસેઝ અને લાયસેંસિંગ ફી તરીકે છે તેના બે હિંસ્સા હોય છે. સ્પેક્ટ્રમ યુસેઝ ચાર્જ અને લાયસેસિંગ ફી જે ક્રમશ ત્રણ અને પાંચ ટકા હોય છે. સમસ્યા એ વખતે શરૂ થઈ હતી જ્યારે સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે પોતાના આદેશમાં ટેલિકોમ કંપનીઓના નોન કોર બિઝનેસમાંથી થયેલી આવકને પણ એજીઆરની હદમાં આવરી લેવાનો નિર્ણય કર્યો હતો. જેના કારણે કંપનીઓની દેવાદારીમાં અનેક ગણો વધારો થયો હતો. તમામ લોકો સારી રીતે જાણે છે કે એડજસ્ટ ગ્રોસ રેવેન્યુ (એજીઆર)ના મામલામાં સુપ્રીમ કોર્ટે શુક્રવારના દિવસે કઠોર વલણ અપનાવીને ટેલિકોમ કંપનીઓને જોરદાર ફટકાર લગાવી હતી. સુપ્રીમ કોર્ટના આ વલણના કારણે ટેલિકોમ કંપનીઓમાં ખળભળાટ મચી ગયો હતો. સુપ્રીમ કોર્ટે ટેલિકોમ કંપનીઓ અને તેમના ડિરેક્ટરોને દૂરસંચાર વિભાગ (ડોટ)ને ૧.૪૭ લાખ કરોડના એજીઆરની ચુકવણી કરવાના તેના આદેશને નહીં પાળવા બદલ તેમની સામે તિરસ્કારની કાર્યવાહી કેમ હાથ ધરવી જોઈએ નહીં તે સંદર્ભમાં ખુલાસો કરવા આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ટેલિકોમ કંપનીઓમાં ખળભળાટ મચી ગયો હતો. કોર્ટે ૧૭મી માર્ચ સુધીમાં આ રકમ જમા કરવા માટે આદેશ કર્યા હતા.

આર્થિક રીતે નબળા લોકોના જીવનસ્તરને સુધારવામાં મદદરૂપ

માઈક્રોફાયનાન્સ : કેરિયર શાનદાર છે



માઈક્રોફાયનાન્સ સંસ્થાઓ એવી કંપનીને કહેવામાં આવે છે જે ઓછી આવક ધરાવતા લોકોને બિઝનેસમાં મદદરૂપ બને છે

માઈક્રકોફાયનાન્સિગ સંસ્થા અથવા તો એમએફઆઈ આર્થિક રીતે નબળા અને નાણાંકીય સહાયતા મેળવી લેવાની આશા રાખતા લોકોના જીવન ધોરણમાં સુધારો કરવામાં મદદ કરે છે. આ પ્રકારના લોકોને આથિક સહાયતા આપીને મદદ કરવામાં આવે છે. આમાં હાલમાં શાનદાર કેરિયર રહેલી છે. માઈક્રોફાયનાન્સિગ સંસ્થાઓ એવી કંપનીઓને કહેવામાં આવે છે જે ઓછી આવક ધરાવતા વર્ગના લોકોને પોતાના કારોબારની શરૂઆત કરવાની તક આપે છે. આના ભાગરૂપે પોતાના કારોબારને શરૂ કરવા માટે સસ્તા વ્યાજદર પર લોન ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ગ્રામીણ ક્ષેત્રોમાં નાણાંકીય ઉપલબધતાની ખાતરી કરવા માટે જ માઈક્રો ફાયનાન્સિગની શરૂઆત કરવામાં આવી હતી. ગ્રામીણ લોકોની આર્થિક જરૂરિયાત પૂર્ણ થાય તેને ધ્યાનમાં લઈને માઈક્રો ફાયનાન્સિગના સ્વરૂપને વિકસિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ભારતમાં તે ખુબ ઉપયોગી છે. તેમાં જોબની ખુબ સંભાવના રહેલી છે. કેટલીક માઈક્રોફાયનાન્સ કંપનીઓ ગ્રામીણ ક્ષેત્રોમાં કાર્યરત છે. જેમ કે બંધન, એસકેએસ, માઈક્રો ક્રેડિટ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા, સાધના માઈક્રોફિન સોસાયટી આમાં સામેલ છે. તેમાં જોબની તક મળતી રહે છે. આ સેક્ટરમાં જુદી જુદી ખાનગી કંપનીઓ તેમજ એનજીઓ આવવાથી દરેક સ્તર પર રોજગારીની તક વધવા લાગી ગઈ છે. તેમાં કારોબારીથી શરૂ કરીને બ્રાન્ચ મેનેજર સુધી પ્રગતિ મેળવી શકાય છે. સૌથી ખાસ બાબત એ છે કે આ ફિલ્ડમાં ભરપુર સંભાવના રહેલી છે. પગાર કેટલા છે તેવા સવાલ કરનાર લોકો માટે જવાબ એ છે કે આ ફિલ્ડમાં પ્રવેશ કરી ગયા બાદ કેરિયર શાનદાર છે. કારણ કે પગાર ૨૦-૨૫ હજારથી શરૂ થઈ શકે છે. ત્યારબાદ વધારે સારી કામગીરીના કારણે પ્રમોશનના રસ્તા ખુલી જાય છે. બેકિંગ અને ફાયનાન્સ અથવા તો માઈક્રો ફાયનાન્સ સેક્ટરમાં કેરિયર બનાવવા માટે વિદ્યાર્થીઓ કોઈ પણ પ્રતિષ્ઠિત અને માન્ય સંસ્થામાંથી ડિપ્લોમા અથવા તો પીજી ડિપ્લોમા કોર્સ કરી શકે છે. લાયકાત માટે આ ડિગ્રી જરૂરી છે. જ્યારે પીજી ડિપ્લોમાં કોર્સ માટે ગ્રેજુએશનમાં ૫૦ ટકા માર્ક રહે તે જરૂરી છે. બેકિંગ એક એવા ક્ષેત્ર તરીકે છે જ્યાં જરૂર આ બાબતની છે કે સંબંધિત વ્યક્તિ તરત ચીજોને સમજીને આગળ વધે. પોતાનામાં એવી કુશળતા વિકસિત કરવાની જરૂર હોય છે કે તે માત્ર તર્કને સમજીને આગળ વધી શકે. બેકિંગ અને નાણાંકીય ક્ષેત્રમાં પીજી ડિપ્લોમા કરવા માટે પહેલા તો એપ્ટીટ્યુડ ટેસ્ટ પાસ કરવાના હોય છે. તેમાં ઈન્ટરવ્યુ પણ આપવાના હોય છે. તેમાં મુખ્ય રીતે અંગ્રેજી, ગણિતની લાયકાત અને લેખિત પરીક્ષામાં કેટલીક બાબતોની ચકાસણી કરવામાં આવે છે. દિલ્હીમાં આવેલી ટીકેડબલ્યુએસ ઈન્સ્ટીટ્યુટ ઓફ બેકિંગ એન્ડ ફાયનાન્સ પ્રતિષ્ઠિત સંસ્થા પૈકી એક છે. આજે ગ્રામીણ ક્ષેત્રોમાં કેટલીક માઈક્રો ફાયનાન્સિગ કંપનીઓ કામ કરી રહી છે. તેમાં રહેલા લોકો પણ કુશળતાપૂર્વક જરૂરિયાતવાળા અને નબળા લોકોને મદદરૂપ થઈ રહ્યા છે. કેટલીક સંસ્થાઓ આ સંબંધમાં જરૂરી માર્ગદર્શન પણ આપે છે. આવનાર સમયામાં માઈક્રોફાયનાન્સની બોલબાલા વધી જનાર છે. આમાં કોઈ શંકા નથી. કારણ કે હાલના સમયમાં રોકેટ ગતિથી સ્ટાર્ટ અપની બોલબાલા વધી રહી છે. લોકો રોજગારી મેળવી લેવાના બદલે રોજગાર આપવાની દિશામાં આગળ વધવા માટે ઈચ્છુક છે. આવી સ્થિતીમાં આની બોલબાલા દિન પ્રતિદિન વધી રહી છે. માઈક્રો ફાયનાન્સ બેકિંગના એવા સેક્ટર તરીકે હોય છે જેમાં શાનદાર કેરિયર છે. સેક્ટરમાં કેરિયર બનાવવા માટે મહેનતની સાથે સાથે મજબુત ઈચ્છાશક્તિ પણ જરૂરી હોય છે. નબળા વર્ગની મદદ કરવાની ઈચ્છા ધરાવતા લોકો આમાં કુશળતા મેળવી લઈને આગળ વધી શકે છે. હાલમાં યુવતિઓ પણ બેકિંગ અને માઈક્રો ફાયનાન્સના ક્ષેત્રમાં આગળ આવી રહી છે. યોગ્ય ટ્રેનિંગ મેળવીને આવી સંસ્થાઓમાં ભાગ્ય અજમાવી શકાય છે.

જાણોઃ લિવ ઈન રિલેશનશિપમાં રહેવાના ફાયદાઓ

લિવ ઈન રિલેશનશિપ માં રહેવું આજકાલના સમયમાં ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે. આજકાલના લોકો કેટલા મોર્ડન થઈ ગયા છે કે લિવ-ઈન રિલેશનશિપમાં રહેવું હવે કોઈ મોટી વાત નથી રહી. જ્યાં એક બાજુ પહેલા લોકો આવા સંબંધો પર સરળતાથી વાત પણ કરતા નહોતા, વળી આજકાલ લોકો તેના વિશે ખુલ્લેઆમ વાત કરે છે. લિવ ઈન રિલેશનશિપનું ચલણ આજકાલ એટલુ વધ્યું છે કે નાના શહેરો પણ તે ઝડપથી વધી રહ્યું છે. તો આવો તમને જણાવીએ કે લિવ ઈન રિલેશનશિપમાં રહેવાથી શુ ફાયદા થાય છે.

એકબીજાને મળવામાં પરેશાની થતી નથી

જો આપણે વાત કરીએ આજકાલના કપલની તો એકબીજાને મળવા માટે ખૂબ જ મહેનત કરવી પડે છે. વળી બીજી તરફ જો તમે એને રિલેશનશિપમાં રહો છો તો તમારે આવું કરવાની જરૂરિયાત રહેતી નથી. તમે સરળતાથી પોતાના બોયફ્રેન્ડ અથવા ગર્લફ્રેન્ડની સાથે એક જ ફ્લેટમાં રહી શકો છો, આવું કરવાથી પૈસા અને સમય બંનેની બચત થાય છે.



તમને તમારું ભવિષ્ય પહેલાથી જાણી શકો છો

જો તમે કોઈ સાથે કમીટેડ છો અને તેની સાથે લિવ ઈન રિલેશનશિપમાં રહો છો તો તેવામાં તમને જાણ હોય છે કે તેની સાથે તમારું ભવિષ્ય કેવું રહેશે. તમે બંને એકબીજાનો સાથ કેવી રીતે આપશો, તમે એકબીજાની આદતો વિશે પણ સારી રીતે જાણી શકો છો.

એકબીજા સાથે વધારે સમય પસાર કરવા મળે છે

જો તમે બંને વર્કિંગ છો અને લિવ ઈન રિલેશનશિપમાં રહેતા નથી તો તેવામાં તમને જાણ હશે કે તમે બંને કેટલો સમય મળી શકો છો. એવામાં જો તમે લિવ ઈન રિલેશનશિપમાં રહો છો તો તમે વર્કિંગ હોવા છતાં પણ એકબીજા માટે સમય કાઢી શકો છો, કારણ કે ઓફિસ બાદ તમે ઘરે જ સમય સાથે પસાર કરી શકશો.

પૈસાની બચત થાય છે

જો તમે બંને વર્કિંગ છો અને પોતાના ઘરથી દૂર અન્ય કોઈ જગ્યા પર નોકરી કરી રહ્યા છો તો તેવામાં એક સાથે રહીને તમે બંને પૈસાની બચત કરી શકો છો. પછી વાત ઘરના ભાડાની હોય કે મુસાફરી દરમ્યાન થતા ખર્ચની હોય. તમે દરેક જગ્યાએથી પૈસાની બચત કરી શકશો.

તમે જવાબદાર બની જાઓ છો

લિવ ઈન રિલેશનશિપમાં રહેવાથી તમે જવાબદાર બની જાઓ છું અને પોતાની જવાબદારીઓ સમજવા લાગો છો. તેવામાં તમારી બંને વચ્ચેનો પ્રેમ માં વધારો થાય છે. એટલા માટે લિવ ઈન રિલેશનશિપમાં રહેવું જરૂરી છે.

જીએસટી કાઉન્સિલની આગામી બેઠક ૧૪ માર્ચે યોજાશેઃ ટેકસ દરમાં રાહતની શકયતા

ન્યુ દિલ્હી

બજેટમાં ઇકમ ટેકસમાં સામાન્ય જનતાને રાહત બાદ હવે જીએસટીમાં પણ મોટી રાહત મળી શકે છે. જીએસટી કાઉન્સિલની આગામી બેઠક હવે ૧૪ માર્ચનાં રોજ દિલ્હીમાં યોજાશે. આ બેઠકમાં જીએસટી રેટ અને સ્લેબની સમીક્ષા કરવા આવશે. જીએસટી વસૂલીના ઉપાયોની શોધ માટે તેની સમીક્ષા કરવામાં આવનાર છે. સૂત્રો અનુસાર, સરકાર વર્તમાન ૯ દરોને બદલે જીએસટીમાં ફકત ૩ દર રાખવા માંગે છે. એવામાં કુલ ત્રણ સ્લેબ ૮ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા પર સહમતિ બનાવવા પર દબાણ થશે. જો કે, આ કવાયતમાં એ વાતનું ધ્યાન રાખવામાં આવશે ક ફેરફારથી ખાણી-પીણીની ચીજવસ્તુઓ મોંઘી ન થાય.

માનવામાં આવી રહ્યું છે કે સરકાર મોટાભાગની વસ્તુઓના દરને ન્યુટ્રલ કરતા થોડા વધુ રાખવાની તરફેણમાં છે. ખાદ્ય ફુગાવાના મામલે સરકાર વિશેષ વ્યૂહરચના અપનાવી શકે છે. ખોરાક અને આવશ્યક વસ્તુઓ માટે નવો સ્લેબ બનાવવાનું પણ વિચારી શકે છે.૧ જુલાઈ ૨૦૧૭થી દેશમાં જીએસટી લાગુ થયા પછી બધા પરોક્ષ કર (વેટ, સર્વિસ ટેકસ વગેરે)નો તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જીએસટીની લાગુ થયા બાદ જીએસટીના દરમાં અનેક વખત ફેરફાર કરવામાં આવ્યા છે. હાલમાં જીએસટી હેઠળના ચાર સ્લેબ ૫ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા છે. આ હોવા છતાં, ઘણા ઉત્પાદનો પર જીએસટી લાગુ નથી. આ સાથે આવા પાંચ ઉત્પાદનો પણ છે જેના પર જીએસટી સહિત સેસ પણ લાગુ પડે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મોટાભાગની વસ્તુઓનો દર ૧૮ ટકાના સ્લેબમાં જઈ શકે છે. તમામ નીચલા સ્લેબને જોડીને માત્ર એક જ ૮% સ્લેબ બનાવવાનું વિચારતા, લકઝરી અને ડી-મેરિટ માલ માટે મહત્તમ ૨૮% જાળવી રાખવામાં આવશે. જીએસટી પરની એક સમિતિએ સરકારને ફકત બે સ્લેબ રાખવાની ભલામણ કરી છે, જેમાં ૧૦ અને ૨૦ ટકા સ્લેબ છે.

સીએએનો વિરોધ કરી રહેલી શાહીનબાગની મહિલાઓ આજે અમિત શાહને મળશે

ન્યુ દિલ્હી

નાગરિકતા સુધારણા કાયદા (સીએએ) વિરુદ્ધ ધરણા પર બેઠેલી શાહીનબાગની મહિલાઓએ ગૃહમંત્રી અમિત શાહ તરફથી વાતચીત માટેના પ્રસ્તાવને સ્વીકારી લીધો છે. પ્રદર્શન કરી રહેલી મહિલાઓનું એક પ્રતિનિધિમંડળ રવિવારે ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરેશ. જો કે આ અંગે શાહીનબાગ બે જુદા જુદા કેમ્પમાં વિભાજીત થઈ ગયું છે. ગૃહમંત્રી સાથેની મુલાકાતને લઈને પણ મતભેદ ઊભો થયો છે. ઉલ્લેખનીય છે કે ગૃહમંત્રી અમિત શાહે એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે આગામી ત્રણ દિવસમાં સીએએ મુદ્દે તેમની સાથે કોઈપણ આવીને મુલાકાત કરી શકે છે. શાહે જણાવ્યું હતું કે, જેને પણ સીએએને લઈને વાંધો છે, તેઓ વાતચીત કરવા તૈયાર છે. શાહીનબાગમાં સીએએના વિરોધમાં ડિસેમ્બર માસથી કેટલીક મહિલાઓ વિરોધ પ્રદર્શન પર બેઠી છે અને તેઓ એનઆરસી તેમજ એનપીઆરનો પણ વિરોધ કરી રહી છે.

શાહીનબાગની મહિલાઓએ હવે ગૃહમંત્રી અમિત શાહને મળીને તેમની સમક્ષ પોતાની વાત રજૂ કરવાનો નિર્ણય કર્યો છે. રવિવારે બપોરે બે વાગ્યા આસપાસ આ મહિલાઓનું પ્રતિનિધિમંડળ ગૃહમંત્રીને મળે તેવી શક્યતા છે.

વિવાદિત નિવેદનો આપનાર ગિરિરાજ સિંહને ભાજપ અધ્યક્ષની કડક ચેતવણી

ન્યુ દિલ્હી

વારંવાર વિવાદીત નિવેદનો આપીને ચર્ચામાં રહેતા મોદી સરકારના કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહને ભાજપના અધ્યક્ષ જે પી નડ્ડાએ પાર્ટી કાર્યાલય બોલાવ્યા હતા.

એવુ મનાય છે કે, જેપી નડ્ડા ગિરિરાજ સિંહના વારંવાર વિવાદિત નિવેદનો આપવાથી નારાજ છે અને તેમણે આ માટે ગિરિરાજ સિંહને ચેતવણી આપી છે.નડ્ડા સાથે મુલાકાત કર્યા બાદ પાર્ટી કાર્યાલયથી નિકળેલા ગિરિરાજ સિંહે કોઈ સાથે વાત કરી નહોતી.

૧૨ ફેબ્રુઆરીએ યુપીના એક કાર્યક્રમમાં ગિરિરાજ સિંહે કહ્યુ હતુ કે, દેવબંદ આતંકવાદની ગંગોત્રી છે.દુનિયામાં જેટલી પણ આતંકવાદી ઘટનાઓ બની રહી છે તેના તાર ક્યાંક ને ક્યાંક દેવબંધ સાથે જોડાયેલા છે.દેવબંદ તરફથી હંમેશા આતંકવાદને સમર્થન અપાયુ છે.આતંકીઓ દેવબંદમાં આવીને રોકાયેલા પણ છે. આ નિવેદનને સહારનપુરના સાંસદ હાજી ફઝલુ રહેમાને શરમજનક ગણાવ્યુ હતુ અને કહ્યુ હતુ કે, દેવબંદ એ જગ્યાએ છે જ્યાં આઝાદી માટે લડાઈ લડાઈ છે અને ઉલમા કરામ આઝાદી માટે શહીદ થયા હતા.

કોરોના વાયરસ ઈફેક્ટઃ ફેસબુકે રદ કરી ગ્લોબલ માર્કેટિંગ સમિટ

સાન ફ્રાન્સિસ્કો

કોરોના વાઈરસને કારણે સૈન ફ્રાન્સિસ્કોમાં ફેસબુકે તેમની ગ્લોબલ માર્કેટીંગ સમિટને રદ કરી દીધી છે. સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર સૈન ફ્રાન્સિસ્કો ક્રોનિકલમાં એક રિપોર્ટ અનુસાર, ફેસબુકે અહીં ૯થી૧૨ માર્ચ દરમ્યાના યોજાનારા કાર્યક્રમને રદ કરી દીધો છે. આ સમિટમાં ૫૦૦૦થી વધુ લોકો સામેલ થવાની શક્યતા હતી.

આ ઉપરાંત આઈબીએમ એ કહ્યું કે, તેમણે ૨૪થી ૨૮ ફેબ્રુઆરી સુધી આરએસએ સાયબર સ્પેસ સમ્મેલનમાં સામેલ થવાનો ઈનકાર કરી દીધો. જોકે, આરએસએ કહ્યું કે તે કાર્યક્રમને રદ નહીં કરે. આ પહેલા ફ્લેગશિપ મોબાઈલ વર્લ્ડ કોંગ્રેસ ૨૦૨૦ સમ્મેલન રદ થઈ ગયું હતુ. આ કાર્યક્રમ બાર્સેલોનામાં યોજાવાનો હતો. ચીનમાં કોરોનાના વાઈરસને પગલે કુલ મૃત્યુંઆંક ૧૫૨૩ પર પહોંચ્યો છે. દર્દીઓની સંખ્યા ૬૬,૪૯૨ થઈ ગઈ છે. દેશના રાષ્ટ્રીય સ્વાસ્થ્ય આયોગે શનિવારે આ માહિતી આપી હતી. ૨૬૪૧ નવા મામલા શુક્રવારે સામે આવ્યા. તો ૧૩૭૩ દર્દીઓના સ્વાસ્થ્યમાં સુધારો થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

ભારતનો તુર્કીને જડબાતોડ જવાબઃ અમારા આંતરિક મામલામાં હસ્તક્ષેપ ન કરો

ન્યુ દિલ્હી

ભારતે જમ્મુ-કાશ્મીર અંગે તુર્કીના રાષ્ટ્રપ્રમુખ રજબ તૈયબ અર્દોગાનની ટિપ્પણીની ટીકા કરતા શનિવારે કહ્યુ છે કે તેઓ ભારતના આંતરિક મામલામાં હસ્તક્ષેપ ન કરો.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવીશ કુમારે કહ્યુ કે જમ્મુ-કાશ્મીર અંગે તુર્કીના રાષ્ટ્રપ્રમુખ દ્વારા આપવામાં આવેલા તમામ સંદર્ભોને રદ કરે છે. તેમણે કહ્યુ કે જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગે છે, જે તેનાથી ક્યારેય પણ અલગ ન થઈ શકે.

જમ્મુ-કાશ્મીર અંગે અર્દોગાનની ટિપ્પણી સંદર્ભે રવીશ કુમારે કહ્યુ કે, "ભારત જમ્મુ-કાશ્મીર અંગે તમામ સંદર્ભોને રદ કરે છે. તે ભારતનું અભિન્ન અંગ છે, જે ક્યારેય અલગ ન થઈ શકે. અમે તુર્કીને આગ્રહ કરીએ છીએ કે તે ભારતના આંતરિક મામલાઓમાં હસ્તક્ષેપ ન કરે તેમજ ભારત તેમજ સમગ્ર ક્ષેત્રના માટે પાકિસ્તાનમાંથી જન્મતા આતંકવાદના ગંભીર ખતરા સહિત અન્ય તથ્યો અંગે યોગ્ય સમજ કેળવે. અર્દોગાને શુક્રવારે પાકિસ્તાનની સંસદમાં પોતાના સંબોધન કાશ્મીરીઓના સંઘર્ષની સરખામણી પ્રથમ વિશ્વ યુદ્ધ દરમિયાન વિદેશ શાસન વિરુદ્ધ તુર્કીની લડાઈ સાથે કરી હતી.

પૂણે એરપોર્ટ પર એર ઈન્ડિયાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં બચ્યુ, જીપ સામે આવી

વિમાન દિલ્હી

એરપોર્ટ પર સહી-સલામત લેન્ડ થયું

ન્યુ દિલ્હી/પૂણે

પુણે એરપોર્ટ પર શનિવારે એક એર ઈન્ડિયાનું વિમાન દુર્ઘટના થતાં બચી ગયું છે. ડીજીસીએએ આ ઘટનાની માહિતી આપતા જણાવ્યું છે કે, એરપોર્ટના રનવે પર વિમાન ઉડાન ભરવા માટે તૈયાર થયું ત્યાં જ તેની સામે જીપ અને એક વ્યક્તિ આવી ગયા હતા. આ દરમિયાન વિમાનની સ્પીડ ૨૨૨ કિમી પ્રતિ કલાકની હતી. જોકે પાયલટે સુઝ દાખવીને રનવે પૂરો થાય તે પહેલાં જ ટેકઓફ કરી દીધું હતું. આ દરમિયાન વિમાનની ફ્યૂઅલ ટેક્ક ક્ષતિગ્રસ્ત થયું હતું. જોકે ટેક ઓફ થયા પછી પ્લેનને ક્યાંય ઈમરજન્સી લેન્ડિંગ નહતી કરવી પડી અને દિલ્હી એરપોર્ટ પર સુરક્ષીત લેન્ડિંગ કરવામાં આવ્યું હતું.

ડીજીસીએએ એર ઈન્ડિયાને સલાહ આપી છે કે તેઓ પ્લેનમાંથી કોકપિટ વોઈસ રેકોર્ડર (સીવીઆર)ને સુરક્ષીત બહાર કાઢી લે. જેથી તેનું વિશ્લેષણ કરી શકાય. ઘટનાની માહિતી લેનાર એક અધિકારીએ જણાવ્યું છે કે, તપાસ માટે પ્લેનને સર્વિસમાંથી બહાર રાખવામાં આવ્યું છે. એર ઈન્ડિયાને પુણે એર ટ્રાફિક કંટ્રોલ (એટીસી) સાથે મળીને ઘટનાની તપાસમાં સામેલ થવા અને રનવે પર માર્કિંગની જાણ મેળવવા માટે કહ્યું છે.

એર ઈન્ડિયાના પ્રવક્તાએ કહ્યું છે કે, એ૩૨૧ વિમાનના પાછળના ભાગમાં ઘસારો દેખાયો હતો. હાલ વિમાનને તપાસ માટે સર્વિસમાંથી બહાર રાખવામાં આવ્યું છે. તેના ફ્લાઈટ રેકોર્ડ ડેટાની યોગ્ય રીતે તપાસ કરવામાં આવશે અને ત્યારપછી જે પણ માહિતી સામે આવશે તેને જાહેર કરવામાં આવશે.

આજે વડાપ્રધાન મોદી વારાણસીની મુલાકાતેઃ ૧૨૦૦ કરોડની યોજનાઓનું ઉદ્ઘાટન કરશે



૪૩૦ પથારીવાળી સુપર સ્પેશિયાલિટી સરકારી હોસ્પિટલનું લોકાર્પણ

ન્યુ દિલ્હી

વડા પ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે પોતાના મતવિસ્તાર વારાણસીની મુલાકાત લેવાના છે અને ત્યાં ૩૦ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે. મોદી ૪૩૦ પથારીવાળી સુપર સ્પેશિયાલિટી સરકારી હૉસ્પિટલનું ઉદ્ઘાટન કરવાના છે. વડા પ્રધાનની ઑફિસે જણાવ્યું હતું કે મોદી વીડિયો લિંક દ્વારા આઈઆરસીટીસીની 'મહા કાલ એક્સ્પ્રેસ'ને લીલી ઝંડી બતાવશે. આ ટ્રેન ત્રણ જ્યોતિર્લિંગના શહેર - ઉત્તર પ્રદેશના વારાણસીને મધ્ય પ્રદેશના ઓમકારેશ્વર તેમ જ ઉજ્જૈનની સાથે જોડશે.

વડા પ્રધાન મોદી પંડિત દીનદયાળ ઉપાધ્યાય સ્મૃતિ કેન્દ્ર રાષ્ટ્રને સમર્પિત કરશે અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના આ નેતાની ૬૩ ફૂટ ઊંચી પ્રતિમા ખૂલ્લી મૂકશે. તે આ નેતાની દેશમાંની સૌથી ઊંચી પ્રતિમા હશે. અંદાજે ૨૦૦ કલાકારે એક વર્ષ દિવસરાત મહેનત કરીને આ પ્રતિમા તૈયાર કરી છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાય સ્મૃતિ કેન્દ્રમાં આ નેતાના જીવનની વિવિધ માહિતી જાણવા મળશે. ઓડિશાના આશરે ૩૦ કલાકારે એક વર્ષ દરમિયાન સંબંધિત બધી તૈયારી કરી હતી. બનારસ હિંદુ વિદ્યાપીઠ ખાતે ૪૩૦ પથારી ધરાવતી સુપર સ્પેશિયાલિટી સરકારી હૉસ્પિટલ ઉપરાંત ૭૪ પથારીવાળી માનસિક રોગીઓને લગતી હૉસ્પિટલ શરૂ કરાશે. પંડિત દીનદયાળ ઉપાધ્યાય હસ્તકલા સંકુલ ખાતે બે દિવસના 'કાશી એક રૂપ અનેક' કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે. તેમાં ઉત્તર પ્રદેશના વિવિધ ઉત્પાદન મુકાશે. મોદી આ કાર્યક્રમમાં ગ્રાહકો અને કલાકારોની સાથે વાત કરશે. વડા પ્રધાન શ્રી જગદ્ગુરુ વિશ્રૂવઆરાધ્ય ગુરુકુળની શતાબ્દીની ઉજવણીના અંતિમ કાર્યક્રમમાં હાજરી આપશે. તેઓ શ્રી સિદ્ધાંત શિખામણી ગ્રંથના ૧૯ ભાષામાં કરાયેલા ભાષાંતરનું વિમોચન કરશે અને તેની મૉબાઇલ ઍપ્લિકેશનને શરૂ કરાવશે.

પ્રમોશનમાં અનામત પર સુપ્રિમના આદેશમાં સુધારા માટે સરકાર વટહુકમ લાવેઃ પાસવાન

ન્યુ દિલ્હી

કેન્દ્રિય મંત્રી રામવિલાસ પાસવાને કહ્યું કે, એસસી અને એસટી સમુદાયોને નોકરીમાં અનામત પર સુપ્રીમ કોર્ટના તાજેતરના નિર્ણયમાં સુધારા માટે સરકારે એક વટહુકમ લાવવાનો જોઈએ. પાસવાને કહ્યું કે, આ પ્રકારના તમામ મુદ્દાઓને બંધારણની નવમી અનુસુચીમાં નાખી દેવા જોઈએ જેથી તેને ન્યાયિક સમીક્ષાના દાયરાથી બહાર રાખી શકાય.

પાસવાને કહ્યું કે, સરકારે સુપ્રીમ કોર્ટના નિર્ણયના વિરુદ્ધમા એક રિવ્યૂ પિટિશન દાખલ કરવા અને આ વિષય પર કાયદાકીય મત લેવા પર વિચાર કરી રહી છે. રિવ્યૂ પિટિશનનો એક વિકલ્પ છે.

પાકિસ્તાનની બેવડી નીતિઃ એફએટીએફની બેઠક બાદ આતંકી હાફિઝને છોડી મૂકશે..!!

લાહોર

મુંબઈ હુમલાનો માસ્ટરમાઈન્ડ હાફિઝ સઈદ ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સની બેઠક બાદ છોડવામાં આવી શકે છે. હાફિઝને સજા આપવાના નિર્ણયમાં જાણી જોઈને થોડી છૂટ છાટ આપવામાં આવી રહી છે. પાકિસ્તાની છાપા ડોનના જણાવ્યા પ્રમાણે, સઈદના વકીલનો દાવો છે કે તેમના ક્લાઈન્ટને માત્રને માત્ર ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સના દબાણના કારણે સજા સંભળાવવામાં આવી છે. તે આતંકરોધી કોર્ટનિર્ણયને લાહોર હાઈકોર્ટમાં પડકારશે. હાફિઝ અને તેમના સહયોગીને લાહોરના એટીસીએ ટેરર ફંડિંગના બે કેસમાં ૧૨ ફેબ્રુઆરીએ પાંચ વર્ષની સજા સંભળાવી હતી.

ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સની બેઠક ૧૬મી ફેબ્રુઆરીએ પેરિસમાં યોજાશે. આ બેઠકમાં પાકિસ્તાન પર આર્થિક પ્રતિબંધ લગાવવા અંગે અંતિમ નિર્ણય લેવાશે. ગત વર્ષે સપ્ટેમ્બરમાં ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સએ આતંકી પ્રવૃત્તિઓ રોકવામાં નિષ્ફળ રહેવા અંગે પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં નાંખી દીધું હતું. આ સાથે જ ભારતે દાવો કર્યો છે કે જૈશ-એ-મોહમ્મદે આતંકીઓની ટ્રેનિંગ માટે બાલાકોટમાં બિલ્ડિંગ બનાવી છે. હાફિઝના સંગઠન જમાત-ઉદ-દાવાનો અફઘાન તાલિબાન, અલકાયદા અને પંજાબી તાલિબાન જેવા ઘણા આતંકી સંગઠનો સાથે સંબંધ છે.

જર્મનીમાં મ્યૂનિખ સંમેલનમાં વિદેશમંત્રીનો અમેરિકાને વળતો જવાબ

એક લોકતંત્ર દેશ જમ્મૂ-કાશ્મીરનો નિવેડો લાવી દેશે તમે ચિંતા ના કરશોઃ એસ.જયશંકર

મ્યૂનિખ

જર્મનીમાં યોજાયેલા મ્યૂનિખ સુરક્ષા સંમેલનમાં વિદેશ મંત્રી એસ જયશંકરે અમેરિકાને વળતો જવાબ આપ્યો છે. અમેરિકન સેનેટર લિન્ડસે ગ્રાહે કાશ્મીરની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી જેના માટે જયશંકરે કહ્યું કે,'ચિંતા ન કરશો. એક લોકતંત્ર(ભારત)આનો નિવેડો લાવી દેશે અને તમે જાણો છો કે એ દેશ કયો છે? આ પહેલા ગ્રાહમે કહ્યું હતું કે, 'કાશ્મીરથી પાછા આવ્યા બાદ હું એ સમજી શક્યો નથી કે લોકડાઉન ખતમ ક્યારે થશે. બન્ને દેશો(ભારત-પાકિસ્તાન)ને આ મુદ્દાનો ઝડપથી નિવેડો લાવવો પડશે.'

જયશંકરે કહ્યું, 'સંયુક્ત રાષ્ટ્ર પોતાના ઈતિહાસની તુલનામાં હવે ઓછું વિશ્વાસપાત્ર રહી ગયું છે. જયારે તમે આના વિશે વિચારો છો તો આની ઘટતી જતી વિશ્વસનીયતા તમને ચોંકાવતી નથી. સંસ્થામાં હવે એ વસ્તુઓ નથી થઈ રહી જે ૭૫ વર્ષ પહેલા થતી હતી. સ્પષ્ટ છે કે આમાં પરિવર્તન લાવવા માટે ઘણું કરવાની જરૂર છે'તેમણે એવું પણ કહ્યું કે, 'એવા ઘણા દેશ છે, જ્યાં રાષ્ટ્રવાદ અંગે વધારે મૂર્ખતા છે. ઘણા કેસમાં રાષ્ટ્રવાદ વધારે અસુરક્ષિત છે. તથ્ય એ છે કે જે રાષ્ટ્ર વધારે રાષ્ટ્રવાદી દેખાતો હોય તે ઓછો બહુપક્ષીય હોય છે'

રાષ્ટ્રવાદ અંગેના સવાલ પર તેમણે કહ્યું કે, 'આ અંગે કોઈ સવાલ નથી ઉઠતો કે દુનિયામાં રાષ્ટ્રવાદની બોલબાલા છે. અમેરિકા, ચીન સહિત દુનિયાના ઘણા દેશોનું આની પર જોર છે. દેખીતું છે કે મોટા પાયે રાષ્ટ્રવાદની સ્વીકૃતિ મળી છે'.

જર્મનીમાં મ્યૂનિખ સંમેલનમાં વિદેશમંત્રીનો અમેરિકાને વળતો જવાબ

એક લોકતંત્ર દેશ જમ્મૂ-કાશ્મીરનો નિવેડો લાવી દેશે તમે ચિંતા ના કરશોઃ એસ.જયશંકર

મ્યૂનિખ

જર્મનીમાં યોજાયેલા મ્યૂનિખ સુરક્ષા સંમેલનમાં વિદેશ મંત્રી એસ જયશંકરે અમેરિકાને વળતો જવાબ આપ્યો છે. અમેરિકન સેનેટર લિન્ડસે ગ્રાહે કાશ્મીરની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી જેના માટે જયશંકરે કહ્યું કે,'ચિંતા ન કરશો. એક લોકતંત્ર(ભારત)આનો નિવેડો લાવી દેશે અને તમે જાણો છો કે એ દેશ કયો છે? આ પહેલા ગ્રાહમે કહ્યું હતું કે, 'કાશ્મીરથી પાછા આવ્યા બાદ હું એ સમજી શક્યો નથી કે લોકડાઉન ખતમ ક્યારે થશે. બન્ને દેશો(ભારત-પાકિસ્તાન)ને આ મુદ્દાનો ઝડપથી નિવેડો લાવવો પડશે.'

જયશંકરે કહ્યું, 'સંયુક્ત રાષ્ટ્ર પોતાના ઈતિહાસની તુલનામાં હવે ઓછું વિશ્વાસપાત્ર રહી ગયું છે. જયારે તમે આના વિશે વિચારો છો તો આની ઘટતી જતી વિશ્વસનીયતા તમને ચોંકાવતી નથી. સંસ્થામાં હવે એ વસ્તુઓ નથી થઈ રહી જે ૭૫ વર્ષ પહેલા થતી હતી. સ્પષ્ટ છે કે આમાં પરિવર્તન લાવવા માટે ઘણું કરવાની જરૂર છે'તેમણે એવું પણ કહ્યું કે, 'એવા ઘણા દેશ છે, જ્યાં રાષ્ટ્રવાદ અંગે વધારે મૂર્ખતા છે. ઘણા કેસમાં રાષ્ટ્રવાદ વધારે અસુરક્ષિત છે. તથ્ય એ છે કે જે રાષ્ટ્ર વધારે રાષ્ટ્રવાદી દેખાતો હોય તે ઓછો બહુપક્ષીય હોય છે'

રાષ્ટ્રવાદ અંગેના સવાલ પર તેમણે કહ્યું કે, 'આ અંગે કોઈ સવાલ નથી ઉઠતો કે દુનિયામાં રાષ્ટ્રવાદની બોલબાલા છે. અમેરિકા, ચીન સહિત દુનિયાના ઘણા દેશોનું આની પર જોર છે. દેખીતું છે કે મોટા પાયે રાષ્ટ્રવાદની સ્વીકૃતિ મળી છે'.

ઉ.પ્રદેશમાં એમબીએ વિદ્યાર્થીનીનું અપહરણ કરી ચાર શખ્સોએ દુષ્કર્મ આચરતા ખળભળાટ

હાપુડ

ઉત્તર પ્રદેશના હાપુડ જનપદમાં એમબીએ વિદ્યાર્થીનીનું અપહરણ કરીને તેની સાથે ગેંગરેપ કરવામાં આવ્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. વિદ્યાર્થીનીના પિતાની ફરિયાદ બાદ ગઢ કોતવાલીમાં ચાર યુવક પર ગેંગરેપ અને અપહરણનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગત પ્રમાણે ગઢ ક્ષેત્રમાં રહેતી વિદ્યાર્થીની મેરઠની એક કૉલેજમાં એમબીએનો અભ્યાસ કરે છે. ગુરુવારે સાંજે વિદ્યાર્થીની મેરઠથી ઘર જવા માટે નીકળી હતી, પરંતુ ઘરે પહોંચી ન હતી. જે બાદમાં પરિવારના લોકોએ વિદ્યાર્થીનીનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ વિદ્યાર્થીનીનો મોબાઇલ ફોન બંધ આવ્યો હતો, જે બાદમાં પરિવારના લોકોએ ફરિયાદ દાખલ કરી હતી.

ફરિયાદ મળતા જ પોલીસે વિદ્યાર્થીનીને શોધવાના પ્રયાસો શરૂ કર્યા હતા, જે બાદમાં પોલીસને મોબાઇલના લોકેશનના આધારે વિદ્યાર્થીની બુલંદશહેરના સ્યાનામાંથી મળી આવી હતી. વિદ્યાર્થીની જખમી હાલતમાં હતી. તેને સારવાર માટે મેરઠ ખસેડવામાં આવી હતી. હાલ વિદ્યાર્થીનીની હાલક ખૂબ ખરાબ છે, તે બોલી શકવાની સ્થિતિમાં નથી.

વિદ્યાર્થીનીના પિતાની ફરિયાદના આધારે પોલીસે ચાર યુવક સામે અપહરણ અને ગેંગરેપનો કેસ દાખલ કર્યો છે. ચારેય યુવકોની શોધખોળ કરવામાં આવી રહી છે. પોલીસ અધિકારી તેજવીર સિંહે કહ્યું કે, ગઢ ક્ષેત્રમાં રહેતા વિદ્યાર્થીનીના પરિવાર તરફથી ફરિયાદ મળી હતી.

વાહકજન્ય રોગ નિયંત્રણ માટે વિરમગામ સહિત અમદાવાદ જીલ્લામાં રાત્રીસભાઓ શરૂ કરવામાં આવી



રાત્રીસભામાં ગ્રામજનોને પોરાનું લાઈવ ડેમોસ્ટ્રેશન, મેલેરીયાથી બચવાના ઉપાયો, નિદાન, સારવાર સહિતની માહીતી આપવામાં આવી રહી છે

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ દ્વારા

મેલેરીયા મુક્ત ગુજરાત ૨૦૨૨ અન્વયે વિરમગામ સહિત અમદાવાદ જીલ્લામાં વાહકજન્ય રોગોના નિયંત્રણ માટે વર્ષ-૨૦૧૯ દરમ્યાન જે વિસ્તારમાં મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનીયાના કેસો નોંધાયેલ હોય તેમજ અર્બન વિસ્તાર, પેરીફેરી વિસ્તારમાં જનજાગૃતિ માટે રાત્રી સભાઓ શરૂ કરવામાં આવી છે. આરોગ્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ દ્વારા રાત્રીસભામાં ગ્રામજનોને પોરાનું લાઈવ ડેમોસ્ટ્રેશન, મેલેરીયાથી બચવાના ઉપાયો નિદાન સારવાર સહિતની માહીતી આપવામાં આવી રહી છે. વિરમગામ તાલુકામાં રાત્રીસભાઓને સફળ બનાવવા માટે તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા, નીલકંઠ વાસુકિયા, કે એસ ઠાકોર, બી એફ સાપરા, જયેશ પાવરા, વી એ સાપરા સહિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમા મેડીકલ ઓફિસર સહિત આરોગ્ય કર્મચારીઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

અમદાવાદ જિલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યુ હતુ કે, સામાન્ય રીતે આરોગ્ય કર્મચારીઓ દ્વારા વાહકજન્ય રોગ નિયંત્રણ માટે ફરજના સમય દરમ્યાન જનજાગૃતિ કરીને લોકોને આરોગ્ય શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. પરંતુ દિવસ દરમ્યાન અનેક લોકો કામ ધંધા અર્થે બહાર ગયેલા હોવાથી તેઓ વંચીત રહી જાય છે. જેથી રાત્રી દરમ્યાન મોટાભાગના લોકો ઘરે હોય અને મહત્તમ લોકો સુધી વાહકજન્ય રોગ નિયંત્રણની સચોટ માહીતી પહોચાડી શકાય તે માટે વિરમગામ સહિત અમદાવાદ જીલ્લામાં રાત્રીસભાઓ શરૂ કરવામાં આવી છે. રાત્રીસભામાં અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા મેલેરીયા થવાના કારણો, મેલેરીયાથી બચવાના ઉપાયો, મેલેરીયાનું નિદાન તથા સારવાર, પોરા નિદર્શન, ૧૦૪ ફિવર હેલ્પ લાઇન સહિતની જરૂરી તમામ મહીતીઓ આપવામાં આવી રહી છે. રાત્રી સભાઓમાં જીલ્લા અને તાલુકાની ટીમ ઉપરાંત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના અધિકારીઓ કર્મચારીઓ સહિત ગ્રામજનો જોડાઇ રહ્યા છે.

એરપોર્ટથી ગાંધી આશ્રમ સુધી રોડ શોમાં પીએમ મોદી જોડાશે, ૫૫ ગાડીનો કાફલો રહેશે

ટ્રમ્પની સુરક્ષામાં ૧૦ હજારથી વધારે પોલીસ ખડેપગે રહેશે, અમદાવાદમાં ૩.૩૦ કલાક રોકાશે

નદીમાં મરીન કમાન્ડોનું પેટ્રોલિંગ, ઈમરજન્સી સંજોગોમાં ટ્રમ્પને એરલિફ્ટ કરવા સ્ટેડિયમ પાસે બે હેલિકોપ્ટર મુકાશે

અમદાવાદ

અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તથા ફર્સ્ટ લેડી મેલેનિયા તારીખ ૨૪ અને ૨૫ ફેબ્રુઆરી ભારતનાં પ્રવાસે છે. તેઓ વડાપ્રધાન મોદી સાથે ૨૪મીએ અમદાવાદ આવશે. તેઓ અહીં અમદાવાદમાં ૩:૩૦ કલાક રોકાશે. જેમાં તેઓ રોડ શોમાં અડધો કલાક, ગાંધી આશ્રમમાં ૩૦ મિનિટ અને મોટેરા સ્ટેડિયમમાં 'કેમ છો ટ્રમ્પ' કાર્યક્રમમાં ૨.૩૦ કલાક રોકાશે. જે માટે તેમની સુરક્ષા એકદમ સઘન બનાવી દેવામાં આવશે જે માટે અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

મળતી માહિતી પ્રમાણે, ૨૫ આઈપીએસ, ૬૫ એસીપી, ૨૦૦ પીઆઈ, ૮૦૦ પીએસઆઈ સાથે ૧૦,૦૦૦ પોલીસ જવાનો ખડેપગે બંદોબસ્તમાં રહેશે. આ સાથે એનએસજી અને એનએસજીના એન્ટી સ્નાઈપરની એક ખાસ ટુકડી પણ તૈનાત રાખવામાં આવશે. આ સાથે મોટેરા સ્ટેડિયમની સૌથી મહત્વપૂર્ણ ઈવેન્ટનાં સંકલનની તથા સ્ટેડિયમનાં પ્રેક્ષકોને લગતી જવાબદારી અધિક મુખ્ય સચિવ પંકજ કુમારને સોંપવામાં આવી છે. આ કામગીરીમાં સામાન્ય વહીવટી વિભાગનાં અગ્ર સચિવ કમલ દાયાણી જવાબદારી નિભાવશે.

આ ઉપરાંત પિનાક સોફ્ટવેર રજીસ્ટ્રેશનને લઈને આસપાસનાં મકાનોમાં રહેતા ભાડુઆતોની તપાસ હાથ ધરાઈ રહ્યું છે. પોલીસને સામાન્ય જનતાને કોઈપણ શંકાસ્પદ માહિતી હોય તો પોલીસને આપવા અપિલ કરી છે. જિલ્લા અને તાલુકામાંથી આવતા લોકો માટે અલગ વ્યવસ્થા પાર્કિંગ માટે ૨૮ સ્પોટ નક્કી કરાયા છે. ૧.૫ કિમીની ત્રીજયામાં પાર્કિંગ વ્યવસ્થા બહારનાં જિલ્લાનાં અધિકારીઓએ પણ તેમના ત્યારથી આવતા લોકોનું વેરિફિકેશન કર્યું છે.

એરપોર્ટથી રોડ શો કરીને ટ્રમ્પ અને મોદી ગાંધીઆશ્રમની મુલાકાત લેશે. ગાંધીઆશ્રમમાં માત્ર બે મહાનુભવો જ હાજર રહેશે. પબ્લિક માટે કોઈ એન્ટ્રી નથી. પરંતુ આશ્રમની પાછળના ભાગે નદી હોવાથી સિક્યુરિટીના કારણોથી નદીમાં મરીન કમાન્ડો ફોર્સ સતત પેટ્રોલિંગ કરશે. જયારે આશ્રમ ખાતે સ્નાઈપરના પણ બે પોઈન્ટ ફાળવવામાં આવ્યા હોવાનું પોલીસસૂત્રોનું કહેવુ છે. આશ્રમની અંદર થ્રીડી કેમેરા પણ ગોઠવવામાં આવ્યા છે જે અવરજવર કરતા તમામ લોકોનું સ્કેનિંગ પણ કરશે અને ૩૬૦ ડિગ્રી સુધી કોઈ પણ દ્રશ્ય કેપ્ચર કરી શકે છે. શુક્રવારે વિદેશ મંત્રાલયના અધિકારીઓએ ગાંધીઆશ્રમની મુલાકાત લીધી હતી અને મહાનુભાવોની એન્ટ્રી કેવી રીતે થશે અને ક્યાં જશે તેની માહિતી લીધી હતી.

મોટેરા સ્ટેડિયમ ખાતે બે હેલિપેડ બનાવવામાં આવ્યા છે અને અહીં બે હેલિકોપ્ટર પણ તહેનાત કરાશે. ટ્રમ્પ બાય રોડ જ મોટેરા સ્ટેડિયમ ખાતે જશે પરંતુ ઈમરજન્સીના સંજોગોમાં એર લિફ્ટ કરી શકાય તે માટે બે હેલિકોપ્ટર પણ તૈયાર રાખવામાં આવશે. ટ્રમ્પના અને મોદીના કાફલા સાથે આવનારી ૫૫ કારના પાર્કિંગ માટે પણ સ્ટેડિયમમાં હેલિપેડ નજીક જ વ્યવસ્થા કરવામાં આવી છે. ડોનાલ્ડ ટ્રમ્પની સાથે અમેરિકન સિક્રેટ સર્વિસની ૩૦૦ લોકોની ટીમ આવશે. જે એરપોર્ટથી ગાંધીઆશ્રમ અને મોટેરા ક્રિકેટ સ્ટેડિયમની સિક્યુરિટી સંભાળશે. અમદાવાદ શહેર પોલીસ દ્વારા ત્રણ સંભવિત રૂટ, ગાંધી આશ્રમ અને મોટેરા ક્રિકેટ સ્ટેડિયમમાં સિક્યુરિટીનો આખો મેપ રવિવાર રાત સુધીમાં બની જશે. સોમવારે અમેરિકન સિક્રેટ સર્વિસના એજન્ટોને સમગ્ર સિક્યુરિટી બતાવી અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવશે.

મોદી-ટ્રમ્પના રોડ-શો માટે ૪ કરોડના ખર્ચે ગ્રીન સ્પેસ તૈયાર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૩૦ કિલોમીટર લાંબા રોડ શો રૂટ પર અલગ-અલગ પ્રકારના આશરે ૧ લાખ જેટલા વૃક્ષો વાવવામાં આવશે. લગભગ ૪ કરોડ રૂપિયાના ખર્ચે ગ્રીન સ્પેસ તૈયાર કરવામાં આવી રહ્યું છે. એટલું જ નહીં મોદી અને ટ્રમ્પ ૨૪મી ફેબ્રુઆરીના રોજ જ્યારે ગાંધી આશ્રમ અને મોટેરા ક્રિકેટ સ્ટેડિયમની મુલાકાત લેશે, ત્યારે માર્ગ પર ધૂળ કે, પથ્થર ન દેખાય તેના માટે કોર્પોરેશનના કર્મચારીઓ દ્વારા રોડની સફાઈ કામગીરી અને ડ્રેનેજ સિસ્ટમ પર કામ કરવામાં આવી રહ્યું છે.

નોંધનીય છે કે, ૨૪મી અને ૨૫મી ફેબ્રુઆરીના રોજ એટલે કે, બે દિવસ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતના પ્રવાસે છે. ત્યારે ૨૪મી ફેબ્રુઆરીના રોજ અમદાવાદ અને ૨૫મી ફેબ્રુઆરીના રોજ દિલ્હીમાં હાજરી આપશે.

શાંતિપૂર્ણ રીતે પહેલા પાનાનું ચાલું

ક્ષોભજનક સ્થિતિમાં મૂક્યા બાદ આજે વધુ એક કોર્ટે કેન્દ્ર સરકારના પગલાઓ સામે એવી જ કડક ટીપ્પણી પસાર કરી હોવાનું મનાય છે.

કોઈપણ કાયદાની સામે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરનારાઓને ગદ્દાર કે દેશદ્રોહી કહી શકાય નહીં. આ વાત બોમ્બે હાઈકોર્ટે નાગરિકતા સંશોધન કાયદાના વિરોધમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનથી જોડાયેલી એક અરજીની સુનાવણી કરતી વખતે કહી છે.

બોમ્બે હાઈકોર્ટની ઓરંગાબાદ બેંચે આ વાત નાગરકિતા કાયદાના વિરોધમાં પ્રદર્શન માટે પોલીસની પરવાનગી નહીં મળવાને કારણે દાખલ કરેલી એક અરજીની સુનાવણી દરમિયાન કહી છે. રિપોર્ટ અનુસાર, અમુક લોકોએ મહારાષ્ટ્રના માલજલગાંવના એક મેદાનમાં સીએએ-એનઆરસીના વિરોધમાં શાંતિપૂર્ણ પ્રદર્શન કરવાની પરવાગની માગી હતી. પણ જિલ્લા તંત્રએ તેમને પરવાનગી આપી નહીં.

પરવાનગી નહીં આપવા પાછળ એડિશનલ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટએ જે આદેશ આપ્યો તેમાં બીડના એસપીની તે રિપોર્ટનો પણ હવાલો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, આવા આંદોલનોને કારણે કાયદા-વ્યવસ્થાની સ્થિતિ ખરાબ થાય છે. ત્યાર બાદ વિરોધ પ્રદર્શનની માગ કરનારાઓએ બોમ્બે હાઈકોર્ટમાં પોલીસના નિર્ણયને પડકારવા અરજી દાખલ કરી.

સુનાવણી દરમિયાન બેંચે કહ્યું કે, આ રીતના આંદોલનોથી નાગરિકતા સંશોધન કાયદાની જોગવાઈઓની અવગણના કરવાનો કોઈ સવાલ પેદા થતો નથી. કોર્ટ પાસેથી આ લોકો દ્વારા શાંતિપૂર્ણ રીતે આંદોલન કરવાના અધિકાર પર વિચાર કરવાની આશા રાખવામાં આવે છે. નાગરિકતા કાયદાનો વિરોધ સરકારની સામે માત્ર એક વિરોધ પ્રદર્શન છે.

કોર્ટે કહ્યું, જ્યારે અમે આ રીતની કાર્યવાહી પર વિચાર કરીએ છે, ત્યારે આપણે એ ધ્યાન રાખવું જોઈએ કે આપણે એક લોકતાંત્રિક ગણરાજ્ય દેશ છે અને આપણા બંધારણે આપણને કાયદાનું શાસન આપ્યું છે, નહીં કે બહુમતનું શાસન. જ્યારે આ રીતના કાયદા બનાવવામાં આવે છે, ત્યારે અમુક લોકોને વિશેષ કરીને મુસલમાનોને એવું મહેસૂસ થઈ શકે છે કે, આ કાયદો તેમના હિતના વિરોધનો છે. માટે આ રીતના કાયદાનો વિરોધ થવો જોઈએ. આ તેમની ધારણા અને વિશ્વાસનો વિષય છે. અને કોર્ટ તેમની ધારણા અને વિશ્વાસના ગુણમાં નહીં જઈ શકે.

જણાવી દઈએ કે, ઓરંગાબાદ બેંચે બીડ જિલ્લાના એડીએમ અને મજલગામના સિટી પોલીસના બે આદેશોને પણ રદ કરી દીધા છે. જેમાં પોલીસે એડીએમના આદેશનો હવાલો આપી વિરોધ પ્રદર્શન કરવાની પરવાનગી આપી નહોતી.

બેન્ચે કહ્યું કે, ભારતને આઝાદી તેવા આંદોલનોના કારણે મળી જે અહિંસક હતા અને અહિંસાનો આ માર્ગ આજે સુધી આ દેશ દ્વારા અપનાવાયો છે. અમે ભાગ્યશાળી છીએ કે આ દેશના મોટાભાગના લોકો હજુ પણ અહિંસામાં વિશ્વાસ કરે છે.

બેંચે કહ્યું, આ મામલામાં પણ અરજીકર્તા અને તેના સાથી પોતાનો વિરોધ નોંધાવા માટે શાંતિપૂર્ણ રીતે આંદોલન કરવા ઈચ્છે છે. બેંચે આગળ કહ્યું કે, બ્રિટિશ કાળમાં અમારા પૂર્વજોએ સ્વતંત્રતા અને માનવ અધિકારો માટે સંઘર્ષ કર્યો હતો અને તે આંદોલન પાછળની ફિલોસોફીથી આપણે આપણું સંવિધાન બનાવ્યું. આ કહી શકાય કે આ દુર્ભાગ્યપૂર્ણ છે પરંતુ લોકો પોતાની સરકાર વિરુદ્ધ આંદોલન કરી શકે છે અને માત્ર આ આધાર પર તેમના આંદોલનને દબાવી શકાય નહીં.

આજે કેજરીવાલ પહેલા પાનાનું ચાલું

મુખ્યમંત્રીની સલાહ પર મંત્રી તરીકે નિમણૂક કરી છે. તેઓ પણ આવતીકાલે મંત્રીપદના શપથ લેશે.

કેજરીવાલ સાથે ૧૬ ફેબ્રુઆરીએ શપથ લેનારા છ પદનામિત મંત્રીઓમાં પૂર્વ નાયબ સીએમ મનિષ સિસોદિયા, સત્યેન્દ્ર જૈન, ગોપાલ રાય, કૈલાસ ગેહલોત, ઈમરાન હુસેન અને રાજેન્દ્ર ગૌતમનો સમાવેશ થાય છે. જાહેરનામામાં કહેવામાં આવ્યું છે કે, 'રાષ્ટ્રિય પાટનગર દિલ્હીના મુખ્ય મંત્રી તરીકે અરવિંદ કેજરીવાલની નિમણૂક કરતા રાષ્ટ્રપતિ હર્ષની લાગણી અનુભવે છે. શપથ લેવાના દિવસથી તેમની નિમણૂક અસરકારક રહેશે.

અન્ય એક સૂચના મુજબ રાષ્ટ્રપતિએ તેમની પ્રધાનોની પરિષદની સાથે તાત્કાલિક અસરથી દિલ્હીના મુખ્ય પ્રધાન તરીકે કેજરીવાલનું રાજીનામું સ્વીકાર્યું હતું. જાહેરનામા મુજબ નવા મુખ્યમંત્રીના શપથ ન થાય ત્યાં સુધી કેજરીવાલ વચગાળાના મુખ્યમંત્રી તરીકે કામ કરશે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આપએ ૭૦ માંથી ૬૨ બેઠકો પર વિજય મેળવ્યો હતો અને ભાજપને માત્ર આઠ બેઠકો મળી હતી. કોંગ્રેસનું ખાતું પણ ખુલ્યું ન હતું. કેજરીવાલ રવિવારે સતત ત્રીજીવાર મુખ્યમંત્રી પદના શપથ લઈને હેટ્રીક નોંધાવશે. તેઓ ૨૦૧૩માં ૪૯ દિવસ માટે અને ૨૦૧૫માં પાંચ વર્ષ સુધી સીએમ પદે રહ્યાં હતા. દિલ્હીના મતદારોએ સતત ત્રીજી વાર આપને સત્તા સોંપી છે.

દિલ્હી વિધાનસભાની ચૂંટણી જીત્યા બાદ હવે આમ આદમી પાર્ટીએ રાજધાનીથી આગળ વધવાની મહત્વાકાંક્ષી યોજના ઘડી છે. આ યોજના હેઠળ પાર્ટીએ દેશભરની સ્થાનિક સંસ્થાઓમાં ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે. પાર્ટીના વરિષ્ઠ નેતા ગોપાલ રાયે કહ્યું કે પાર્ટીએ તેના 'સકારાત્મક રાષ્ટ્રવાદ' ની અપેક્ષા રાખી પાર્ટીના વિસ્તરણ માટે રવિવારે તેની રાષ્ટ્રીય કારોબારીની બેઠક બોલાવી છે.

ભાજપ-કોંગ્રેસના પહેલા પાનાનું ચાલું

ઈન્ડિયાને પણ એક બેઠક મળવાની આશા છે. પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસને પાંચમાંથી ચાર બેઠક મળવાની આશા છે, જયારે કોંગ્રેસે માકપાને સમર્થન આપવાના સંકેત આપ્યા હતા. બિહારમાં જેડીયૂ અને ભાજપ ગઠબંધનને ૩, જયારે આરજેડીને ૨ બેઠક મળવાની આશા છે. આરજેડીએ રાબડી દેવીને રાજયસભામાં મોકલવાના સંકેત આપ્યા છે.

તમિલનાડુમાં ૬ બેઠકો ખાલી થશે, જેમાં અન્નાદ્રમુક અને દ્રમુકને ૩-૩ બેઠકો મળી શકે છે. રાજયસભામાં અન્નાદ્રમુકના ૧૧ સાંસદ છે. મધ્યપ્રદેશની ત્રણ બેઠકોમાંથી બે પર કોંગ્રેસ અને એક પર ભાજપને મળી શકે છે.

આરબીઆઈનું પહેલા પાનાનું ચાલું

લગાવ્યુ છે. તેમણે કહ્યુ, ચાલુ નાણાકીય વર્ષની આર્થિક સમીક્ષાના આધારે અમે આ અનુમાન લગાવ્યુ છે જે આર્થિક સર્વેક્ષણ પ્રક્ષેપણને અનુરુપ છે.

એક અન્ય પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું કે સરકારને આરબીઆઈ તરફથી અંતરિમ લાભાંશ આપવા વિશે હાલ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. જ્યારે પણ આ વિશે નિર્ણય લેવામાં આવશે તેની જાણકારી આપવામાં આવશે.

વર્તમાન નાણાકીય વર્ષમાં આર્થિક નુકસાન બજેટ અંદાજ કરતાં વધુ રહેવાના કારણે સરકારને તેને ૦.૫ ટકા વધારીને સંશોધિત અનુમાનમાં ૩.૮ ટકા કરવુ પડ્યુ છે. આગામી નાણાકીય વર્ષ માટે આર્થિક નુકસાનનું લક્ષ્ય ૩.૫ ટકા રાખવામાં આવ્યું છે. તેવામાં રિઝર્વથી લાભાંશ મળવા પર તેને નાણાકીય શિસ્ત યથાવત રાખવામાં સરળતા રહેશે.

ગર્ભવતી મહિલાઓને પહેલા પાનાનું ચાલું

આ જ કારણ છે કે સરકારે આ વધારાની જાહેરાત કરી છે અને જીવન નિર્વાહના ખર્ચનો ઉલ્લેખ કર્યો છે. સરકારના મતે આ હકીકતને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

પ્રસૂતિ ખર્ચ એવી લાભાર્થી મહિલાઓને ચૂકવવામાં આવે છે જેમની પાસે ESIC નેટવર્ક હોસ્પિટલો અથવા દવા કેન્દ્રો, અન્ય હોસ્પિટલોમાં માતૃત્વ સેવાઓનો લાભ ઉઠાવે છે. આપને જણાવીએ કે હાલમાં દેશભરમાં ESICની ૧૫૦થી વધુ હોસ્પિટલો છે. આ હોસ્પિટલોમાં સામાન્યથી ગંભીર રોગોની સારવાર માટેની સુવિધા છે.

પૂર્વ આઇએએસ પહેલા પાનાનું ચાલું

છે. આ ઉપરાંત મોહમ્મદ સાગર, સરતાજ મદની, હિલાલ લોન અને નઈન અખ્તર સામે પણ આ કાયદો લાગુ કરી કેસ દાખલ કર્યો છે.

પબ્લિક સેફ્ટી એક્ટ જેએન્ડકેનો વિશેષ કાયદો છે. ૧૯૭૮માં ફારુક અબ્દુલ્લાના પિતા શેખ અબ્દુલ્લાએ આ કાયદો લાગુ કર્યો હતો. આ કાયદા અંતર્ગત કોઈપણ શખ્સની સુરક્ષાના હેતુથી ધરપકડ કરી શકાય છે. આ કાયદાની જોગવાઈ મુજબ સ્થાનિક તંત્ર કોઈપણ વ્યક્તિ સામે કેસની ટ્રાયલ ચલાવ્યા વગર તેને બે વર્ષ સુધી જેલમાં રાખી શકે છે. દાણચોરો અને આતંકવાદીઓ માટે આ કાયદો ઉપયોગી હતો. દેશના અન્ય ભાગમાં લાગુ થતા રાષ્ટ્રીય સુરક્ષા કાયદાની સમકક્ષ આ કાયદો છે.

મહારાષ્ટ્રમાં પહેલા પાનાનું ચાલું

સ્પષ્ટ કર્યુ નથી. મહત્વપૂર્ણ છે કે કેન્દ્રીય ગૃહમંત્રાલય હેઠળ રજિસ્ટ્રાર જનરલ એન્ડ સેસન્સ કમિશનરે દેશભરમાં એપ્રિલથી સપ્ટેમ્બર સુધી જનસંખ્યા યાદીને અપડેટ કરવા માટે એનપીઆર લાગુ કરવાનો નિર્ણય લીધો છે. તેની માટે ૭ જાન્યુઆરીએ અધિસૂચના જાહેર કરવામાં આવી હતી.



ફિલ્મી ગપસપ...



ફિલ્મ 'દૂરદર્શન' માટે માહી ગિલે બુલેટ ચલાવવાનું શીખ્યું છે. 'દૂરદર્શન' ૮૦ના દશકના બેકગ્રોપ પર આધારિત છે. ફિલ્મની સ્ટારકાસ્ટમાં ઋષિ ચઢ્ઢા પણ સામેલ છે. માહી પોતાના સીન્સ શૂટ કરવા માટે બોડી ડબલ અથવા ફેક શોટ્સ કરવા ઇચ્છતી ન હતી. તેણે માત્ર ૨ દિવસમાં બાઈક ચાલવતા શીખી લીધી.



લંડનમાં પાનખર / વિન્ટર ૨૦૨૦ ના ફેશન વીક રનવે શોમાં, ડિઝાઇનર્સ હાઉસ ઓફ શેલ્ડન હોલ દ્વારા એક મોડેલ, ડિઝાઇનર્સની રચના પહેરે છે.

તમિલ નિર્માતાનો દાવો : 'પેરાસાઈટ'ની સ્ટોરી કોપી કરેલી, ડાયરેક્ટર વિરુદ્ધ કેસ કરશે

ચેન્નાઈ

દક્ષિણ કોરિયન ફિલ્મ પેરાસાઈટએ ૨૦૨૦ ઓસ્કારમાં શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ જીત્યો. ત્યારબાદથી આ ફિલ્મની બધે જ ચર્ચા થઈ રહી છે. આ દરમિયાન તમિલ નિર્માતાએ દાવો કર્યો કે, આ ફિલ્મ તેમની વિજય સ્ટારર ફિલ્મ મિનસારા કન્નાની કોપી છે. મિનાસરા કન્ના ફિલ્મના નિર્માતા પી.એલ.મન્નાપને કહ્યું છે કે, તે પેરાસાઈટના ડાયરેક્ટર વિરુદ્ધ કેસ કરશે અને વળતરની માંગ કરશે.

દાવો કર્યો છે કે 'પેરાસાઈટ' એ ૧૯૯૯ માં રીલિઝ થયેલી વિજય સ્ટારર ફિલ્મ મિનસારા કન્નાની કોપી છે. ડાયરેક્ટરના મતે, 'મિનસરા કન્ના' પર તેમનો અધિકાર છે. ડાયરેક્ટરે કહ્યું કે, હું સોમવારે અથવા મંગળવારે તેની વિરુદ્ધ કેસ



દાખલ કરીશ. મેં આ મામલે આંતરરાષ્ટ્રીય વકીલની સલાહ લીધી છે. જો આપણે તેની ફિલ્મમાંથી કંઈક લઈએ તો તે કેસ કરે છે. આ વખતે આપણો વારો છે.


આ ફિલ્મમાં એક જ શહેરમાં રહેતા બે પરિવારોની સ્ટોરી કહેવામાં આવી છે. બન્ને પરિવારોનાં માતા-પિતા સાથે બે ભાઈ-બહેન છે. પરંતુ આ બંને પરિવારો આર્થિક રીતે ખૂબ જ અલગ છે. એક કુટુંબ ખૂબ ધનિક છે અને બીજું ગરીબ છે. ફિલ્મમાં બતાવવામાં આવ્યું છે કે, જ્યારે તમે આર્થિક રીતે નબળા હોવ ત્યારે તમારા પર સમાજ કઈ દ્રષ્ટિથી જુએ છે. ફિલ્મના દરેક સીન ચોંકાવનારા છે. તમે તેનું ટ્રેલર યુટ્યુબ પર જોઈ શકો છો.

આલિયા ભટ્ટ, માધુરી દીક્ષિત બાદ ગોવિંદાએ યુટ્યુબ પર ડેબ્યુ કર્યું

મુંબઈ

ગોવિંદાએ યુટ્યુબ ચેનલ શરૂ કરી છે. તેમણે 'ગોવિંદા નં ૧' નામની યુટ્યુબ ચેનલ શરૂ કરી છે. તેમણે એક વીડિયો પણ શેર કર્યો છે. થોડા સમય પહેલાં વીડિયો કમ્યુનિટી એપ ટિકટોક પર પણ ગોવિંદાએ ડેબ્યુ કર્યું હતું. યુટ્યુબ પર વીડિયો અપલોડ કરી ફેન્સને ચેનલ સબસ્ક્રાઇબ કરવા માટે પણ કહ્યું.

ગોવિંદાએ વીડિયોમાં તેમના બે નવા સોન્ગની પણ વાત કરી. છેલ્લે તેઓ 'રંગીલા રાજા' ફિલ્મમાં દેખાયા હતા. ગોવિંદા પહેલાં આલિયા ભટ્ટ, જેકલીન



ફર્નાન્ડિઝ, માધુરી દીક્ષિત, અર્જુન કપૂર સહિત ઘણા સ્ટાર્સે યુટ્યુબ પર પોતાની ચેનલ સ્ટાર્ટ કરી છે. ઉપરાંત યામી ગૌતમ, શિલ્પા શેટ્ટી જેવા ઘણા બધા સ્ટાર્સ ટિકટોક પર પણ ઘણા એક્ટિવ છે.

'લવ આજ કલ' ફિલ્મે પહેલા દિવસે કરી ૧૨.૪૦ કરોડની કમાણી

મુંબઈ

કાર્તિક આર્યન અને સારા અલી ખાન સ્ટારર 'લવ આજ કલ' ફિલ્મની સિક્વલ ૧૪ ફેબ્રુઆરીના રોજ વેલેન્ટાઈન્સ ડે પર રિલીઝ થઈ છે. પહેલા દિવસે ફિલ્મે ૧૨.૪૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે. ડિરેક્ટ ઈમ્તિયાઝ અલીની આ ફિલ્મમાં કાર્તિક અને સારાની સાથે રણદીપ હૂડા અને ન્યૂ કમર આરુષિ શર્મા પણ સામેલ છે. ફિલ્મની પહેલા દિવસની કમાણીના નંબર શેર કરતાં ટ્રેડ એનાલિસ્ટ તરણ આદર્શે ટ્વીટ કર્યું હતું.

અત્યારસુધીમાં રિલીઝ થયેલ કાર્તિક આર્યનની બધી ફિલ્મોમાં આ ફિલ્મ સૌથી વધુ ઓપનિંગ કલેક્શન કરનાર ફિલ્મ છે. ૨૦૨૦માં રિલીઝ થયેલ આ ફિલ્મ કાર્તિક આર્યનની પહેલી ફિલ્મ છે જેમાં તે પહેલીવાર સારા અલી ખાન સાથે દેખાયો છે. ફિલ્મ રિલીઝ થયાના પહેલા દિવસે સૌથી વધુ ૧૨.૪૦ કરોડ રૂપિયા આ ફિલ્મે કલેક્ટ કર્યા છે. ૨૦૧૯માં રિલીઝ થયેલ ફિલ્મ 'પતિ, પત્ની ઔર વો' ફિલ્મનું ફર્સ્ટ ડે કલેક્શન ૯.૧૦ કરોડ રૂપિયા હતું જ્યારે 'લુકા છુપ્પી' ફિલ્મે ૮.૦૧ કરોડ રૂપિયા કમાયા હતા. ફર્સ્ટ ડે કલેક્શનના આ લિસ્ટમાં ચોથા નંબર પર ૬.૮૦ કરોડ રૂપિયાની કમાણી સાથેની ૨૦૧૫માં રિલીઝ થયેલ 'પ્યાર કા પંચનામા ૨' છે. ત્યારબાદ ૬.૪૨ કરોડ રૂપિયાની કમાણી સાથે ૨૦૧૮માં આવેલ ફિલ્મ 'સોનુ કે ટીટુ કી સ્વીટી' છે.

રમત જગત વિશેષ

શ્રીનિવાસે ભેંસ દોડમાં ૧૩.૬૨ સેકન્ડમાં ૧૪૨.૫૦ મી. દોડ લગાવી હતી

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના કોચ શ્રીનિવાસનો ટ્રાયલ લેશે



બેંગલુરુ

કર્ણાટકમાં તાજેતરમાં બફેલો રેસ (ભેંસ દોડ)માં રેકોર્ડ બનાવનાર શ્રીનિવાસ ગૌડા (૨૮ વર્ષ)નો સોમવારે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ટ્રાયલ લેશે. ગૌડાએ પરંપરાગત રમત કમ્બાલા રેસમાં ૧૩.૬૨ સેકન્ડમાં ૧૪૨.૫૦ મીટરનું અંતર કાપ્યું હતું. આ સમય દરમિયાન તેની દોડ ૧૦૦ મીટરમાં વિશ્વના સૌથી ઝડપી દોડવીર જમૈકાના ઉસૈન બોલ્ટથી ૦.૦૩ સેકન્ડ ઝડપી હતી. બોલ્ટના નામે ઓલિમ્પિકમાં ૯.૫૮ સેકન્ડનો વિશ્વ રેકોર્ડ છે. ગોડાની આ ઉપલબ્ધિ બદલ સોશિયલ મીડિયા યુઝર્સ તેને સારી તાલીમ આપવા અને ઓલિમ્પિકમાં મોકલવા સરકાર સમક્ષ માંગ કરી રહ્યા હતા.

કેન્દ્રીય રમત ગમત બાબતના પ્રધાન કિરણ રિજ્જુએ જણાવ્યું હતું કે મે અને સાઈના અધિકારીઓએ શ્રીનિવાસને ફોન કર્યો છે. તેની રેલવે ટિકિટ થઈ ગઈ છે. સોમવારે સાઈ સેન્ટરમાં અમારા સિનિયર કોચ ગૌડાનો ટ્રાયલ લેશે. મોટાભાગના લોકોમાં ઓલિમ્પિક ખાસ કરીને એથ્લેટીક અંગે ઓછી જાણકારી છે. તેમા વ્યક્તિની શક્તિ અને ધૈર્યની પરીક્ષા થાય છે. હું એ બાબત સુનિશ્ચિત કરીશ કે ભારતમાં કોઈ પણ પ્રતિભા તપાસ વગર ન રહે.

બ્રાયન્ટને શ્રદ્ધાંજલિ આપવા એક ટીમ બ્રાયન્ટની ૨૪ નંબર તો બીજી ટીમ તેમની દીકરીની ૨ નંબરવાળી જર્સી પહેરીને રમશે

શિકાગોમાં આજે લેબ્રોન-જિયાનીઝ વચ્ચે મેચ રમાશે, ૨૦૦ દેશમાં પ્રસારણ

શિકાગો

અમેરિકાની બાસ્કેટબોલ લીગ એનબીએમાં રવિવારે ઓલ સ્ટાર ગેમનો મુકાબલો રમાશે. આ વખતે આ મેચ સંપૂર્ણપણે કોબી બ્રાયન્ટને સમર્પિત રહેશે. ૨૬ જાન્યુઆરીએ હેલિકોપ્ટર દુર્ઘટનામાં પ વખત એનબીએ ચેમ્પિયન કોબી બ્રાયન્ટ, તેમની ૧૩ વર્ષની દીકરી જિયાના સહિત ૯ લોકો મૃત્યુ પામ્યા હતા. લેબ્રોન અને જિયાનિઝ વચ્ચે રમાનાર મેચમાં લેબ્રોન ૨ નંબરની જર્સી જોકે જિયાનીઝ ૨૪ નંબરની જર્સી પહેરીને રમશે. આવું એટલા માટે કેમ કે કોબી ૨૪ નંબરની જર્સી જોકે જિયાના ૨ નંબરની જર્સી પહેરીને રમતી હતી. ૧૯૫૧થી દર વર્ષે ફેબ્રુઆરીમાં ઓલ સ્ટાર ગેમનું આયોજન થઈ રહ્યું છે.

મેચ પહેલાં ગ્રેમી એવોર્ડ જીતનાર સિંગર અને એક્ટ્રેસ જેનિફર હડસન પરફોર્મ



કરશે. ૨૦૧૮માં બ્રાયન્ટની ફિલ્મ ડિયર બાસ્કેટબોલને બેસ્ટ શોર્ટ એનિમેટેડ ફિલ્મનો ઓસ્કાર એવોર્ડ મળ્યો હતો. લેબ્રોન ટીમમાં જેમ્સ, એન્ટોની ડેવિસ, સિઝનનો સૌથી વધુ પોઇન્ટ બનાવનાર જેમ્સ હાર્ડન, કાવહી લિયોનાર્ડ અને લુકા ડોનકિક સામેલ છે. જ્યારે જિયાનીઝ ટીમમાં એનટિટોકોમપો, જોએલ એમ્બિટ, પાસ્કલ સિયાકમ, ક્રિમ્બા વોલ્કર અને ટ્રાયે યંગને સ્થાન મળ્યું છે.

બંને ટીમની જર્સી પર ૯ સ્ટાર બનેલા હશે. આવું દુર્ઘટનામાં માર્યા ગયેલા ૯ લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે કરાયું છે. આ વખતે મેચનું ફોર્મેટ પણ બદલાયું છે. ૧૨-૧૨ મિનીટના ત્રણ ક્વાર્ટર હશે. તેના પછી લીડ લેનાર ટીમના કુલ સ્કોરમાં ૨૪ પોઈન્ટ વધુ ઉમેરાશે. આ ફાઈનલ ટારગેટ હશે. અંતિમ ક્વાર્ટરની કોઈ ટાઈમ લિમિટ નહીં હોય. બંને ટીમમાંથી જે ટીમ આ ક્વાર્ટરમાં ફાઈનલ ટારગેટ સુધી પહોંચી જશે તે ચેમ્પિયન બનશે. બ્રાયન્ટને ૪ વખત ઓલ સ્ટાર ગેમનો મોસ્ટ વેલ્યૂએબલ ખેલાડીનો ખિતાબ મળ્યો હતો.

બેંગ્લોરની ટીમે નવો લોગો લોન્ચ કર્યો, કોહલીએ કર્યું ટ્વીટ: 'લોગો' કા કામ હૈ કહેના

બેંગલુરુ

ઈન્ડિયન પ્રીમિયર લીગની ફ્રેન્ચાઈઝ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરએ વેલેન્ટાઈન-ડેના દિવસે ટીમનો નવો લોગો લોન્ચ કર્યો હતો. કેપ્ટન કોહલીએ હિન્દી ફિલ્મના એક જાણીતા ગીતની લાઈન ટ્વીટ કરી હતી. તેણે લખ્યું- 'લોગો' કા કામ હૈ કહેના. આરસીબીનો નવો લોગો જોઈને રોમાંચિત છું. તે અમારી ટીમની બોલ્ડ રમવાની શૈલીને રિપ્રેઝેન્ટ કરે છે. તેમાં ચેલેન્જર્સ સ્પિરિટ છે, જેની સાથે અમારા ખેલાડીઓ મેદાન પર ઉતરે છે. આઈપીએલ-૨૦૨૦ની રાહ જોઈ રહ્યો છું.

આ પહેલા બેંગ્લોરની ટીમે ટ્વિટર પર એક વીડિયો શેર કરતા લખ્યું હતું કે, જેની તમે રાહ જોઈ રહ્યા હતા, તે અહીંયા છે. નવો દાયકો, નવી આરસીબી અને નવો લોગો. આરસીબીના ચેરમેન સંજીવ ચૂડીવાલાએ કહ્યું- સિંહની શાહી પરિવારમાં વાપસી થઈ છે. મારુ માનવું છે કે ટૂર્નામેન્ટમાં અમારી નવી ઓળખાણ માટે આ જરૂરી હતું.

આરસીબીએ તાજેતરમાં મુથુટ ફાઈન કોર્પ સાથે ટાઈટલ સ્પોન્સર તરીકેનો કરાર કર્યો છે. તેમણે મંગળવારે મુથુટ સાથે ત્રણ વર્ષની ભાગીદારીની જાહેરાત કરી હતી. આ ભાગીદારી હેઠળ બેંગ્લોરના ખેલાડીઓ જર્સીની ફ્રન્ટ સાઈડમાં તેમના લોગો સાથે રમતા જોવા મળશે. તેમજ ઘરઆંગણેની મેચોમાં સ્ટેડિયમમાં તેમજ ડિજિટલ પ્લેટફોર્મ પર પણ તેમને જગ્યા મળશે.

શાહિદ આફ્રિદી પાંચમી દીકરીનો પિતા બન્યો



બેંગલુરુ

પાકિસ્તાનનો પૂર્વ કેપ્ટન શાહિદ આફ્રિદી પાંચમી વાર પિતા બન્યો છે. આફ્રિદીએ પાંચમી દીકરી સાથેનો ફોટો શેર કર્યો હતો. તેણે કેપ્શનમાં લખ્યું કે, ઉપર વાળાની અનંત કૃપા અને આશીર્વાદ છે. મારે પહેલેથી જ ચાર પુત્રી હતી. હવે પાંચમી દીકરીએ પણ આપણા જીવનમાં પગ મૂક્યો છે. હું આ આનંદકારક સમાચાર મારા બધા મિત્રો અને પ્રિયજનો સાથે શેર કરું છું.

શાહિદ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે. જોકે તે ઈન્ડિયન પ્રીમિયર લીગ સિવાય દુનિયાની અન્ય ટી-૨૦ લીગમાં રમી રહ્યો છે. પાકિસ્તાન સુપર લીગ ૨૦ ફેબ્રુઆરીથી શરૂ થશે. જોકે હજી સુધી જાહેર નથી થયું કે આફ્રિદી ટૂર્નામેન્ટમાં રમશે કે નહીં.

આફ્રિદીએ મે ૨૦૧૯માં પોતાની આત્મકથા 'ગેમ ચેન્જર'માં લખ્યું હતું કે તે પોતાની કોઈપણ દીકરીને ક્રિકેટ અથવા અન્ય કોઈ આઉટડોર ગેમ રમવા દેશે નહીં. તેનો કહ્યું હતું કે, આ નિર્ણય સામાજિક અને ધાર્મિક કારણોસર તેણે લીધું છે. આફ્રિદીની ચાર દીકરીઓનું નામ" અંશા, અજબા, અમારા અને અકશા છે. તેણે આત્મકથામાં લખ્યું છે, "નારીવાદી વિચારધારાના હિમાયતીઓ મારા નિર્ણય અંગે જે ઇચ્છે છે તે કહી શકે છે." પરંતુ હું મારી દીકરીઓને આઉટડોર રમતો રમવા અથવા ક્રિકેટ રમવાની પરવાનગી આપીશ નહીં. જો તે ઇચ્છે છે, તો તે ઇન્ડોર ગેમ્સ રમી શકે છે.

આજે અંતિમ ટી-૨૦ સેન્ચુરીયન ખાતે રમાશે

ઇંગ્લેન્ડે દક્ષિણ આફ્રિકાને ૨ રને હરાવ્યું, સીરિઝ ૧-૧ની બરાબરી પર

ડર્બન

ઇંગ્લેન્ડે ત્રણ ટી-૨૦ સીરિઝની બીજી મેચમાં ડરબન ખાતે દક્ષિણ આફ્રિકાને ૨ રને હરાવીને ૧-૧ની બરાબરી કરી લીધી છે. ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરતા દક્ષિણ આફ્રિકાના બોલર્સ ધાર્યા પ્રમાણે બોલિંગ કરી શક્યા નહોતા. મહેમાન ટીમે ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૨૦૪ રન કર્યા હતા. તેમના માટે બેન સ્ટોક્સે અણનમ ૪૭, જ્યારે જેસન રોયે ૪૦ અને જોની બેરસ્ટોએ ૩૫ રનનું યોગદાન આપ્યું હતું. દક્ષિણ આફ્રિકા માટે લૂંગી ગિડીએ શાનદાર ફોર્મ જાળવી રાખતા ૩ વિકેટ ઝડપી હતી. તે સિવાય એંડિલે ફેલુકવાયોએ ૨, તેમજ શમ્સી અને પ્રિટોરિયસે ૧-૧ વિકેટ લીધી હતી. ઇંગ્લેન્ડે ૧૬ ઓવરના અંતે ૫ વિકેટે ૧૩૬ રન કર્યા હતા. તે પછી ઓલરાઉન્ડર મોઇન અલીએ તોફાની બેટિંગ કરતા ૧૧ બોલમાં ૪ સિક્સ અને ૩ ફોરની મદદથી ૩૯ રન કર્યા હતા. તેની બેટિંગ થકી ઇંગ્લેન્ડે થકી ઇંગ્લેન્ડે અંતિમ ૪ ઓવરમાં ૬૮ રન કર્યા હતા. રનચેઝમાં દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ક્વિન્ટન ડી કોકે શાનદાર શરૂઆત અપાવતા ૧૭ બોલમાં ૫૦ રન પૂરા કર્યા હતા. તે ટી-૨૦ ફોર્મેટમાં પોતાના દેશ માટે સૌથી ઝડપી ૫૦ રન કરનાર બેટ્સમેન બની ગયો છે. અગાઉ તેણે અને એબી ડિવિલિયર્સે ૨૧ બોલમાં ફિફટી મારી હતી. બંનેએ સંયુક્તપણે ૨૧ બોલમાં ૫૦ રન કર્યા હતા. ડી કોકે કમાની ઇનિંગ્સ રમતા ૨૨ બોલમાં ૨ ફોર અને ૮ સિક્સની મદદથી ૬૫ રન કર્યા હતા. જોકે તેના આઉટ થયા પછી પ્રોટિયાસની ઇનિંગ્સ ટ્રેક પરથી ઉતરી ગઈ હતી.

શમીએ બુમરાહની ટીકા કરનારની ઝાટકણી કાઢી

ભારતીય ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ શનિવારે ન્યૂઝીલેન્ડ-૧૧ સામેની પ્રેક્ટિસ મેચમાં શાનદાર દેખાવ કરતા ૩ વિકેટ ઝડપી હતી. બીજા દિવસના અંતે શમીએ મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે, "જસપ્રીત બુમરાહે ભારત માટે જે પ્રાપ્ત કર્યું છે અને સતત સારું પ્રદર્શન કર્યું છે, તે લોકો કઈ રીતે ભૂલી શકે છે? તેણે બે મેચમાં માભા પ્રમાણે દેખાવ ન કર્યો તેનો મતલબ એ નથી કે તમે તેના જેવા મેચ વિનરની ક્ષમતા પર પ્રશ્ન કરો. તે મેચ વિનર છે."

ભારતીય એથલીટ ભાવનાએ ઓલિમ્પિક કોટા મેળવ્યો, ૨૦ કિમી રેસમાં પોતાનો રેકોર્ડ તોડ્યો

રાંચી

ભારતીય એથલીટ ભાવના જાટે ૨૦ કિલોમીટરની રેસમાં ઓલિમ્પિક કોટા મેળવી લીધો છે. તેણે આ સિદ્ધિ શનિવારે રાંચીમાં નેશનલ ચેમ્પિયનશિપમાં મેળવી હતી. રાજસ્થાનની ભાવનાએ આ રેસ ૧ કલાક ૨૯ મિનિટ અને ૫૪ સેકેન્ડમાં પૂરી કરી હતી. ઓલિમ્પિકમાં ક્વોલિફાય કરવા માટે ૧ કલાક અને ૩૧ મિનિટમાં રેસ પૂરી કરવાની હતી. ભાવનાએ પોતાના નેશનલ રેકોર્ડ પણ તોડ્યો હતો. અગાઉ તેણે ઓક્ટોબર ૨૦૧૯માં ૧ કલાક ૩૮ મિનિટ અને ૩૦ સેકેન્ડમાં રેસ પૂરી કરી હતી. પ્રિયંકા ગોસ્વામી ઓલિમ્પિકમાં ક્વોલિફાય કરવા માટે ૩૬ સેકેન્ડથી રહી ગઈ હતી. તેણે ૧ કલાક ૩૧ મિનિટ અને ૩૬ સેકેન્ડમાં રેસ પૂરી કરી હતી.

પુરુષ વર્ગમાં સંદીપ કુમાર ૩૪ સેકેન્ડથી ઓલિમ્પિક કોટા ચૂકી ગયો હતો. તેણે ૧ કલાક ૨૧ મિનિટ અને ૩૪ સેકેન્ડમાં રેસ પૂરી કરી હતી. જો આવતા મહીલે એશિયન રેસ માટે તેની પસંદગી થાય તો તે એના માટે અંતિમ તક રહેશે. ૨૦ કિલોમીટરની કેટેગરીમાં ભારતના કેટી ઈરફાન ઓલિમ્પિક કોટા મેળવનાર પ્રથમ વ્યક્તિ હતા. તેમણે ગયા વર્ષે માર્ચમાં એશિયન ગેમ્સમાં આ સિદ્ધિ મેળવી હતી.

લગ્ન પ્રસંગમાં વર-કન્યા સહિત ૧૦૧ લોકોએ દેહદાન અને વ્યસન મુક્તિના સંકલ્પ લીધા

રાજકોટ

રાજકોટના જંકશન વિસ્તારમાં આવેલા ગુરુનાનક હોલમાં મિતેશ કક્કડ અને હેની પુજારાના લગ્ન યોજાયા હતા. આ પ્રસંગે વર-કન્યા, પરિવારજનો સહિત ૧૦૧ લોકોએ દેહદાન, અંગદાન, ચક્ષુદાન, અને વ્યસન મુક્તિના સંકલ્પ લીધા હતા અને આમંત્રિતો મહેમાનોનું બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ ચેક કરવામાં આવ્યું હતું. ઈન્ડિયા રિનલ ફાઉન્ડેશન દ્વારા કિડનીના રોગોની જાગૃતિ અંગે પ્રેઝન્ટેશન પણ કરવામાં આવ્યું હતું.

ડો. દિવ્યેશ વિરોજા, ડો.સંકલ્પ વણઝારા, ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનના ભાવનાબેન મંડલી અને નીતિનભાઈ ઘાટલીયાના દ્વારા વીડિયો પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું અને વર-કન્યા સહિત ૧૦૧ પરિવારજનોએ ચક્ષુદાન, દેહદાન અને અંગદાનના સંકલ્પ પત્રો ભર્યા હતા. આ ઉપરાંત વ્યસન મુક્તિ પ્રદર્શની પણ પ્રસંગ સ્થળ ઉપર રાખવામાં આવી હતી. વ્યસન મુક્તિ થવાનાં સંકલ્પ પણ લેવડાવવામાં આવ્યા હતા અને થેલેસેમિયા રોગ અંગેની માહિતી અનુપમ દોશીએ સૌને વીડિયો પ્રેઝન્ટેશનથી આપી હતી.

આ ઉપરાંત શાકાહાર અભિયાન, જીવદયા-ગૌ સેવા પ્રચાર પ્રસાર, એનિમલ હેલ્પલાઈનના ઉપક્રમે સૌનું સ્વાગત ચકલીના માળા અને પર્યાવરણની નાની પુસ્તિકા આપવામાં આવી હતી.

ઘોડા નચાવતી વખતે પગ લાગતા યુવાનની આંખમાં ઈજા થઈ

અમરેલી

બગસરાના ખીજડીયા ગામમાં લગ્ન પ્રસંગના ફુલેકા દરમિયાન ઘોડાને નચાવતી વખતે અશ્વ પર સવાર યુવાનની આંખમા બીજા ઘોડાએ પગ માર્યો હતો. જેમાં ઘોડા પર સવાર યુવાનની આંખમાં ઈજા પહોંચી હતી. આ વીડિયો શોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે. સૌરાષ્ટ્રમાં લગ્ન પ્રસંગમાં ફુલેકા દરમિયાન મોટી સંખ્યામાં ઘોડા એકઠા કરવામાં આવે છે. ઉલ્લેખનિય છે કે, ૧૫ દિવસ પહેલા ધારી પંથકમાં લગ્ન પ્રસંગ દરમિયાન ઘોડાને નચાવતી વખતે તે બેકાબૂ બન્યો હતો. જેથી ઘોડાએ એક વૃદ્ધને અડફેટે લીધા હતા. જેને વીડિયો શોશ્યલ વીડિયો વાયરલ થયો હતો.

તળાવમાં કાર ખાબકતા એક યુવાનનું મોત, બે મિત્રોનો આબાદ બચાવ

વડોદરા

વડોદરા શહેર નજીક આવેલા બાજવા ગામમાં રહેતા ચંદ્રેશભાઈ અરવિંદભાઈ શાહ(૩૬) તેમજ તેના બે મિત્રો રાજુભાઈ અને નરેન્દ્રભાઈ સાવલી તાલુકામાં ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ત્રણેય મિત્રો રોજ સ્વિફ્ટ કારમાં નોકરી ઉપર જતા હતા. નાઈટ શિફ્ટમાં નોકરી કરીને ત્રણેય મિત્રો કારમાં ઘર તરફ જઈ રહ્યા હતા. દરમિયાન વહેલી સવારે ૫:૩૦ વાગ્યાના સુમારે તેઓની કાર સીસવા ગામના તળાવમાં ખાબકી હતી.

સાવલીથી નીકળેલી કારના ચાલક રાજુભાઈને સીસવા ગામ પાસે ઝોકું આવી જતાં રોડની બાજુમાં આવેલા પ્રોટેક્શન વોલ વિનાના તળાવમાં કાર ખાબકતા જ ગામના લોકો દોડી આવ્યા હતા. અને બચાવ કામગીરી શરૂ કરી હતી. આ સાથે ફાયર બ્રિગેડને જાણ કરતા ટી.પી.-૧૩ ફાયર બ્રિગેડના ફાયર સબ ઓફિસર ઓમ જાડેજા સ્ટાફ સાથે દોડી ગયા હતા. અને બચાવ કામગીરી શરૂ કરી એક યુવાનને બચાવી લીધો હતો અને તળાવમાં ડૂબી ગયેલા ચંદ્રેશભાઈ અરવિંદભાઈ શાહના મૃતદેહને બહાર કાઢી હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો હતો.

કારમાં સવાર ત્રણ યુવાન પૈકી કાર ચાલક રાજુભાઈ તરીને બહાર આવી ગયો હતો. જ્યારે બીજાને ગામ લોકોની મદદથી ફાયર બ્રિગેડની ટીમે બચાવી લીધો હતો. તાલુકા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

નકલી પોલીસનો આતંકઃ યુવક પાસેથી ૪૦ હજાર પડાવ્યાં

અમદાવાદ

ફરી એક વાર અમદાવાદ શહેરમાં નકલી પોલીસનો આતંક સામે આવ્યો છે. એક વેપારી જઈ રહ્યાં હતા ત્યારે ચારેક શખસોએ આવીને પોતે પોલીસ હોવાનું કહી આ વેપારીએ ગાંજો કે દારૂ પીધા હોવાનું કહી સાહેબ પાસે લઈ જવાની ધમકી આપી હતી. વેપારી સાથે આ દરમિયાનમાં ૪૦ હજાર રૂપિયાની મતા પડાવી લેતા વેપારીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

મૂળ બનાસકાંઠાનાં સુરેશ ભાઈ શાહ નરોડા ખાતે રહે છે અને ઓટો પાર્ટ્સની દુકાનમાં નોકરી કરે છે. તેઓ રાત્રે નરોડા પાટિયા પાસે પેટ્રોલ પમ્પ પર પેટ્રોલ ભરાવી જતા હતા ત્યારે બે બાઈક પર ત્રણ લોકો આવ્યા હતા. સુરેશભાઈને રોકીને કહ્યું કે, તેમને દારૂ કે ગાંજો પીધો છે. પણ સુરેશભાઈ એ એવો કોઈ નશો કર્યો ન હતો. આ પોલીસની ઓળખ આપનાર શખસો એ સાહેબ બાપુનગર છે તેમની પાસે લઈ જવા પડશે તેમ કહી સુરેશભાઈ ને લઈ જતા હતા. ત્યારે રસ્તામાં સુરેશભાઈએ સેટિંગ કરવાનું કહેતા પોતાની પાસે ૨૦ હજાર હોવાનું કહ્યું હતું.

પણ આ નકલી પોલીસે વધુ માંગણી કરતા ૨૦ હજાર અને એક વીંટી મળી ૪૦ હજારની મતા લૂંટી ફરાર થઈ ગયા હતા. આ શખસો પોલીસ નહિં હોવાનું માલુમ થતા સુરેશભાઈએ નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

વિદેશમાં ૩ કરોડનો ઓર્ડર અપાવવાની લાલચે શખ્સે કંપનીના માલિકના ૫૦ લાખ ખંખેર્યા

આણંદ

ચીખોદરા ગામના રહેવાસી ભાગવતભાઈ પ્રતિપભાઈ પટેલ બાપ-દાદાની પીવીસી પાવર પ્રાઈવેટ લિમિટેડ કંપની છે. તેમની કંપની દેશ-વિદેશમાં માલ-સામાન સપ્લાય કરે છે. ભાગવતભાઈનો ૨૦૧૯માં ભાવનગરના નિસર્ગ પાઠક સાથે સંપર્ક થયો હતો. નિસર્ગ પાઠકે ચેટિંગ થતી મિત્રતા વધારી ભાગવતભાઈને દુબઈમાં મોટો ઓર્ડર અપાવવાની વાત કરી હતી.

નિસર્ગ સાથે દરરોજ વાતચીત થતા ભાગવતભાઈને તેના પર વિશ્વાસ બેસવા લાગ્યો હતો અને દુબઈનો ઓર્ડર લેવા માટે તૈયારી બતાવી હતી. ભાગવતભાઈએ સૌથી પહેલા નિસર્ગના એકાઉન્ટમાં ૫ લાખ રૂપિયા જમા કરાવ્યા હતા. ત્યારબાદ તેમને દુબઈની કંપની તરફથી ઓર્ડરને લખતો મેલ આવ્યો હતો. જેથી ભાગવતભાઈનો વિશ્વાસ વધી ગયો હતો. થોડા સમય બાદ નિસર્ગે ૫૦ લાખ રૂપિયાની માંગ કરી હતી. જેથી ભાગવતભાઈએ બેંક તેમજ આંગણીયાપેઢી થતી તેને રૂપિયા મોકલી આપ્યા હતા.

નિસર્ગને રૂપિયા આપે ઘણો સમય વિતી ગયો હતો છતા કંપની તરફથી ઓર્ડરને લખતો કોઈ મેલ ન આપતા ભાગવતભાઈને શંકા થઈ હતી. તેમણે તપાસ કરાવતા જાણવા મળ્યું કે, નિસર્ગ દુબઈથી ભાવનગર પરત આવી ગયો છે અને તેણે જે બે કંપનીઓની વાત કરી હતી તે પણ બોગસ કંપની છે. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું માલૂમ પડતા તેઓએ આણંદ રૂરલ પોલીસ સ્ટેશનમાં નિસર્ગ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પણ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંજાના ગોરખધંધાનો પર્દાફાશ : ૧ કિલો ૭૦૦ ગ્રામ જથ્થા સાથે એકની ધરપકડ

રાજકોટ

રાજકોટ એસઓજી પોલીસે ગાંજાના ગોરખધંધાનો પર્દાફાશ કર્યો છે. પોલીસે સદર બજાર હરિહર ચોક દાતારના તકીયા પાસે તાર ઓફિસ પાછળ રહેતાં રિક્ષાચાલક શખ્સની ધરપકડ કરી છે, ગાંજાનો આ સોદાગર સુરતથી નેટવર્ક ચલાવતો હોવાનું સામે આવ્યુ છે.

દિલાવર ઉર્ફે દિલો નામનો આ શકસ સદર બજાર નજીક ગાંજાનો કાળો કારોબાર ચલાવી રહ્યો છે તેવી એસઓજીને બાતમી મળતા પોલીસે વોચ ગોઠવી હતી અને દિલાવરના કબ્જામાં રહેલા ૧ કિલો અને ૭૦૦ ગ્રામ ગાંજાના જથ્થાને પકડી પાડ્યો હતો. પોલીસના કહેવા પ્રમાણે આ શખ્સ નાની નાની પોટલીઓ કરીને ગાંજો વેચતો હોવાનું સામે આવ્યુ છે.

પોલીસના કહેવા પ્રમાણે આ નશાનું આ નેટવર્ક સુરતથી ચાલતું હતુ. સુરતનો એક શખ્સ ગાંજાનો જથ્થો લઈને રાજકોટ આવતો હોવાની દિલાવરે કબૂલાત આપી છે. આ જથ્થો લઈને દિલાવર રાજકોટના સદર બજાર અને આસપાસના વિસ્તારોમાં વેચતો હતો. દિલાવરે આપેલી માહિતીના આધારે પોલીસે સુરતના શખ્સની શોધખોળ શરૂ કરી છે.

દિલાવર ઉર્ફ દિલો સલીંગડીયાના ઘરમાંથી રૂપિયા ૧૦,૩૮૦ના ૧.૭૦૦ કિ.ગ્રા ગાંજા સાથે પકડી લઈ એ-ડિવીઝન પોલીસ મથકમાં એનડીપીએસ એકટ હેઠળ ગુનો નોંધાવાયો છે. દિલાવરની પ્રાથમિક પૂછપરછમાં તે જૂગારમાં મોટી રકમ હારી ગયો હોવાથી દેણું ભરપાઈ કરવા ગાંજો વેંચવા માંડ્યો હતો. દિલાવર ઉર્ફ દિલો અગાઉ જૂગારના કેસોમાં પકડાઈ ચુકયો છે. અગાઉ મોટી રકમ જૂગારમાં હારી જતાં સુરતથી ગાંજો લાવીને વેંચવાનું શરૂ કર્યાનું દિલાવરે પોલીસને જણાવ્યું હતું. જોકે સમગ્ર મામલે પોલીસે દિલાવરની વિશેષ પુછતાછ હાથ ધરી છે.

ભાગાડેલ સગીરાને ઘરે પછી મુકવા આવેલ પ્રેમીને થઈ જેલ, પ્રેમિકાએ કર્યો આપઘાત

અમદાવાદ

અમદાવાદના નારણપુરામાં રહેતી એક સગીરા તેના માતા પિતા સાથે રહેતી હતી. થોડા દિવસો પહેલા તેને એક યુવક સાથે પ્રેમ થયો હતો. ૮મી ફેબ્રુઆરીએ જીતેન્દ્ર નામનો યુવક આ સગીરાને પ્રેમ કરતો હોવાથી ભગાડી લઇ ગયો હતો. પણ બંને પ્રેમી પંખીડા ભાગી ગયા હોવાથી દોડધામ મચી હોવાનું જાણીને આ જીતેન્દ્ર તેની પ્રેમિકાને તેના ઘર પાસે મૂકી ગયો હતો. ત્યારબાદ પોલીસ કેસ થયો હતો. પોલીસે પણ પોકસો એક્ટ મુજબ ફરિયાદ નોંધી અને તપાસ કરી હતી. પોલીસે તપાસ બાદ આરોપી જીતેન્દ્રની ધરપકડ કરી હતી. ધરપકડ બાદ તેને કોર્ટ કસ્ટડીમાં રાખી તેને જેલ હવાલે કર્યો હતો. પોલીસે સગીરાની મેડિકલ સારવાર કરાવી અને સગીરાને ગોદ લીધેલ માતા પિતા પાસે મોકલી આપી હતી. પણ સગીરાએ તેના જ નારણપુરા ખાતેના ઘરમાં પંખે લટકીને આપઘાત કરી લીધો હતો. જેથી ફરી ત્યાં પોલીસ પહોંચી અને તપાસ કરી તો અગાઉ પ્રેમ સંબંધમાં ભાગી જવાથી સગીરાના પ્રેમીને પકડી જેલ હવાલે કરતા સગીરાને મનમાં લાગી આવ્યું હોવાથી તેણે આપઘાત કર્યો હોવાનું પોલીસે માનીને નારણપુરા પોલીસે તપાસ હાથ ધરી છે.

વ્યાજખોરોના ત્રાસથી ખેડૂતનો આપઘાત, પોલીસકર્મી સહિત ૭ સામે ફરિયાદ નોંધાઈ

હિંમતનગર

વડાલીમાં શુક્રવારે વ્યાજખોરો દ્વારા સતત ફોન કરી માનસિક પ્રતાડના કરાતાં સહનશક્તિની સીમા આવી જતા યુવકે ખેતરમાં જઈ ઝેરી દવા- ગોળી ગટગટાવી જીવન ટૂંકાવ્યું હતું. પોલીસકર્મી સહિત ૭ સામે મરવા સુધી દુષ્પ્રેરણાનો આક્ષેપ પરિવારે કર્યો હતો. પરિવાર આરોપીઓની ધરપકડ બાદ જ લાશ સ્વીકારવાની જીદ લીધી છે. આરોપીઓની ધરપકડ ન થાય ત્યાં સુધી લાશ સ્વીકારવા ઈંકાર કર્યો છે. આ પહેલા રોષે ભરાયેલા કુટુંબી, પરિજનો અને પરિચિતોએ તમામ વ્યાજખોરો સામે ફરિયાદ નોંધવાની માંગ સાથે ઈડર ખેડબ્રહ્મા હાઈવે બ્લોક કરવા સહિત લાશ ઉપાડવાનો ઈંકાર કરી પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો હતો.

વડાલીના નરેશભાઈ લવજીભાઈ પટેલ (૩૨) ખેતીનો વ્યવસાય કરતાં હતા અને જરૂરિયાતના સંજોગોમાં વ્યાજે નાણાં લીધા બાદ વ્યાજખોરો દ્વારા છેલ્લા કેટલાક સમયથી સતત ટોર્ચર કરાઇ રહ્યા હતા. બે - ત્રણ દિવસ અગાઉ ઘેર આવીને બૈરી છોકરા ઉપાડી જવાની ધમકી આપવા સહિત શુક્રવારે ફોન કરીને સતત ઉઘરાણી કરવામાં આવી રહી હતી. બપોરે ત્રણેક વાગ્યે નરેશભાઈ ખેતરમાં ગયા હતા અને ઝેરી દવા - ગોળી ગટગટાવી જીવન ટૂંકાવી લીધું હતું. દરમિયાનમાં તેમનો નાનો ભાઈ રમેશ ખેતરમાં આવતા નરેશભાઈ નીચે પડ્યા હતા અને પગ પછાડતા હોવાથી સંબંધી પરિચિતોને બોલાવ્યા હતા. પરંતુ નરેશભાઈનું મોત થયું હતું. નરેશભાઈને ૧૫ ટકાથી વધુ માસિક વ્યાજ દરથી ધીરેલ નાણાં માટે સતત ધમકીઓ આપી રહ્યા હોવાના આક્ષેપ પરિવારે કર્યો હતો. ટોળાએ ઈડર ખેડબ્રહ્મા હાઈવે બ્લોક કરી પોલીસ સ્ટેશનનો પણ ઘેરાવ કર્યો હતો લોકોના ગુસ્સાને જોઈ વડાલી પોલીસે રાત્રે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી.

શાળાની બસમાંથી ઉતરતી વખતે વિદ્યાર્થિની પર ટાયર ફરી વળતા મોત નીપજ્યું

ભાવનગર

એક ઘણો જ ગમખ્વાર અકસ્માત સામે આવ્યો છે. ભાવનગરમાં સ્વામિનારાયણ ગુરૂકુલની સ્કૂલમાં બીજા ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીનું શાળાની બસનાં ટાયર નીચે આવતા મોત નીપજ્યું છે. કુલસર ઓદરકા ગામની આ ઘટના છે. ચિત્રા સ્વામિનારાયણ ગુરૂકુલની સ્કૂલ બસમાંથી વિદ્યાર્થિની નીચે ઉતરી રહી હતી. ત્યારે બસ ડ્રાઈવરે ફૂલ સ્પિડે બસ હંકારતા ધોરણ ૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની બસનાં ટાયર નીચે આવી ગઈ હતી. જ્યાં ઘટના સ્થળે જ ૭ વર્ષની વિદ્યાર્થિનીનું મોત નીપજ્યું હતું. આ આખી દુર્ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. આ દુર્ઘટનાને કારણે બાળકીનાં પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી.

સાત વર્ષની માસૂમને ટક્કર મારીને શાળાની બસનો ડ્રાઈવર ફરાર થઈ ગયો છે. શુક્રવારે બનેલી આ ઘટનામાં શનિવારે બીજે દિવસે પણ પરિવારે બાળકીનો મૃતદેહ સ્વીકાર્યો નથી. પરિવારે બસનાં ડ્રાઈવર પર આરોપ લગાવ્યો છે કે, બસ ડ્રાઈવર નશાની હાલતમાં હતો. અમને જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી અમે મૃતદેહ નહીં સ્વીકારીએ. અમને જલ્દી ન્યાય મળવો જોઈએ. જ્યાં સુધી ફરાર ડ્રાઈવરની ધરપકડ નહીં થાય ત્યાં સુધી અમે મૃતદેહ નહીં સ્વીકારીએ.

થોડા દિવસ પહેલા ભાવનગરમાં વિદ્યાર્થીનીનું બસમાંથી પટકાતા મોત નિપજ્યુ હતુ. ચાલુ બસમાંથી ૧૪ વર્ષીય વિદ્યાર્થીની પટકાતા મોત થયું હતું. શાળા બસ ચાલકે બેફામ બસ ચલાવતા વિદ્યાર્થીની પટકાઇ હતી. વાળુકડ માધ્યમિક શાળાની બસમાં ઠસોઠસ વિદ્યાર્થી ભર્યા હતા જેને કારણે આ ઘટના ઘટી હતી.

ખુલ્લી વરસાદી કાંસમાં પડી જતા આધેડનું મોત નીપજ્યું

વડોદરા

વડોદરા શહેરના સનફાર્મા રોડ ઉપર ખુલ્લી વરસાદી કાંસમાંથી એક આધેડ ઉંમરની વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો છે. સ્થાનિક લોકોછેલ્લા ૫ વર્ષથી વરસાદી વરસાદી કાંસ બંધ કરવા માટે રજૂઆતો કરી રહ્યા છે અને બે દિવસ પહેલા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને આવેદન પત્ર આપ્યું હતુંતેમ છતાં કોઇ કાર્યવાહી થઈ નથી અને વરસાદી કાંસમાં પડી જવાથી એક વ્યક્તિનું મોત થયું છે. વડોદરા શહેરના સન ફાર્મા રોડ ઉપર ખુલ્લી વરસાદી કાંસમાંથી મળી આવેલા મૃતદેહ અંગેની જાણ કરાતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. અને લાશનો કબજો લઇ પોસ્ટ મોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપી હતી. કાંસમાંથી મળી આવેલી વ્યક્તિ ક્યાંની રહેવાસી છે. તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે. અત્રે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. સન ફાર્મા રોડ ઉપર આવેલા સારા વડોદરા નામના ગૃપના મેહુલભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ખુલ્લી કાંસ આખરે જીવલેણ પુરવાર થઈ છે. બે દિવસ પહેલાં કાંસમાં ગાય પડી ગઈ હતી. ત્યારબાદ સવારે કાંસમાં ડી કંપોઝ થઈ ગયેલો મૃતદેહ મળી આવ્યો હતો. સારા ગૃપ દ્વારા બે દિવસ પૂર્વે જ ખુલ્લો વરસાદી કાંસ બંધ કરવા માટે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને આવેદન પત્ર આપીને રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ પાલિકા દ્વારા અમારી રજૂઆતને ગંભીરતાથી લેવામાં આવી નથી.

સગાઈનાં ખર્ચની ચિંતામાં યુવતીએ ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો

વડોદરા

વડોદરા શહેરના મકરપુરા જીઆઈડીસી વિસ્તારમાં આવેલા કાશિબાનગરમાં રહેતી ૧૯ વર્ષીય યુવતીએ શુક્રવારે મોડી રાત્રે ફાંસો ખાઈને જીવાદોરી ટુંકાવી લીધી હતી. યુવતીની સગાઇ થવાની હતી. જેથી પિતા સગાઇનો ખર્ચ કેવી રીતે કરશે તેની તેની ચિંતાથી દીકરીએ અંતિમ પગલુ ભર્યું હતું. માંજલપુર પોલીસે આ મામલે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

માંજલપુર પોલીસ મથકના એ.એસ.આઇ. પ્રભાતસિંહે જણાવ્યું હતું કે, કાશિબાનગરમાં રહેતી ઝીન્નત મહંમદ શોહેબખાન શેખ(૧૯) ઘરકામ કરતી હતી. આગામી દિવસોમાં તેની સગાઇ થવાની હતી અને યુવતીના પિતાને હૃદયની બીમારી હતી. ઘરનું ગુજરાન માંડ ચાલતુ હતું. જેથી તેના પિતા પોતાની સગાઇ કરવા માટે નાણાંની વ્યવસ્થા કેવી રીતે કરશે. તેવી સતત ચિંતા ઝીન્નતને સતાવતી હતી.

દરમિયાન ઝીન્નત શેખે શુક્રવારે રાત્રે એક વાગ્યા બાદ રસોડામાં ફાંસો ખાઇ લીધો હતો. વહેલી સવારે પરિવારજનોએ ઝીન્નતને ફાંસો ખાધેલી હાલતમાં જોતા સ્તબ્ધ થઇ ગયા હતા. આ બનાવ બનતા નગરના લોકો પણ દોડી આવ્યા હતા. પિતાની આર્થિક સ્થિતીને જોઇ જિંદગી ટુંકાવી લેનાર ઝીન્નતે વિસ્તારમાં અરેરાટી ફેલાવી દીધી હતી. આ બનાવ અંગે માંજલપુર પોલીસે આપઘાતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

એલઆરડી મુદ્દે મહેસાણા બંધને મળ્યો મિશ્ર પ્રતિસાદ, બાસના કન્વીનરોએ બજાર બંધ કરાવી

મહેસાણા

એલઆરડી મુદ્દે અનામત અને બિનઅનામતનો મામલો હવે ગાંધીનગરથી નીકળીને રાજયના અન્ય શહેરોમાં ફેલાઈ રહ્યો છે. મહેસાણામાં અનામત બચાવો સમિતિ દ્વારા મહેસાણામાં બંધની જાહેરાત કરી હતી. જોકે, બાસ દ્વારા અપાયેલા આ બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ મળ્યો છે. મહેસાણાના મુખ્ય બજારમાં કેટલીક દુકાનો બંધ રખાઈ, તો કેટલીક દુકાનો રાબેતા મુજબ ચાલુ જોવા મળી.

એલઆરડી મામલે સરકારે પરિપત્ર ન આપતા બાસ દ્વારા મહેસાણા બંધનું એલાન અપાયું હતું. જોકે, સવારથી જ બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. જેના બાદ બાસના કન્વીનરો બજાર બંધ કરાવા નીકળ્યા હતા. રામજી ઠાકોરની આગેવાનીમાં મહેસાણા બંધ કરાવવા કાર્યકર્તાઓ નીકળ્યા હતા. બાસના કાર્યકરોએ રેલી યોજી બજારો બંધ કરાવ્યા હતા. તો આ સમયે પોલીસ કાફલો પણ સાથે રહ્યો હતો, જેથી કોઈ ઘટના ન બને. આ મામલે કન્વીનર અભિજીતસિંહ બારડે જણાવ્યું હતું કે, ન્યાયની લડાઈ માટે બંધનું એલાન અપાયું છે. આગામી સમયમાં માંગ નહિ સ્વીકારાય તો ગુજરાત બંધનું એલાન પણ આપીશું.

જોકે, મહેસાણા બંધને પગલે સમગ્ર મહેસાણામાં ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. તો બીજી તરફ, મહેસાણાના મુખ્ય બજારો સવારથી જ રાબેતા મુજબ શરૂ થયા હતા. તોરણવાળી ચોક વિસ્તારની જૂજ દુકાનો સિવાય તમામ દુકાનો ચાલુ જોવા મળી, તો મુખ્ય બજાર રાજમહેલ રોડથી ફુવારા સ્થિત તમામ દુકાનો રાબેતા મુજબ શરૂ હતી. બાસ દ્વારા અપાયેલ બંધના એલાનનો ફિયાસ્કો થયેલો જોવા મળ્યો. મહેસાણામાં બંધની નહિવત અસર જોવા મળી હતી.

ઉધનાઝોન આકારણી વિભાગે કુલ ૧૯૧.૧૦ કરોડનો વેરો વસુલ કર્યો

જમીન મિલ્કત વિભાગ દ્વારા ૪૬ આવાસો સીલ

સુરત

સુરત મહાનગર પાલિકાના સાઉથઝોન (ઉધના) આકારણી અને વસુલાત વિભાગે વિવિધ વિસ્તારમાં સઘન વેરા વસુલાતની ઝુંબેશ અંર્તગત આજ રોજ તા.૧૪/૦૨/૨૦૧૦ના રોજ ખટોદરા, ઉધના, પાંડેસરા, ભેસ્તાન, ઉન, બમરોલી, ગભેણી, સોનારી, વિગેરે જુદા જુદા વિસ્તારોમાં કુલ્લે ૬૪ મિલકતોને સીલ કરવાની તથા પાંડેસરા- ક્ષેત્રપાલ નગર, રામ નગર, ભેસ્તાન- જય ભગવતી નગર, સંગમ એસ્ટેટ, શંખેશ્વરનગર ૨૮ મિલકતોમાં નળ કનેકશન કાપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ તેમજ પાંડેસરા-રામ નગર, આશાપુરી–૧, કાશી નગર, વિજયા નગર,ગોવિંદ નગર વિગેરેમાં ૦૯ ખુલ્લા પ્લોટો ઉપર ટાંચમાં લેવા અંગેના નોટીસ બોર્ડ પ્રદર્શિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જે કાર્યવાહી દરમ્યાન ૩૫ જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા ૦૩.૬૪ લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને ગત રોજ રૂપિયા ૪૦.૨૪ લાખ જેટલી વસુલાત થયેલ છે.

વધુમાં, જમીન મિલકત વિભાગ દ્વારા ૪૬ જેટલા આવાસ સીલ કરવાની કાર્યવાહી દરમ્યાન ૪૬ જેટલા મિલ્કતદારોએ સ્થળ પર રૂપિયા ૨.૩૦ લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને આજ રોજ રૂપિયા ૮.૩૬ લાખ જેટલી વસુલાત થયેલ છે.

સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરતાં આજ દિન સુધી રૂપિયા ૧૯૧.૧૦ કરોડ વસુલાત થયેલ છે. હજુ પણ મિલકત વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલકતદારોની મિલકતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક શિક્ષાત્મક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી જે મિલકતોના વેરા બાકી છે તેઓને તાકીદે વેરા ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

લુસવાડા બ્રાન્ચ પોસ્ટ ઓફિસના ખાતેદારો જોગ અગત્યની સૂચના

નવસારી

લુસવાડા બ્રાન્ચ પોસ્ટ ઓફિસમાં તા.૧૮/૦૬/૨૦૦૯ થી તા.૨૪/૦૨/૨૦૧૮ ના વર્ષમાં શ્રી ભગુભાઈ એલ.પટેલ બ્રાન્ચ પોસ્ટમાસ્તર દ્વારા સરકારી નાણાંની ઉચાપત કરવામાં આવી હતી. જે બાબતે ઈન્સ્પેકટર પોસ્ટઓફિસ બીલીમોરા દ્વારા દરેક ખાતેદારોને તેમના બેલેન્સની ચકાસણી કરવા માટે એસબી/૪૬ નોટીસ ખાતેદારોને રવાના કરવામાં આવી હતી. જે નોટીસોમાં ખાતેદારોને હજી પણ તેમના ખાતામાં તેમના બેલેન્સની રકમ બાબતે વાંધો/ફરિયાદ જણાય અથવા તો આ બાબતે કોઈ રજૂઆત કરવી હોય તો દિન-૧૫માં આ ઈન્સ્પેકટર પોસ્ટ ઓફિસ બીલીમોરા અથવા સિનિયર સુપ્રિન્ટેડન્ટ પો. ઓ. નવસારી ડિવિઝન નવસારીને જાણ કરવા જણાવાયું છે.

સુરત મહાનગર પાલિકા દ્વારા વધુ એક ગાર્ડન સાકાર કરાયો

સુરત

સુરત મહાનગરપાલિકા પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી મહાનગરપાલિકા ખુલ્લા પ્લોટોમાં ડ્રેનેજ પંપીગ સ્ટેશનો, બાગબગીચાઓ, હેલ્થ સેન્ટર, વોટર વર્કસ અને જાહેર મિલ્કતોમાં પણ મોટા પાયે વૃક્ષા રોપણની કામગીરી કરે છે. શહેરમાં ગ્રીન સ્પેસ તરીકે હાલમાં કુલ ૧૪૦ બાગો અને ૬૭ શાંતીવન તથા શાંતિકુંજ મળી કુલ ૨૦૭ બાગબગીચાઓનો વિકાસ કરેલ છે. આજ તા.૧૨/૦૨/૨૦૨૦ થી તા.૧૪/૦૨/૨૦૨૦ સુધી જાહેર જનતા તથા શહેરીજનો માટે વધુ બાગબગીચાનું લોકાર્પણ વિધી મા.મેયરશ્રી ડો. જગદીશ પટેલના પ્રમુખ સ્થાને, સ્થા.મ.પા.ના યુ.સભ્યશ્રીઓની હાજરીમાં તેમજ વિસ્તારના નગરજનોની હાજરીમાં ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષા શ્રીમતી સુચિત્રાતાબેન સુભાષભાઈ પટેલ વરદ્ હસ્તે બાગની લોકાર્પણ વિધી કરવામાં આવેલ છે. સદર લોકાર્પણ કાર્યક્રમ દરમ્યાન સ્થાનીક નગરજનો મોટી સંખ્યામાં હાજર રહેલ હતા.

નવસારીમાં તા. ૧૬મીના રોજ પ્રદેશ કક્ષાનો કલા મહાકુંભ

નવસારી

જિલ્લા યુવા વિકાસ અધિકારી અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી નવસારી દ્વારા સંચાલિત તથા શ્રી સ્વામીનારાયણ ઈન્ટરનેશનલ સ્કુલના સહયોગથી દક્ષિણ ગુજરાત પ્રદેશકક્ષા મહાકુંભ ૨૦૧૯-૨૦તા.૧૬/૦૨/૨૦૨૦ અને તા.૧૭/૦૨/૨૦૨૦ ના રોજ શ્રી સ્વામીનારાયણ ઈન્ટરનેશનલ સ્કુલ, એરૂ, નવસારી ખાતે યોજાનાર છે.

તા.૧૬ મી ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦-૦૦ કલાકે યોજાનારા આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી આર.સી.પટેલ તથા નવસારીના ધારાસભ્ય શ્રી પિયુષભાઈ દેસાઈ ખાસ ઉપસ્થિત રહેશે. તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી નવસારી દ્વારા જણાવાયું છે.

નવસારીમાં કોરોના વાયરસ ડીઝીસ અંગે તબીબો માટે સેમિનાર યોજાયો

સાવચેતીના પગલા તથા સારવાર અંગે માર્ગદર્શન અપાયું

નવસારી

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર કોરોના વાયરસ ડીઝીસ અંગે નવસારી જિલ્લા પંચાયત, આરોગ્યશાખા દ્વારા નવસારી જિલ્લાનાં ખાનગી ડોકટર્સ તથા સરકારી તબીબોને માહિતગાર કરવા જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી પ્રશસ્તિ પારીકની ઉપસ્થિતિમાં સેમિનાર યોજાયો હતો.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી પ્રશસ્તિ પારીકે તમામ ડોકટર્સને જિલ્લામાં આરોગ્યનું સ્તર જાળવી રાખવા અપીલ કરી કોરોનો વાયરસ અંગે સાવચેતી રાખવા જણાવ્યું હતું.

અમદાવાદ બી.જે. મેડીકલ કોલેજના પ્રોફેસર અને હેડ મેડિસીન ડિપાર્ટમેન્ટના ડાલ.કમલેશ ઉપાધ્યાય એ સરળ અને સચોટ રીતે તમામ કોરાના વાયરસ અંગે તથા સાવચેતીના પગલાં અને દર્દીની સારવાર કઈ રીતે કરવી તે બાબતે સમજ આપી હતી.આ રોગની કોઈ રસી કે દવા ઉપલબ્ધ નથી. જેથી કોઈપણ ચાઈનાથી આવેલ વ્યકિતમાં આવેલી વ્યકિતમાં જા શરદી, ખાંસી, તળાવ, શ્વાસ લેવામાં તકલીફ જેવા લક્ષણો જણાય તો તેને તાત્કાલિક જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં દાખલ કરવો. ૧૪ દિવસ સુધી ચાઈનાથી આવેલ વ્યકિતને ઓબ્ઝર્વેશન હેઠળ રાખવા. મ્હોદ્વ પર માસ્ક બાંધી બીજા લોકોથી દૂર રહેવા સેમિનારમાં જણાવ્યું હતું.

હાલમાં ગુજરાતમાં એકપણ પોઝીટીવ કેસ નથી. વારંવાર સાબુથી હાથ ધોવા, ખાંસી કે છીક ખાતી વખતે મોઢુ ઢાંકી રાખવું, પૌષ્ટિક આહાર લેવો, પૂરતા પ્રમાણમાં ઉંઘ લેવી. ખૂબ જ પાણી પીવું. નિયમિત કસરત કરવી. રોગપ્રતિકારક શકિત વધારવી, ભીડભાડવાળી જગ્યાએ જવું નહિ વગેરે કાળજી લેવાથી રોગથી બચી શકાય છે.

આ સેમિનારમાં નવસારી મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડાલ.અગ્રવાલ, સેક્રેટરી ડાલ.નેહાબેન તથા જિલ્લા રોગચાળા અધિકારી ડાલ.એમ.આર.ડેલીવાલા તથા ખાનગી અને સરકારી તબીબો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

બનાવટી ગુટખા બનાવવાનું કારખાનું ઝડપાયું, એકની અટકાયત

સુરત

ગુટખા ખાવાના શોખીન લોકો માટે ચેતવણી સમાન કિસ્સો સામે આવ્યો છે. જો તમે ગુટખા ના શોખીન છો, તો ચેતી જજો. કારણ કે સુરતના બજારમાં હવે બનાવટી ગુટખાનું વેચાણ શરૂ થયું છે. જે આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક નીવડી શકે છે. શહેરના બજારમાં બનાવટી ગુટખાના વેચાણ અંગેની માહિતીના આધારે ઉધના પોલીસે બનાવટી ગુટખા બનાવવાનું કારખાનું ઝડપી પાડ્યું છે. ઉધનાની ચંદ્રદીપ સોસાયટીના પ્લોટ નંબર ૧૨ અને ૧૩માં આવેલ એક મકાનમાં બનાવટી ગુટખા બનાવવાનું કારખાનું ધમધમી રહ્યું હોવાની માહિતી ઉધના પોલીસના સ્ટાફને મળી હતી. જયાં પોલીસે સમી સાંજે ચંદ્રદીપ સોસાયટીના પ્લોટ નંબર ૧૨, ૧૩માં છાપો મારતા બનાવટી ગુટખા બનાવવાનું કારખાનું મળી આવ્યું હતું.

પોલીસને અહીંથી બ્રાન્ડેડ કંપનીના ગુટખા સહિત તંબાકું અને મોટા પ્રમાણમાં સોપારીના જથ્થા તેમજ સાધન સામગ્રી મળી આવી હતી. જયાં પોલીસે ઘટના સ્થળથી એક શખ્સની અટકાયત કરી હતી. પોલીસના છાપા દરમ્યાન મુખ્ય સૂત્રધારો ફરાર થઈ ગયા હતા. જોકે પોલીસે સ્થળ પરથી ઈલેક્ટ્રિક વજન કાંટા, પેકિંગ મશીન, સોપારીનો મોટો જથ્થો તેમજ બનાવટી ગુટખા બનાવવા માટે ઉપયોગમાં લેવાતા કેમિકલ ઉપરાંત મશીનરી કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી હતી. બનાવટી ગુટખાનો આ કારોબાર કેટલા સમયથી ચાલી રહ્યો હતો અને આ કારોબારમાં અન્ય કેટલા લોકો સંડોવાયેલ છે તે અંગેની તપાસ હાલ ઉધના પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે.

સૂર્યા મરાઠી હત્યાકાંડ : હાર્દિકે છરીના ૫૦ ઘા ઝીંકી કરપીણ હત્યા કરી હતી, બેની ધરપકડ

સુરત

સુરતમાં સૂર્યા મરાઠીની ઓફિસમાં ૭ જેટલા ઈસમો ઘૂસી આવ્યા હતા. આ શખ્સોએ તલવાર અને ચપ્પુના ઉપરા છાપરી ૫૦ જેટલા ઘા મારી સૂર્યા મરાઠીનું ઢીમ ઢાળી દીધું હતું. જોકે બીજી બાજુ સૂર્યાની હત્યા કરવા આવેલ તેનો એક સમયનો સાથી હત્યા કરી ભાગી ગયા બાદ સૂર્યા ગેંગ દ્વારા તેની પણ કરપીણ હત્યા કરવામાં આવી હતી. આ મામલે પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે બે શખ્સોની ધરપકડ કરી છે. સૂર્યા મરાઠીને તેના જ એક વખતના રાઈટ હેન્ડ હાર્દિકે પતાવી નાખ્યો હતો.

સુરતમાં એક સાથે બે હત્યાની ઘટના બનતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. જોકે આ હત્યાને લઈને સમગ્ર વિસ્તારમાં ભારે ચર્ચા પણ ઉભી થઈ હતી. આ મામલે પોલીસે ઝડપેલા બે આરોપીની સીસીટીવી દ્વારા ઓળખ કરીને બે લોકોની ધરપકડ કરી છે. તેમણે પોલીસને જણાવ્યું કે સુર્યા મરાઠી નવરાત્રિમાં જેલમાંથી પેરોલ પર બહાર આવ્યો ત્યારે તેણે હાર્દિકની પત્નીની છેડતી કરી હતી તેથી તેને મારી નાખવાનો પ્લાન કર્યો હતો.સુર્યા મરાઠી પર હુમલો કરવા આવેલો હાર્દિક ભાગતાની સાથે તેની ઓફીસથી બે કિલોમીટર દૂર સૂર્યાના માણસોના હાથે ઝડપાયો હતો ત્યા તેને પાડીને તેના પર ચપ્પુથી હુમલો કર્યો હતો જેને લઈને હાર્દિકનું પણ મોત થઈ ગયું હતું. જોકે ઘટનાની જાણકારી મળતા ઉચ્ચ અધિકારી સાથે કાઈમ બ્રાન્ચની ટીમ પણ જગ્યા પર આવીને તપાસ શરુ કરી હતી.

પોલીસે ડમી ગ્રાહક મોકલી કૂટણખાનાનો કર્યો પર્દાફાશ: બે યુવતી, દલાલની ધરપકડ

હાલોલ

હાલોલ પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે જીઆસીડીસી કોલોનીમાં રહેતો નિર્મલકુમાર વિષ્ણુચંદ ગુપ્તા પરપ્રાંતમાંથી દેહવીક્રયના ધંધા માટે પરપ્રાંત માંથી યુવતીઓને હાલોલમાં લાવી પોતાની કારમાં માલેતુજાર લોકોને સપ્લાય કરી આર્થિક ફાયદો ખાટવા નેટવર્ક ચલાવતો હોવાની બાતમીને લઈ પોલિસે ડમી ગ્રાહક બનાવી પાવાગઢ રોડ સિંધવાવ તળાવ પાસેથી નિર્મલ વિષ્ણુચંદ ગુપ્તા અને બે યુવતીઓને કાર સાથે ઝડપી અનઅધિકૃત ગેસ્ટ હાઉસો ચલાવતા સંચાલકોમાં સોપો પડી ગયો છે.

વિશ્વાસુ ગ્રાહક નિર્મલના વોટ્સઅપ પર હાઈ કરી મેસેજ મોકલી કોડવર્ડ વસ્તુ છે નું પૂછતાજ નિર્મલ સામે ગ્રાહકના વોટ્સઅપ પર યુવતીઓના ફોટા મોકલતો બાદ ગ્રાહક યુવતી પસંદ કરી તેની કિંમત નક્કી થયા બાદ નિર્મલ યુવતીને પોતાની કારમાં ગ્રાહકના એડ્રેસ પર મૂકી આવતો અને નક્કી સમયે પરત લઈ આવતો હોવાની ચોકસ વિગતો પોલિસ ને મળી હતી. નિર્મલ પરપ્રાંત માંથી યુવતીઓ ને હાલોલમાં લાવ્યો છે ની માહિતી પીઆઈ સંગતયાની ને મળતા નિર્મલ પોતાની કાર માં બે યુવતીઓને લઈ પાવાગઢ રોડ સિંધવાવ તળાવ પાસે ગ્રાહકની શોધમાં ઉભો હોય પોલિસે એક ડમી ગ્રાહક ઉભો કરી વેસ્યગમન કરવા નિર્મલની કાર પાસે મોકલી નિર્મલ સાથે વાત કરતા યુવતીનો પાંચસો રૂપિયામાં સોદો નક્કી થતા ડમી ગ્રાહકે પોતાના ખિસ્સા માંથી રૂમાલ કાઢી નીચે ફેંકતા નજીકમાં ઉભેલી પોલિસ દોડી આવી હતી અને નિર્મલ સહિત બે યુવતીઓ ને ઝડપી પાડી પોલીસ મથકે લઈ આવ્યા હતા જયાં પોલિસે નિર્મલ ગુપ્તા પાસે થી એક લાખ ની કાર.મોબાઈલ ફોન રોકડા ૧૬૦૦ સહિતનો મુદામાલ કબ્જે કરી નિર્મલ ગુપ્તા વિરુદ્ધ એનીતિક દેહ વ્યાપાર અંતર્ગત ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

રોડ પર ખોદેલા ખાડામાં પડતાં યુવાને ખાડા વચ્ચે બેસી જઈ ધરણાં શરૂ કર્યા

વડોદરા

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને વડોદરા શહેરને ખાડોદરા બનાવી દીધું છે. પાણીની લાઈનમાં અને ગટર લાઈનમાં ભંગાણ પડતાં રીપેરીંગ માટે રોડ પર ખાડા ખોદી નખાયા બાદ તે પુરવામાં નહીં આવતા જોખમી બની જાય છે. લોકો ખાડામાં પડે છે અને અકસ્માતનો ભોગ બને છે. સવારે આવા એક ખાડામાં પડેલા શખ્સે ખાડા વચ્ચે જ બેસી જઈ ધરણા શરૂ કરી દીધા હતા.

સરદાર એસ્ટેટથી હાઈવે જતા ૪૦ મીટરના આજવા રોડ પર વિનય સોસાયટીના નાકા પાસે બાઈક સવાર ખાડામાં ખાબકતા નીચે પટકાયો હતો. થોડું વાગ્યું પણ હતું ખાડા પૂરવા બાબતે કોર્પોરેશનના ઊંઘતા તંત્રને જગાડવા તે સ્થળ પર ખાડા વચ્ચે બેસી જઈ ધરણા શરૂ કર્યા હતા. તેનું કહેવું હતું કે આ રોડ પર પાણીની લાઈન લીકેજ થતા રીપેરીંગ માટે અગાઉ ખાડો ખોદવામાં આવ્યો હતો પછી ખાડો પૂરીને રોડ બનાવવાને બદલે જેમ તેમ ખાડો અધૂરો છોડી દેવાયો હતો.

અત્યાર સુધીમાં સાત લોકો આ ખાડાને લીધે નીચે પડ્યા છે. છતાં કોર્પોરેશનના તંત્રની આંખ ખુલતી નથી. સ્માર્ટ સિટીની વાતો કરતા કોર્પોરેશનનું તંત્ર શહેરમાં ઠેર ઠેર પડેલા આવા સ્માર્ટ ખાડાનું પુરાણ કરવાનું કામ હાથ પર લીધું નથી. શહેરમાં બીજી પણ જગ્યાએ ખોદકામ ચાલે છે અને ખાડા પુરાણ વિના અધુરા છોડી દેવાય છે. રોડ પર જ ધરણા શરૂ કરનાર શખ્સે એક કલાક સુધી દેખાવો કર્યા હતા.

મોરબીમાં ઢોંગી ભુવાની કરતૂતનો પર્દાફાશ: છેતરપિંડી ઉઘાડી પાડી

૧૭ વર્ષથી ધતિંગલીલા કરનાર ભુવાનો ભાંડાફોડ કરતું વિજ્ઞાન જાથા

અમદાવાદ

મોરબી શહેરમાં વજેપર વિસ્તારમાં છેલ્લા ૧૭ વર્ષથી દોરા-ધાગા, રોગ મટાડવા, શરીરમાં વળગેલ ખરાબ આત્મા બહાર કાઢવો વિગેરે ધતિંગલીલા કરનાર ભુવા બાબુ રાજા કંઝારીયાનો ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે સીટી 'એ' પોલીસ સ્ટેશનની મદદથી ૧૧૭૯ મો સફળ પર્દાફાશ કર્યો હતો. સથવારા પરિવારની લલીતાબેન નટવરભાઈને પગે પડી ભુવાએ માફી માંગી લેતા મામલો થાળે પડયો હતો.

બનાવની વિગત પ્રમાણે તા. ૧૩ મી ગુરૂવાર સાંજે મોરબીથી અરવિંદ નટવરભાઈ, ભરત જગદીશ પરમાર અને નિર્દોષ લલીતાબેન કંઝારીયા રાજકોટ વિજ્ઞાન જાથાના કાર્યાલયે રૂબરૂ આવી આપવીતીમાં જણાવ્યું કે અમારા વિસ્તારમાં અમારી જ જ્ઞાતિનો ભુવો બાબુ રાજા કંઝારીયા છેલ્લા ઘણા વર્ષોથી લોકોના દુઃખ-દર્દ, રોગ મટાડવા, સગાઈ-લગ્ન, પિતૃ-સુરાપુરા નડતર, મેલો આત્મા, શરીર વળગેલ આત્મા, જોર-ઝપટ કાઢવાનું કામ પોતાના ઘરમાં રામાપીરના સ્થાનકમાં દિવસ-રાત કરે છે. આ ભુવો રંગીન મિજાજી હોય ત્રણવાર લોકોના હાથે મેથીપાક, માર ખાધો છે. લખધીરપુરમાં છોકરી ની છેડતી બાબતે ગ્રામજનોએ ભુવાને ઢોર માર મારી વિડીયો વાયરલ કર્યો હતો. ભુવા બાબુ રામાપીરના નામે ડરાવતો-ભય ફેલાવતો હોય કોઈ તેની સામે બોલતું નથી, તેમને દરજી સાથે પ્રેમલગ્ન કર્યા હોય પહેલા મજરી પછી કડીયા કામ હવે કેટરર્સનો ધંધો કરે છે. રામાં મંડળ ચલાવે છે. પોતે રામાપીરનું પાત્ર ભજવી, અભિનય કરી શ્રદ્ધાળુઓને સરળતાથી છેતરે છે. અમારા વિસ્તારમાં મોટાભાગે સથવારા પરિવાર રહે છે. રામાપીરનું સ્થાનક પોતાના માટે રોજગારીનું સાધન બની ગયું છે. અનેક દુઃખી લોકો આબરૂના ડરે ફરિયાદ કરતા નથી.

વિજ્ઞાન જાથાના ચેરમેન જયંત પંડયા અને તેમના સહયોગીઓ દ્વારા ઢોંગી ભુવાની કરતૂત ઉઘાડી પાડી પોલીસ ફરિયાદ કરવાની ચીમકી અપાતા ઢોંગી ભૂવાએ જાહેરમાં માફી માંગી હવેથી અંધ શ્રદ્ધાની દુકાન બંધ કરી દેવાની ખાતરી આપી હતી.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફ્રિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

ડેડીયાપાડા મામલતદાર કચેરી પાસે જ પતિ પત્ની ઔર વોહના ચક્કરમાં બબાલ

પતિને અન્ય ગામની સ્ત્રી સાથે પ્રેમ સંબંધ હોવાનું જણાવી દીકરીના છુટાછેડા તેમજ ઈકો ગાડી પરત આપવા જણાવતા મામલો બીચકયો

બંન્ને પક્ષના માણસો તથા ગામના આગેવાનો ભેગા થઈ પારીવારીક ઝગડા બાબતે સમાધાન કરાવતા હતા ત્યારે મામલો બગડતા મારામારી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા ના ડેડીયાપાડા મામલતદાર કચેરી નજીક આવેલ સરકારી અનાજના ગોડાઉનની પાસે પતિ પત્ની ઔર વોહ બાબતે બબાલ થતા મારામારી ના દ્રશ્યો જોવા મળ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ડેડીયાપાડા ના કોયલીવાવ ગામના સોમાભાઈ જાતરીયાભાઈ વસાવા એ આપેલી ફરિયાદ મુજબ તેમની દિકરીના પારીવારીક ઝગડાના સમાધાન માટે બંન્ને પક્ષના માણસો તથા ગામના આગેવાનો ભેગા થયા હતા તે વખતે સસરા એ જમાઈને જણાવ્યું કે,તારે સુકાઆંબા ગામની એક સ્ત્રી સાથે પ્રેમ સંબંધ હોઈ અને મારી છોકરીને રાખવા માંગતો ન હોઈ તું મારી છોકરીને છૂટાછેડા આપી દે અને મારા છોકરા મોતીસિંગે તને ફેરવવા માટે આપેલ ઈક્કો ગાડી અમને પરત આપી દે તેવુ જણાવતા સામાં પક્ષના રમેશ ભાઈ ધનજીભાઈ વસાવા, રણજીત ભાઈ રમેશભાઈ વસાવા, રતિલાલ ધનજીભાઈ વસાવા, ગંભીરભાઈ નરશીભાઈ વસાવા, તમામ રહે. સીયાલી, ડેડીયાપાડા ઉશ્કેરાઈ જઈ ગમે તેમ ગાળો બોલી ઝપાઝપી કરી ઢીકપાટુનો મારમારી તથા જમાઈ રમેશ વસાવા એ સસરા નો હાથ પકડી મચડી નાંખી ફેકચર કરી ઈજા પહોંચાડી તથા બાકીના ત્રણે એકબીજાની મદદગારી કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હોય ડેડીયાપાડા પોલીસે આ બાબતે ચારેય વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

ડેડીયાપાડાના કેવડી ગામના માનસિક બીમાર યુવાને પંખા સાથે દોરડું બાંધી ફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો

માનસિક બીમારી કંટાળેલા યુવાને પોતાની મતાને દુકાને મોકલી ફાંસો ખાઈ લીધો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા ના ડેડીયાપાડા ના કેવડી ગામના માનસિક બીમાર યુવાને પોતાના ઘર માં જ પંખા સાથે દોરડું બાંધી ફાસો ખાઈ લેતા પોલીસે અ. મોત નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કેવડી ગામમાં રહેતા રાજેન્દ્રભાઈ માનસીંગભાઈ વસાવા (ઉ.વ.આ.૨૨) છેલ્લા બે ત્રણ મહીનાથી માનસીક બીમારીથી પીડાતા હોઈ જેથી ગત તારીખ ૧૧ ફેબ્રુઆરી એ તેની માતાને દુકાને પડીકી લેવા મોકલી આપ્યા બાદ પોતાના ઘરમા પંખાના હુક સાથે દોરડુ બાંધી કોઈ કારણસર જાતે ગળે ફાંસો જતા તેને પ્રથમ સારવાર સરકારી દવાખાના ડેડીયાપાડા બાદ સીવીલ હોસ્પિટલ રાજપીપળા ખાતે કરાવ્યા બાદ વધુ સારવાર માટે તા.૧૨ ફેબ્રુઆરીના રોજ SSG હોસ્પિટલ વડોદરા ખાતે રીફર કરતા સારવાર દરમ્યાન તા.૧૪ ના રોજ તેનું મોત થતા પોલીસે અ. મોત નોંધી તપાસ હાથ ધરી છે.

રાજપીપળામાંથી રેલ્વે જંકશન બાદ હવે એરપોર્ટ પણ છીનવાઈ જશે તો જીલ્લાની નેતાગીરી પાંગળી પુરવાર થશે



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકા ખાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા ની આજુબાજુના વિસ્તારો નો વિકાસ થઈ રહ્યો છે પરંતુ આ વિકાસમાં સરકાર રાજપીપળા સાથે અન્યાય કરી રહી હોય એમ જીલ્લાની પ્રજાને સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.છતાં સરકાર પ્રજા ને ઉલ્ટા ચશ્માં પહેરાવવા પ્રયાસ કરતી હોય એમ લાગી રહ્યું છે.

કેવડીયામા આકાર લઈ રહેલા દેશના પ્રથમ ગ્રીન રેલવે સ્ટેશન ની લાઈન રાજપીપળા થઈને લઈ જવાનો પ્રસ્તાવ હતો પણ પ્રજા ના આશ્ચર્ય વચ્ચે લાઈન વાયા ચાણોદ કરી રાજપીપળાનો છેદ ઉડાડી દેવાયો હતો,અને જીલ્લા ની સત્તા ધારી નેતાગીરી વામણી પુરવાર થતી લાગી હતી, અને લોકો વચ્ચે જતાં નેતાઓ ટીકાને પાત્ર બન્યાં હતા. ત્યારે સ્થાનિક નેતાઓનું ગાંધીનગર મા કંઈ ઉપજતું નથી તેવી વાત પણ ફરતી થઈ હતી. હવે આ સંભવિત એરપોર્ટ પણ ગરુડેશ્વર તરફ લઈ જવાની તૈયારીઓને આખરી ઓપ અપાઈ જતાં સત્તાધારી પાર્ટીની નેતાગીરી લુલી જોવા મળી ત્યારે હોદેદારો ગળુ ખોંખારી ને એરપોર્ટ તો રાજપીપળા માંજ બનવું જોઈએ તેવો હુંકાર કર્યો છે સાથે ઉપલા સ્તરે રજુઆત કરીશું તેવો રાગ આલાપ્યો હતો ત્યારે હવે જોવુ એ રહ્યું કે એરપોર્ટ ની આ રસ્સા ખેંચ રમત મા કોનો વિજય થાય છે.

આ મુદ્દે વેપારીઓને પુછતાં તેમણે જણાવ્યું કે વિમાનો રાજપીપળા મા ઉતરે અને હવાઈ સેવાઓ શરૂ થાય તો વિકાસ ઝડપી તેમ છે પણ સરકાર રાજપીપળા શહેર સાથે અન્યાય કરી રહી છે તેવા પણ આક્ષેપ થઈ રહ્યા છે.

આ મામલે જીલ્લાના ધરતીપુત્રો કહે છે કે રાજપીપળા ના સરકારી ઓવારા પાસે રાજા રજવાડા સમયનું એરોડ્રામ હોવા છતાં એરપોર્ટ કેવડિયા લઈ જવાની વાત વહેતી થઈ છે જે ખોટું છે જો રાજપીપળા માં એરપોર્ટ આવે તો રાજપીપળા નો વિકાસ થાય જેથી ખેડૂતો એરપોર્ટ માટે પોતાની જમીનો આપવાની તૈયારી પણ દેખાડી રહ્યા હોવાની વાત જાણવા મળી છે.

આ બાબતે રાજપીપળાના ભાજપના શહેર પ્રમુખ અને અનાજ કરિયાણા વેપારી મંડળ ના પ્રમુખ રમણસિંહ રાઠોડે પણ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે એરપોર્ટની ઘણા દિવસથી વાતો ચાલે છે કે રાજપીપળા થી ખસેડીને કેવડિયા પ્રસ્થાપિતની વાત ચાલુ છે પણ મારુ એવું માનવું છે કે એરપોર્ટ ની જગ્યા રાજા રજવાડા વખતની છે અને તે સમયે ત્યાંજ વિમાનો ઉતરતા હતા અને ઈન્દિરા ગાંધી જવાહરલાલ નેહરૂ પણ તે વખતે ત્યાં જ ઉતર્યા હતા માટે આ એરપોર્ટ તો અહીંયા જ આવવુ જોઈએ. ત્યારે રાજપીપળા એરપોર્ટ મુદ્દે હવે એ જોવું રહ્યુ કે આગામી દિવસોમા આ સમસ્યા નો ટર્નિંગ પોઈન્ટ ક્યાં આવે છે.

નગર પ્રા.શાળા સમિતિની શાળા ક્રમાંક ૩૯માં બે શિક્ષિકાઓ વચ્ચે મારામારી

ખુરશી બાબતે શાળામાં બે મહિલા શિક્ષિકા બાખડતા સીઆરસીની તપાસ

સુરત

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં ગઈકાલે બે શિક્ષિકા વચ્ચે ખુરશીની ખેંચતાણમાં લાફા કાંડ સર્જાયો હતો. આ ઘટનાની જાણ શાળા સમિતિ ના નિરીક્ષક જાગૃતીબેન ને થતા સી.આર.સી ને તપાસ સોંપવામાં આવી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળામાં શિક્ષકો વચ્ચે ગજગ્રાહ થતો રહ્યો છે. જેમાં શાળા સમિતિની શાળા નંબર ૩૯ માં ગઈકાલે શિક્ષિકા દિપીકાબેન અને તેજલબેન વચ્ચે ખુરશીની ખેંચતાણમાં ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેને પગલે એક શિક્ષીકાએ બીજી શિક્ષિકા ઉપર હાથ ઉગામ્યો હતો. આ ઘટનાની જાણ ઈન્ચાર્જ આચાર્યને થતા નિરીક્ષક જાગૃતીબેન ને જાણ કરવામાં આવી હતી. જાગૃતીબેન સી.આર.સી ને જાણકારી આપી સમગ્ર ઘટનાની તપાસ કરી કાર્યવાહી કરવા જણાવ્યું હતું. જેના પગલે સીઆરસી એ બંને શિક્ષિકાઓના નિવેદનો લીધા હતા. જોકે ત્યારબાદ આ બંને શિક્ષિકાઓએ કોઈ જ ફરિયાદ કરવાની ના પાડતા માત્ર નિવેદનો લઈને મામલો પૂર્ણ વિરામ કરવામાં આવ્યો હતો. પરંતુ આ ઘટના ચર્ચા સમગ્ર શાળા સમિતિ ની શાળામાં ચર્ચાસ્પદ રહ્યો હતો.

સરભોણમાં બગાસના જથ્થામાં મોડીરાત્રે વિકરાળ આગ લાગી

આગમાં બગાસનો જથ્થો સંપૂર્ણ સળગી ગયો

સુરત

બારડોલીના સરભોણ ગામે આવેલી પ્લાયવૂડ બનાવતી કંપનીના બગાસના જથ્થામાં આગ ભભૂકી ઉઠી હતી. ગઈકાલે મોડી રાત્રિના સમયે લાગેલી આગ એટલી પ્રચંડ હતી કે જોત જોતામાં જ સમગ્ર બગાસના ઢગલામાં પ્રસરી ગઈ હતી. આગ પર કાબૂ મેળવવા માટે ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવી હતી. જેથી ફાયરબ્રિગેડે પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.

બારડોલીના સરભોણ ગામે હાઈટેક નામની પ્લાયવૂડ બનાવતી કંપનીના બગાસના જથ્થામાં આગ ભભૂકી ઉઠી હતી. ખુલ્લા પ્લોટમાં એકઠા કરાયેલા બગાસના ઢગલામાં લાગેલી આગ જોત જોતામાં જ સમગ્ર ઢગલામાં લાગી ગઈ હતી. ગઈકાલે મોડી રાત્રે લાગેલી આગની જાણ ફાયરબ્રિગેડને કરવામાં આવી હતી. જેથી ફાયરબ્રિગેડની બારડોલી અને નવસારી તથા પીઈપીએલ સહિતની ચાર ગાડીઓએ પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો. વારંવાર બગાસના જથ્થામાં આગ લાગવાની ઘટનાઓ બનતી હોવાનું પણ સામે આવતાં આગને લઈને પણ સવાલો ઉઠવા લાગ્યાં હતાં.

સરથાણામાં કારની અડફેટમાં બાઈક સવારનું મોત, એક ઘાયલ

સુરત

સરથાણા ગઠપુર રોડ ઉપર કારની અડફેટે મોટર સાયકલ સવારનું મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે એક ગંભીર રીતે ઘાયલ થયો છે. સુરતના સરથાણા પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ સીમાડાગામ સુર્યોદય રો હાઉસમાં રહેતા રાકેશ ખીમજીભાઈ ભાદાણીએ આપેલી ફરિયાદ મુજબ ફરિયાદી રાકેશભાઈનો મિત્ર અરૂણભાઈ વઘાસીયા તથા ભરત ભાદાણી ગાડી ઉપર નવજીવન હોટલથી ગઠપુર રોડ ઉપરથી પસાર થતા હતા, ત્યારે ગાડી નં જીજે ૫ જેડી ૩૦૦૮ના ચાલકે અડફેટે લેતા અરૂણભાઈનું મૃત્યુ નીપજ્યું હતું જ્યારે ભરતભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. બનાવ અંગે કાર ચાલક સામે સરથાણા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી. અને અકસ્માત મોત કેસમાં પોલીસે વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

ભાટીયા ટોલનાકા જનઆંદોલન સંઘર્ષ સમિતિને ઠેર-ઠેરથી સમર્થન

વ્યાપક આંદોલન શરૂ કરવા ગામેગામ યોજાતી બેઠકો

સુરત

ભાટીયા ટોલનાકા ઉપર સ્થાનિક વાહનોને મુક્તિ અપાવવા માટે સુરત જિલ્લા પંચાયતના સભ્ય દર્શન નાયકે સ્થાનિક પ્રજાના સમર્થનથી જન આંદોલનનો પ્રારંભ કર્યો છે. છેલ્લા દસેક દિવસથી શરૂ કરાયેલા આ આંદોલનને વ્યાપક જનસમર્થન પ્રાપ્ત થઈ રહ્યું છે. તેમ છતાં પણ ટોલનાકાના સત્તાધીશોના પેટનું પાણી પણ હાલતું નથી.

ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિના આગેવાન દર્શન નાયકના જણાવ્યા મુજબ બારડોલી વિભાગ ગ્રામ વિકાસ ક્રેડીટ સોસાયટી, સરદાર બાગાયત સહકારી મંડળી, શ્રી સરદાર સ્મારક હોસ્પિટલ, બારડોલી જનતા ક્રેડીટ સોસાયટી, શ્રી સરદાર ખેતી સહાયક સહકારી વિદ્યુત મંડળી, શ્રી ગલતેશ્વર વિકાસ મંડળ, માંડવી નાગરિક સહકારી બેંક, બારડોલી બાગાયત સહકારી મંડળી, ગુજરાત સ્ટેટ કો.ઓ. ફુડ એન્ડ વેજીટેબલ માર્કેટિંગ ફેડરેશન, ધી પલસાણા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ ષ ઓલપાડ ગ્રુપ કો.ઓ. હાઉસિંગ સર્વિસ સોસાયટી, સોંદલખારા દૂધ અને શાકભાજી વેચાણ મંડળી, શેખપુર ગ્રામ પંચાયત, ડુંગર, એરઠ, વાંકાનેડ, સાંકી, બગુમરા, ખરભારત, નિયોલ, તાતીથૈયા, વરેલી, કરણ, અંત્રોલી સહિતની ગ્રામ પંચાયતો સહિતનાએ લડતને સમર્થન જાહેર કરી ટોલનાબૂદી માટે પત્રો પાઠવ્યા હતા. આ તમામ સમર્થનપત્રો સાથે કલેક્ટરને રજૂઆત કરવામાં આવશે અને ભાટીયા ટોલનાકા ઉપર સ્થાનિક વાહનોને ટેક્સમાંથી મુક્તિ આપવાની માંગણી કરાશે.

આ આંદોલનને આગળ ધપાવવા માટે બેઠકોનો દોર ચાલુ રાખવામાં આવ્યો છે.

રાજપીપળામાં બેન્કોની લાપરવાહીના કારણે હજારો ગ્રાહકોને તકલીફ : એટીએમ સહિત નાણાં ઉપાડવા કે જમા કરાવવા મુશ્કેલ

ક્યારેક ઈમરજન્સી સમયે કોઈ બિમાર વ્યક્તિને જરુર હોવા છતાં પોતાના ખાતામાં પડેલા રૂપિયા નહિ મળતા તકલીફ

સ્ટેટ બેંક, દેના-બેંક ઓફ બરોડા સહિતની મોટા ભાગની બેન્કોના એટીએમ વારંવાર બગડતા બેન્કોમાં મોટી કતારો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા શહેર ની મોટાભાગની બેન્કો નો વહીવટ ખાડે ગયો હોય એમ અનેક તકલીફો સામે આવતા હજારો ગ્રાહકો ધક્કે ચઢી રહ્યા છે.જેમાં ખાસ કરીને મોટા ભાગની બેન્કો ના એટીએમ અવાર નવાર ખોટકાયેલ હોવાથી રજાના દિવસો માં છતે રૂપિયે ગ્રાહકો ને ફાંફા મારવા પડે છે.

એક તરફ સરકાર બધું ઓનલાઈન કરવા તત્પર છે ત્યારે બીજી તરફ બેન્કો માં સર્વર બંધ,એટીએમ બંધ સહિતની અનેક તકલીફો સામે આવતા ગ્રાહકો ધક્કે ચઢતા નજરે પડે છે જેમાં હાલ માજ બેંક ઓફ બરોડા માં બીજી બેન્કો ભેગી કરતા એકજ બેંક માં ગ્રાહકો ની સંખ્યા ચારઘણી



થઈ હોય ઉપર થી ત્યાં સર્વર અટકી પડતા છતે પૈસે લોકો રૂપિયા માટે વલખા મારતા જોવા જોવા મળ્યા હતા સાથે સાથે રાજપીપળા શહેર માં મોટા ભાગની બેન્કો ના એટીએમ જાણે શોભાના ગાંઠિયા સમાન હોય છાસવારે બંધ જોવા મળતા હોય રજા ના દિવસો માં જો કોઈ વ્યક્તિ ને ઈમરજન્સી પૈસા ની જરૂર હોય તો પણ તેને બીજા પાસે હાથ લંબાવવો પડે અથવા અન્ય વ્યવસ્થા કરવી પડે છે. કાયમી જે હંગામી કર્મચારીઓ ના પગાર પણ હવે બેંક ખાતા માજ જમા થતા હોય ત્યારે આવી સ્થિતિ માં આ કારમી મોંઘવારી માં માધ્યમ ગરીબ વર્ગના વ્યક્તિઓ માટે ભારે મુશ્કેલી ઉભી થાય છે માટે સરકાર ને ઓનલાઈન નું જે ભૂત સવાર થયું છે એમાં આમ આદમી પીસાઈ રહેલો જોવા મળે છે ત્યારે આવા સંજોગો માં સરકારે પહેલા બેન્કો ની તકલીફ દૂર કરવી જરૂરી છે.

નર્મદા જિલ્લામાં ભાજપ પ્રમુખની વરણી મુદ્દે કાર્યકર્તાઓમાં જૂથવાદ : સાંસદ મનસુખભાઈ વસાવાએ પણ આપ્યું નિવેદન

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખની વરણી મામલે હાલ કાર્યકરો બે અલગ અલગ જૂથમાં વેહેચાઈ ગયા હોય તેમ લાગી રહ્યું છે.એક જૂથ નવા ચેહરાને તક આપવાની માંગ કરી રહ્યું છે તો બીજું એક જૂથ સમય આવ્યે પોતાના પત્તા ખોલવાના મૂળમાં છે. આ તમામની વચ્ચે નર્મદા જિલ્લા ભાજપ ઉપપ્રમુખ અશોક પટેલની એક ઓડિયો કલીપ સોસીયલ મીડિયામાં વાયરલ થઈ હતી. જેમાં એમણે ભાજપના કોઈ પણ હોદેદારનું નામ લીધા વિના એમની પર ભ્રષ્ટાચાર ના ગંભીર આક્ષેપો લગાવ્યા હતા. આ ઓડિયો કલીપ વાયરલ થયા બાદ નર્મદા



જિલ્લા ભાજપમાં જાણે ભૂકંપ આવ્યો છે.ત્યારે આ મામલે ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવાએ પણ પ્રહાર કર્યા જેમાં જણાવ્યું કે જે લોકો નેગેટિવ વિચાર ધારા ધરાવે છે,જે લોકોએ સંગઠનમાં કામ નથી કર્યું, અત્યાર સુધી જેમણે પક્ષ વિરુદ્ધ કામ કર્યું છે, પાર્ટીને નુકશાન પહોચાડ્યું છે એવા લોકો આવુ નિવેદન આપે છે.જે લોકોએ અત્યાર સુધી ભ્રષ્ટાચાર કરી કોન્ટ્રાકટના મોટા મોટા કામો કર્યા છે એવા લોકો અશોક પટેલ સાથે છે અને પડદા પાછળ રહી ભૂમિકા ભજવે છે.જો ભ્રષ્ટાચાર ના અશોક પટેલ પાસે પુરાવા હોય તો અમને આપે એમ સાંસદે સ્પષ્ટ જણાવ્યું હતું.

અત્રે એ ઉલ્લેખનીય છે કે નર્મદા જિલ્લા ભાજપના ઉપપ્રમુખ અશોક પટેલની ઓડિયો કલીપ વાયરલ થયાની ઘટના બાદ જિલ્લા ભાજપમાં જૂથવાદ વકર્યો હોવાની વાત સ્પષ્ટ લાગી રહી છે અને આ અંગે ભાજપ ના નાંદોદ તાલુકા પ્રમુખ અરવિંદ પટેલે પણ સ્વીકાર્યું છે કે નર્મદા જિલ્લા ભાજપ માં જૂથવાદ વકર્યો છે.ત્યારે આ જૂથવાદ ભાજપ માટે હાલ તો ચિંતા નો વિષય કહી શકાય એમ લાગી રહ્યું છે.

સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ દ્વારા બાયોમેટ્રીક હાજરી સીસ્ટમનો બહિષ્કાર

આજથી બાયોમેટ્રિક હાજરીનો ફરજીયાત અમલ શરૂ કરાયો : યુનિયને વિરોધ નોંધાવતા કર્મચારીઓએ બાયોમેટ્રીક હાજરી પુરાવી નહીં

સુરત

મ્યુનિસિપાલિટીમાં ચાલતા હાજરી કૌભાંડ અટકાવવા માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા ૧૫ ફેબ્રુઆરી (આજ)થી બાયોમેટ્રીક હાજરી ફરજયાત કરવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ અગાઉની જેમ ફરી એક વાર યુનિયનોએ ભેગા મળીને મ્યુનિસિપાલિટીના કેમ્પસમાં જ સભા કરીને બાયોમેટ્રીક હાજરીનો બહિષ્કાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આજથી કર્મચારીઓએ બાયોમેટ્રીક હાજરીનો બહિષ્કાર કર્યો છે.સાથે જ સ્ટેન્ડિંગની સમિતીમાં આ મામલે ચર્ચા કરવાની માંગ કર્મચારી યુનિયને કરી હતી.

હાજરી પુરાવીને કર્મચારીઓ જતાં રહેતા હોવાની ગંભીર ફરિયાદ બાદ મ્યુનિસિપલ કમિશનરે તમામ કર્મચારીઓ માટે બાયોમેટ્રીક હાજરી ફરજયાત કરી છે. અગાઉ જ્યારે નિર્ણય લેવાયો હતો ત્યારે કેટલાક યુનિયનોએ વિરોધ કર્યો હતો. હવે આજથી ૧૫ ફેબ્રુઆરીથી ફરી એક વાર બાયોમેટ્રીક હાજરી ફરજયાત થવા જઈ રહી છે ત્યારે ગત મોડી સાંજે મ્યુનિ. કેમ્પસમાં જ કર્મચારી મંડળના હોદેદારો, કર્મચારીઓએ ભેગા થઈને બાયોમેટ્રીક હાજરીનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી હતી. આજથી કોઈ પણ બાયોમેટ્રીક હાજરી નહીં પુરે તેવા મેસેજ અધિકારી-કર્મચારીઓના વોટ્સ અપ ગ્રુપમાં ફરતાં કરીને કમિશનરનો નિર્ણય પરત ખેંચાવવા માંગ કરાઈ હતી. એસએમસીના રમીલાબેન નામના કર્મચારીએ જણાવ્યું હતું કે, બાયોમેટ્રીકની અગાઉ બે વાર દરખાસ્ત આવી ત્યારે અમારા યુનિયનના પ્રમુખે કમિશનર સાથે ચર્ચા કરીને નિર્ણય પાછો ઠેલાવ્યો હતો. પરંતુ આજથી આ નિયમ લાગુ કરી દેવામાં આવ્યો છે. જેનો અમે વિરોધ કર્યો છે. બાયોમેટ્રિકમાં અનેક ખામીઓ રહેલી છે. જેથી બહાર ગામથી આવતાં કર્મચારીઓને હેરાનગતિ થાય છે. ૨૨ હજાર કર્મચારીઓ એસએમસીમાં સેવા આપે છે. તમામ માટે આ બોયોમેટ્રીક સિસ્ટમ સમજી સકાય તેવી સુલભ ન હોય તેવી પણ રજૂઆત કરવામાં આવી હતી.